શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત

મુમુક્ષુ જીવને એટલે વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં

આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર 'ધર્મ' કહે છે આત્મપરિણામની કંઈપણ ચપળ પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર 'કર્મ' કહે છે

નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે, અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસરહિત,
જેથી કેવળ પામિયે, મોક્ષપથ તે રીત.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકલ માર્ગ નિર્ગ્રંથ

નય અનંતા છે, એકેકા પદાર્થમા અનંત ગુણધર્મ છે, તેમાં અનંતા નય પરિણમે છે; તો એક અથવા બે ચાર નયપૂર્વક બોલી શકાય એવું ક્યાં છે? માટે નયાદિકમાં સમતાવાન રહેવું; જ્ઞાનીઓની વાણી 'નય'મા ઉદાસીન વર્તે છે, તે વાણીને નમસ્કાર હો!

મુદ્રક : જયંતિલાલ ઘેલાભાઈ દલાલ
વસંત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા, અમદાવાદ.

પ્રસ્તાવના

મહાવીર નિર્વાણને અઢી હજાર વર્ષ પૂરાં થવા આવ્યા
આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે આ અવસર્પિણી કાળના અંતિમ
તીર્થંકર શ્રી મહાવીરસ્વામી આ પવિત્ર ભારતભૂમિ પર
પોતાના દિવ્ય જ્ઞાનથી અદ્‌ભુત ઉપદેશ કરતા વિચરતા હતા
તે વખતે ગણધરોએ દ્વાદશાંગી રચી અને ૧૪ પૂર્વ રચવામા
આવ્યાં, તેનો ૧૨મા દૃષ્ટિવાદ અંગમા સમાવેશ કરવામાં
આવ્યો હતો.

મહાવીર નિર્વાણ પછી ૬૨ વર્ષ સુધી ૩ કેવલી થયા
એ ૬૨ વર્ષ દરમિયાન મગધદેશ ઘણો સમૃદ્ધ હતો
મગધ સામ્રાજ્ય સમસ્ત ભારતમા છેક દક્ષિણ સુધી
પામ્યું હતું ત્યાર બાદ ૧૦૦ વર્ષમા ૧૪ પૂર્વ
અંગના જ્ઞાતા એવા ૫ શ્રુત કેવલી અનુક્રમે થયા
વર્ષ દરમિયાન નંદવંશના પરાક્રમી રાજાઓએ મ
જ્યને વ્યવસ્થિત અને સ્થિર બનાવ્યું ત્યાર
નામના બુદ્ધિમાન બ્રાહ્મણે નંદવંશનો નાશ
પુત્ર ચંદ્રગુપ્તને ગાદી અપાવી. એમ મૌર્યવંશ
લગભગ ૧૫૦ વર્ષ ચાલુ રહ્યો હતો.

તે વખતે શ્રી સ્થૂલીભદ્રના શિક્ષાગુરુ ૫ મા
શ્રી ભદ્રબાહુસ્વામી થયા, ઉપર જણાવેલ મહા
ચંદ્રગુપ્ત તેમના ભક્ત હતા તેમને ૧૪ અથવા
આવ્યા તે પરથી વૈરાગ્ય પામી પોતાના પુત્ર

રાજ્ય સોંપી તેમણે દીક્ષા ગ્રહણ કરી પ્રભાચંદ્ર નામ ધારણ કર્યું શ્રી ભદ્રબાહુસ્વામીના દિવ્યજ્ઞાનમાં દ્દશવર્ષી દુષ્કાળની આગાહી થતાં તેમણે સમાધિ સાધવા માટે પ્રભાચંદ્ર અને બીજા થોડા મુનિઓ સહિત દક્ષિણ તરફ પ્રયાણ કર્યું અને મ્હૈસુર નજીક કટવપ્રની ટેકરી (ચંદ્રગિરિ) પર ગુફામાં નિવાસ કર્યો ત્યાં એકાદ વર્ષમાં શ્રી ભદ્રબાહુસ્વામી કાળધર્મ પામ્યા પછી ૧૨ વર્ષ શ્રી પ્રભાચંદ્રમુનિએ ત્યાં જ રહી સમાધિ સાધી.

બિંદુસાર પછી તેનો પુત્ર અશોક સમ્રાટ થયો તેણે બૌદ્ધધર્મ સ્વીકાર્યો તે વખતે ભારતવર્ષને આજુબાજુના દેશો સાથે મૈત્રીભર્યો સારો સંબંધ હતો અશોકે ઉત્તરાવસ્થામાં પોતાના પૌત્ર સંપ્રતિ–પ્રિયદર્શીનો રાજ્યાભિષેક કરી પોતાનું જીવન બૌદ્ધધર્મના પ્રચારમાં વ્યતીત કર્યું બૌદ્ધસાધુઓને હિન્દ બહાર આજુબાજુના દેશોમાં મોકલવામાં આવ્યા તેમાં અશોકે ઘણું ધન દાનરૂપે આપ્યું એ રીતે બૌદ્ધધર્મ બ્રહ્મદેશ, ચીન, વગેરે દેશોમાં પણ પ્રચાર પામ્યો

સંપ્રતિ અથવા પ્રિયદર્શી હિંદુસ્તાનનો સૌથી મહાન સમ્રાટ થયો તેણે આદર્શ રીતે દીર્ઘકાળ (ઈ સ પૂર્વે ૨૮૯ થી ૨૩૪ સુધી–૫૪ વર્ષ) રાજ્ય કર્યું તે જૈન છતાં સર્વ ધર્મનું સન્માન કરનારો હતો તેણે મહાપુરુષોના કલ્યાણક સ્થાને સ્મારકો કરાવ્યા અને જિનમંદિરો બંધાવી લાખો પ્રતિમાઓ પધરાવી દક્ષિણમાં પોતાના દાદાના દાદા ચંદ્રગુપ્ત અને તેમના ગુરુના સમાધિસ્થાને મહાન સ્મારકો કરાવ્યા. પછી પોતાની અંતિમ અવસ્થામાં આર્યસુહસ્તી આચાર્ય સહિત મોટા રસાલા સાથે તે સમાધિની યાત્રા કરી

કરી, તેને પાહુડ-પ્રાભૃત નામ આપ્યું. એમ ૮૪ પાહુડ રચેલા કહેવાય છે ગાથાની રચના માગધીને મળતી પ્રાકૃત ભાષા જે તે વખતે જૈનમુનિઓમા પ્રચલિત હતી, તેમા કરેલ છે તેથી સહેલાઈથી સમજી શકાય છે

બોધપાહુડની ગાથા ૬૧ માં ભદ્રબાહુસ્વામીના શિષ્ય વિશાખાચાર્યની પરંપરાથી મળેલુ જ્ઞાન પ્રાભૃતોમા અવતાર્યું છે, એમ કહી ૬૨મી ગાથામાં ૧૨ અંગ અને ૧૪ પૂર્વના ધારક શ્રુતજ્ઞાની ભદ્રબાહુ ભગવાનનો પરંપરા ગુરૂ તરીકે જયવાદ ગાયો છે સમયસારની અને નિયમસારની પ્રથમ ગાથામા પણ શ્રુતકેવલીનું કહેલું કહું છું એમ કહ્યું છે અને સમયસાર સિવાયના લગભગ દરેક ગ્રંથની આદિમાં મંગલ કરતા મહાવીરને નમસ્કાર કર્યા છે તેમ જ 'જિન કહે છે,' 'કેવલી કહે છે' એમ અનેક ગાથામા આવે છે

તેમના વખતમા મુનિઓમાં મુખ્યત્વે જિનલિંગ છતા વિવિધ વેષ પણ હતા અને વેષ વગેરેને જ ધર્મ માનવારૂપ અજ્ઞાન પ્રવર્તતું હતુ એમ સમયસારની છેવટની ગાથાઓ જોતાં જણાય છે. કુંદકુંદાચાર્યે જૈનતત્ત્વજ્ઞાનનો પ્રકાશ કરી કડક આચાર પ્રવર્તાવવા જિનલિંગનું મુખ્યપણુ સ્વીકાર્યું તે તે વખતની દક્ષિણ ભારતની સ્થિતિને અનુકૂળ હતુ. તેમના શિષ્ય કુંદકીર્તિ વગેરેએ તદનુસાર જુદા જુદા સંઘોની સ્થાપના કરી જૈનધર્મનો ઘણો પ્રચાર કર્યો અત્યારે દક્ષિણના છમાંથી પાંચ સંઘ શ્રી કુંદકુંદાચાર્યથી પોતાની આચાર્ય-પરંપરા ગણાવે છે

શ્રી કુંદકુંદાચાર્યના મુખ્ય ગ્રંથો સમયસાર, પંચાસ્તિ-કાય અને પ્રવચનસાર એ ત્રણ અનુક્રમે સમ્યગ્દર્શન, સમ્ય-

પ્રકાશકનું નિવેદન

“ હ્યો આ ગ્રંથ અને સ્વાધ્યાય કરો ” એટલું જ આ થ-પ્રકાશનનું પ્રયોજન નથી પરંતુ વિદ્વજ્જન-વલ્લભ શ્રી મયસારમાં જે મોક્ષમાર્ગનો પ્રકાશ શ્રી કુંદકુંદાચાર્યજીએ ર્યો છે તેનો મર્મ સમજી મનુષ્યભવની સફળતા કરવાનો ત્પુરુષાર્થ જગાડવાનું પ્રયોજન છે

શ્રી મોક્ષમાળામાં “ તત્ત્વ સમજવું ” એ વિષે લખતાં ીમદ્ રાજચંદ્ર સૂચવે છે “શાસ્ત્રોનાં શાસ્ત્રો મુખપાઠે હોય એવા રુષો ઘણા મળી શકે. પરંતુ જેણે થોડાં વચનો પર પ્રૌઢ ને વિવેકપૂર્વક વિચાર કરી શાસ્ત્ર જેટલું જ્ઞાન હૃદયગત ર્યું હોય તેવા મળવા દુર્લભ છે તત્ત્વને પહોંચી જવું એ ઈ નાની વાત નથી, કૂદીને દરિયો ઓળંગી જવો છે”

માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોના એકેક ાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ સમાયા હોય છે, ે સમજવાને માટે પ્રથમ તૈયારી વૈરાગ્ય-ઉપશમની જોઈએ. ે વિષે જણાવતાં શ્રીમદ્ રાજચંદ્ર (પત્ર ૨૫૨માં) લખે ઃ “ જૈન ગ્રંથો હાલ વાંચવાની ઈચ્છા થાય તો તે નિવૃત્ત રવા યોગ્ય છે. કારણ કે તે (જૈનસૂત્રો) વાંચવા, સમજ-ામાં વધારે યોગ્યપણું હોવું જોઈએ ને વિના યથાર્થ ફળની ાપ્તિ હોતી નથી ”

પ્રથમાનુયોગ (કથાનુયોગ) ચરણાનુયોગ અને ગણિતા-નુયોગ (કરણાનુયોગ)માં નિરૂપણ થયેલ. અને દ્રવ્યાનુયોગમાં

તેના દુરાગ્રહને શાસ્ત્રકારે નિષેધ્યો છે જે વ્યવહારનું ફળ ચાર ગતિ થાય તે વ્યવહારહેતુ કહી શકાય અથવા જે વ્યવહારથી આત્માની વિભાવદશા જવાયોગ્ય ન થાય તે વ્યવહારને વ્યવહારહેતુ વ્યવહાર કહેવાય, એનો શાસ્ત્રકારે નિષેધ કર્યો છે. તે પણ એકાન્તે નહીં. કેવળ દુરાગ્રહથી અથવા તેમા જ મોક્ષમાર્ગ માનનારને એ નિષેધથી સાચા વ્યવહાર ઉપર લાવવા કર્યો છે, અને પરમાર્થહેતુમૂળ વ્યવહાર શમ સંવેગ. નિર્વેદ આસ્થા અથવા સદ્ગુરુ, સત્શાસ્ત્ર અને મનવચનાદિ સમિતિ તથા ગુપ્તિ તેનો નિષેધ કર્યો નથી, અને તેનો નિષેધ કરવા યોગ્ય હોય તો શાસ્ત્રો ઉપદેશીને બાકી શું સમજાવવા જેવું રહેવું હતું. કે શું સાધનો કરાવવાનું જણાવવુ બાકી રહેતું હતુ કે શાસ્ત્રો ઉપદેશ્યા ? અર્થાત તેવા સાચા વ્યવહારથી પરમાર્થ પમાય છે અને અવશ્ય જીવે તેવો વ્યવહાર ગ્રહણ કરવો કે જેથી પરમાર્થ પામશે એવો શાસ્ત્રોના આશય છે. શુષ્ક અધ્યાત્મી અથવા તેના પ્રસંગી તે આશય સમજ્યા વિના તે વ્યવહારને ઉત્થાપી પોતાને તથા પરને દુર્લભબોધીપણું કરે છે

શમ સંવેગાદિ ગુણો ઉત્પન્ન થયે અથવા વૈરાગ્યવિશેષ નિષ્પક્ષપાતતા થયે. કષાયાદિ પાતળા પડયે. અથવા કંઈ પણ પ્રજ્ઞાવિશેષથી સમજવાની યોગ્યતા થયે જે સદ્ગુરુગમે સમજવા યોગ્ય અધ્યાત્મગ્રંથો ત્યાંથી પણ કરી ગ્રન્થ જેવા છે તે પોતાની કલ્પનાએ જેમ તેમ વાંચી લઈ નિર્ધારી લઈ, તેવો અંતર્ભેદ થયા વિના, વૈરાગ્ય, દયા કર્યા વિના, વિભાવ ગયા વિના, પોતાને સિદ્ધ સમ માને છે અને ક્રિયા

યોગ વિના મોક્ષપ્રાપ્તિની અભિલાષા છતાં, જીવને શુષ્ક જ્ઞાનીપણુ કે ક્રિયાજડત્વ પ્રાપ્ત થાય છે. તે જોઇને જ્ઞાની પુરુષોને કરુણા ઉપજે છે

'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો કરુણા ઊપજે જોઈ."

શ્રીમદ રાજચંદ્ર

મોક્ષમાર્ગની યોગ્યતા આવવા માટે ઉપદેશ બોધની પ્રથમ જરૂર છે તે વિષે શ્રીમદ રાજચંદ્ર પત્રાંક ૫૦૦ માં લખે છે "શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ કર્યું છે તે જ્ઞાન બે પ્રકારમાં વિચારવાયોગ્ય છે એક 'ઉપદેશ'નો અને બીજો પ્રકાર 'સિદ્ધાંત'નો છે 'જન્મમરણાદિ ક્લેશવાળા આ સંસારને ત્યાગવો ઘટે છે. અનિત્ય પદાર્થમાં વિવેકીને રુચિ કરવી હોય નહીં. માતપિતા, સ્વજનાદિક સર્વનો 'સ્વાર્થરૂપ' સંબંધ છતાં આ જીવ તેનો આશ્રય કર્યા કરે છે. એજ તેનો અવિવેક છે. પ્રત્યક્ષ રીતે ત્રિવિધ તાપરૂપ આ સંસાર જણાતાં છતાં મૂર્ખ એવો જીવ તેમાંજ વિશ્રાંતિ ઇચ્છે છે. પરિગ્રહ, આરંભ અને સંગ એ સૌ અનર્થના હેતુ છે' એ આદિ જે શિક્ષા છે તે 'ઉપદેશજ્ઞાન' છે. 'આત્માનું હોવાપણું નિત્યપણું એકપણું અથવા અનેકપણું, બંધાદિ ભાવ, મોક્ષ, આત્માની સર્વ પ્રકારની અવસ્થા, પદાર્થ અને તેની અવસ્થા' એ આદિને દૃષ્ટાંતાદિથી કરી જે પ્રકારે સિદ્ધ કર્યાં હોય છે તે 'સિદ્ધાંતજ્ઞાન' છે."

'[illegible] બે પ્રકારથી જ્ઞાની પુરુષોએ, [illegible] તે [illegible] તો

ચક્ષુને વિષે જેટલી ઝાંખપ છે, તેટલો ઝાંખો પદાર્થ તે દેખે છે, અને જો અત્યંત બળવાન પડળ હોય તો તેને સમૂળગો પદાર્થ દેખાતો નથી, તેમ જેને ચક્ષુનું યથાવત્ સંપૂર્ણ તેજ છે તે, પદાર્થને પણ યથાયોગ્ય દેખે છે. તેમ જે જીવને વિષે ગાઢ વિપર્યાસ બુદ્ધિ છે, તેને તો કોઈ રીતે સિદ્ધાન્તબોધ વિચારમાં આવી શકે નહીં. જેની વિપર્યાસબુદ્ધિ મંદ થઈ છે તેને તે પ્રમાણમાં સિદ્ધાન્તનું અવગાહન થાય. અને જેણે તે વિપર્યાસબુદ્ધિ વિશેષપણે ક્ષીણ કરી છે એવા જીવને વિશેષપણે સિદ્ધાન્તનું અવગાહન થાય.

ગૃહકુટુંબ પરિગ્રહાદિભાવને વિષે જે અહંતા મમતા છે અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ 'વિપર્યાસબુદ્ધિ' છે અને અહંતા મમતા તથા કષાય જ્યાં વૈરાગ્ય ઉપશમ ઉદ્ભવે છે ત્યાં મંદ પડે છે. અનુક્રમે નાશ પામવાયોગ્ય થાય છે. ગૃહકુટુંબાદિ ભાવને વિષે અનાસક્ત બુદ્ધિ થવી તે 'વૈરાગ્ય' છે. અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિનિમિત્તે ઉત્પન્ન થનારો એવો જે કષાયક્લેશ તેનું મંદ થવું તે 'ઉપશમ' છે એટલે તે બે ગુણ વિપર્યાસબુદ્ધિને પર્યાયાંતર કરી સદ્બુદ્ધિ કરે છે, અને તે સદ્બુદ્ધિ જીવાજીવાદિ પદાર્થની વ્યવસ્થા જેથી જણાય છે એવા સિદ્ધાન્તની વિચારણા કરવાયોગ્ય થાય છે કેમકે ચક્ષુને પડલાદિ અંતરાય મટવાથી જેમ પદાર્થ યથાવત્ દેખાય છે, તેમ અહંતાદિ પડલનું મંદપણું થવાથી જીવને જ્ઞાનીપુરુષે કહેલા, એવા સિદ્ધાન્તભાવ અને આત્મભાવ વિચારચક્ષુને દેખાવાયોગ્ય થાય છે. જ્યાં વૈરાગ્ય ઉપશમ બળવાન છે, ત્યાં વિવેક બળવાનપણે હોય છે. જ્યાં વૈરાગ્ય ઉપશમ બળવાન નથી ત્યાં વિવેક બળવાન હોય

સંભવ ક્યારે પણ થઈ શક્યો નથી, વર્તમાનમા થતો નથી, અને ભવિષ્યમા થશે નહી " પત્રાંક ૫૦૬ શ્રીમદ્ રાજચંદ્ર

એક વધારે અગત્યની અને અધ્યાત્મ ગ્રંથના અભ્યાસીઓ માટે શ્રીમદ્ રાજચંદ્ર નીચે જણાવે છે તે લક્ષમા લેવા યોગ્ય છે "આત્માને ભિન્ન ભિન્ન પ્રકારની કલ્પના વડે વિચારવામા લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગ એ કારણો છે, જે કારણોમા ઉદાસીન થયા વિના, નિઃસત્ત્વ એવી લોકસંબંધી જપતપાદિ ક્રિયામા સાક્ષાત મોક્ષ નથી, પરંપરા મોક્ષ નથી, એમ માન્યા વિના નિઃસત્ત્વ એવા અસત્શાસ્ત્ર અને અસદ્ગુરુ જે આત્મસ્વરૂપને આવરણના મુખ્ય કારણો છે તેને સાક્ષાત આત્મઘાતી જાણ્યા વિના જીવને જીવના સ્વરૂપનો નિશ્ચય થવો બહુ દુર્લભ છે, અત્યંત દુર્લભ છે. જ્ઞાની પુરુષના પ્રગટ આત્મસ્વરૂપને કહેતા એવા વચનો પણ તે કારણોને લીધે જીવને સ્વરૂપનો વિચાર કરવાને બળવાન થતા નથી

હવે એવો નિર્ણય કરવો પડે છે કે જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે પ્રગટ છે તે પુરુષ વિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવા યોગ્ય નથી અને તે પુરુષથી આત્મા જાણ્યા વિના બીજો કોઈ કલ્યાણનો ઉપાય નથી તે પુરુષથી આત્મા જાણ્યા વિના આત્મા જાણ્યો છે એમ કલ્પના મુમુક્ષુ જીવે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે

સતત સેવા આપી હતી, તેમજ સમયસારનો આ સંક્ષિપ્ત અનુવાદ પ્રસિદ્ધિ પામે એમ જેની અંતરની ભાવના હતી તેવા ધર્માત્માની સેવાના સ્મરણાર્થે સદ્ગત શેઠશ્રી જેસીંગભાઈ ઉજમસીભાઈનો ચિત્રપટ આમાં મૂકવામાં આવ્યો છે

આ ગ્રંથ મુમુક્ષુ બંધુઓને ઓછી કિંમતે પ્રાપ્ત થાય તે માટે સત્જિજ્ઞાસુ પવિત્રાત્મા આર્ય ભાઈશ્રી શાંતિલાલ મંગળદાસે રૂા. ૫૫૧) આશ્રમના જ્ઞાનખાતામાં ભેટ આપીને તેમનો જ્ઞાન પ્રભાવના આદિ સત્કાર્યો પ્રત્યેનો પ્રેમ પ્રદર્શિત કર્યો છે, જે સ્તુત્ય છે

પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રની કૃપાથી અને અથાગ પુરુષાર્થથી મુનિવર શ્રીમદ્ લઘુરાજ સ્વામીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ તે મહદ્ ઉપકારના સ્મરણાર્થે આ આશ્રમનું નામ તેઓશ્રીએ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ રાખ્યું છે તેઓશ્રીની હયાતિમાં અનેક ગ્રંથોનો સ્વાધ્યાય થતો હતો તેમાં અવાર-નવાર શ્રી સમયસારનો સ્વાધ્યાય પણ થતો તેઓશ્રીએ સંસ્કૃત પાઠશાળા સ્થાપેલી તેમાં ભણનારમાંથી એક વૈરાગ્ય વિભૂષિત સત્શીલસંપન્ન શ્રી સાકરબેને આ અનુવાદ લખી સ્વાધ્યાય અને પાઠશાળાની સફળતા કરી છે અનુવાદને વિદ્વદ્ભોગ્ય બનાવવા પ્રકાશન સમિતિએ પ્રેમપરિશ્રમ ઉઠાવ્યો છે તેમ છતાં કંઈ ત્રુટિઓ વિદ્વદ્વર્ગને જણાય તો તે જણાવવા વિનતિ છે, જેથી ફરીની આવૃત્તિમાં સુધારો થઈ શકે

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સ્ટેશન, અગાસ સં. ૨૦૦૯ના માર્ગશીર્ષ વદ ૧૦ તા. ૧૧-૧૨-૧૯૫૨	લિ૰ અધ્યાત્મપ્રેમી બ્ર૦ ગોવર્ધનદાસ

વિષયાનુક્રમણિકા

(સામાન્ય તથા ગાથાવાર)

[illegible]

૨ કર્તાકર્મ અધિકાર

અજ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિ છે તે ભેદજ્ઞાનથી દૂર થાય છે [illegible]

ગાથા [૬૯–૭૦] જ્યાં સુધી આત્મા અને આસ્રવ બન્નેનો ભેદ ન જાણે ત્યાં સુધી અજ્ઞાની [illegible] ક્રોધાદિમાં વર્તે [illegible] કર્મ બાંધે [૭૧–૭૨] પરંતુ ભેદજ્ઞાન થતાં આત્માને [illegible] અને આસ્રવોને અશુચિ વિપરીત દુઃખકારણ જાણે ત્યારે ક્રોધાદિમાં ન વર્તે તેથી કર્મ ન બાંધે [૭૩] જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્માનો [illegible] [૭૪] ક્રોધાદિ આસ્રવરૂપ અશુદ્ધાત્મા અને જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્માનો વિવેક એ જ્ઞાન અને આસ્રવનિરોધનું સમકાલપણું છે

તે ભેદને જ્ઞાની કેવી રીતે જાણે છે? ૭[illegible]

ગાથા [૭૫] કર્મ–નોકર્મના પરિણામને [illegible] કરતો નથી. [૭૬–૭૮] જ્ઞાની સ્વપર પર્યાયને જાણે પણ પરરૂપ પરિણમે નહિ.



બાંધીને–પરાધીન કરીને સંસારમાં ફેરવે છે તેથી કર્મ સ્વયં બંધન છે [૧૬૧–૧૬૩] કર્મ મોક્ષહેતુને આવરણ કરે છે એમ જિનવરોએ કહ્યું છે

૪ આસ્રવ અધિકાર






શ્રીમદ્ સદ્ગુરવે નમોનમ

શ્રીમત્કુંદકુંદાચાર્યવિરચિત

શ્રી સમયસાર

(સરળ સંક્ષિપ્ત અનુવાદ)

૧. જીવાજીવ અધિકાર



અનુષ્ટુપ

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावांतरच्छिदे ॥१॥

સમયસાર–શુદ્ધાત્મા–ને મારા નમસ્કાર હો તે શુદ્ધાત્મા કેવો છે? (૧) ભાવ–સત્તા સ્વરૂપ છે, (૨) ચેતના સ્વભાવવાળો છે, (૩) સ્વાનુભૂતિથી પ્રકાશે છે, એટલે પોતાથી પોતાને પ્રત્યક્ષપણે જાણે છે અને (૪) પોતાથી ભિન્ન સર્વ જીવ–અજીવ ચરાચર પદાર્થોને તેના ત્રણે કાળના ગુણપર્યાય સહિત એક સમયે જાણે છે

નાસ્તિક આત્માનો અભાવ માને છે, નૈયાયિક આત્માને નિર્ગુણ માને છે, જૈમિનીય જ્ઞાનને સર્વથા પરોક્ષ માને છે અને મીમાંસક સર્વજ્ઞનો અભાવ માને છે. તે સર્વનું સમયસારનાં આ ચાર વિશેષણો વડે નિરાકરણ થાય છે. (કલશ ૧)

આ અધ્યાત્મગ્રંથ હોવાથી [illegible] જિન [illegible] વીતરાગ શુદ્ધાત્મા [illegible] તેની [illegible] પ્રથમ કલશમાં સમયસાર શુદ્ધાત્માને નમસ્કાર કર્યા છે. હવે બીજા કલશમાં સમ્યગ્જ્ઞાનનો જયગાન ગાય છે, કારણ કે આ વિશ્વરૂપી રંગભૂમિમાં જીવ અને પુદ્ગલ અનેક વેશ ધારણ કરીને અનેક નાટક કરી રહ્યાં છે, તેને જોનાર પ્રેક્ષક અજ્ઞાની તેમજ જ્ઞાની બન્ને છે, અજ્ઞાની તે વેશને સાચા માનીને સંસારરૂપી નાટકમાં મોહ પામે છે, પરંતુ જે સમ્યગ્જ્ઞાની છે, તે દ્રવ્યના ખરા સ્વરૂપને ઓળખાવી દે છે અને એ રીતે સ્વપર-મોહનો નાશ કરે છે તેથી સમ્યગ્જ્ઞાનનો દરેક અધિકારના આરંભકલશમાં જયનાદ ગાયો છે -

અનુષ્ટુપ

अनंतधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः ।
अनेकांतमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ॥२॥

જેમા અનેક અંત-ધર્મ છે એવું અનંત ભાવથી ભરેલુ જે જ્ઞાન તથા સ્યાદ્‌વાદયુક્ત જે વચન તેની મૂર્તિ-સરસ્વતી-સર્વજ્ઞની વાણી અથવા તેને આધારે રહેલુ જે સમ્યગ્જ્ઞાન તે સદા જયવંત વર્તો તે સમ્યગ્જ્ઞાન અનંત ધર્મથી યુક્ત એવા આત્મતત્ત્વને પ્રત્યગ્-પરદ્રવ્યથી અને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન, તેમજ પરદ્રવ્યના નિમિત્તે થતા આત્માના વિકારોથી કથંચિત્ ભિન્ન-જુએ છે અર્થાત્ સમ્યગ્જ્ઞાન આત્માને દ્રવ્ય-કર્મ, નોકર્મ અને ભાવકર્મથી રહિત અને પોતાના અનંત ગુણો સહિત જુએ છે તેવું જ્ઞાન નિરંતર પ્રકાશો. (કલશ ૨)

ત્રીજા કલશમાં શ્રી અમૃતચંદ્ર આચાર્ય સમયસાર-ગ્રંથની ભાષાટીકા કરવાના ફળને વિચારે છે—

માલિની

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः ।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूते ॥३॥

નિશ્ચયથી શુદ્ધચૈતન્યમૂર્તિ એવું જે મારું સ્વરૂપ તેની જે અનુભવરૂપ પરિણતિ છે, તે વિભાવ પરિણતિનું કારણ એવા મોહ નામના કર્મના ઉદયથી નિરંતર અનુભવાતા રાગદ્વેષાદિ ભાવો સાથે વ્યાપીને કલ્માષિત–મલિન થઈ રહી છે, તેની આ સમયસારગ્રંથની વ્યાખ્યા કરવાથી પરમ વિશુદ્ધિ થાઓ. (કલશ ૩)

હવે શ્રી કુંદકુંદ આચાર્ય પ્રથમ મંગલસૂત્ર કહે છે—

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गइं पत्ते ।
वोच्छामि समयपाहुडमिणमो सुयकेवलीभणियं ॥१॥

છાયાનુવાદ — દોહરા

ધ્રુવ અવિચલ અનુપમ ગતિ–પ્રાપ્ત સર્વ જે સિદ્ધ:
વંદી કહું શ્રુતધર–કથિત, શ્રી સમયસાર પ્રસિદ્ધ. ૧

પ્રથમ જ સ્વભાવભાવથી ઉત્પન્ન થયેલી હોવાથી ધ્રુવતાને અવલંબન કરનારી, અનાદિ પરભાવવશે થયેલ ચાર ગતિરૂપ પરિભ્રમણનો અંત આવવાથી અવિચલપણાને ધારણ કરનારી અને સંસારની કોઈ પણ ઉપમાથી વિલક્ષણ હોવાથી અનુપમ એવી જે સિદ્ધગતિ તેને પ્રાપ્ત થયેલા સર્વ અનંત સિદ્ધના સમૂહ કે જે સિદ્ધપણાથી સાધ્યરૂપ શુદ્ધાત્માના દર્પણસમા સાક્ષાત્ આદર્શભૂત છે, તે સર્વ સિદ્ધોને વંદીને–

અર્થાત્ કેવળજ્ઞાન અને આત્મસ્વભાવની [illegible]
સ્વરૂપને જણાવનાર આત્માગમ [illegible]
જે શ્રુતજ્ઞાન તેને પ્રમાણ, [illegible]
આગમમાં કહ્યું છે તદનુસાર [illegible] પ્રમાણ [illegible]
તેમજ અર્હત ભગવાનના [illegible]
શ્રી [illegible] તેને [illegible] નાશ [illegible]
માટે કહું છું એમ શ્રી કુંદકુંદ આચાર્ય [illegible] આત્માના
અનુભવરૂપ ભાવવાણી અને શબ્દરૂપ દ્રવ્યવાણીથી ગ્રંથનું
વ્યાખ્યાન શરૂ કરે છે

સમય તે શું ? તેના ઉત્તરમાં કહે છે—

जीवो चरित्तदंसणणाणट्ठिउ तं हि ससमयं जाण ।
पुग्गलकम्मपदेसट्ठियं च तं जाण परसमयं ॥२॥

દર્શનજ્ઞાનચરિત્ર – સ્થિત, જીવ સ્વસમય વખાણ;
પુદ્ગલકર્મપ્રદેશ – સ્થિત, તે પરસમય જ જાણ. ૨

સમય એટલે આત્મા–જીવ તે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રમા પરિણમે ત્યારે સ્વસમય અને પુદ્ગલ કર્મોદયમાં એકમેક થઈને પરિણમે ત્યારે પરસમય તરીકે ઓળખાય છે, એમ જાણો તે આત્મા સદા (૧) ઉત્પાદવ્યયધ્રુવયુક્ત પોતાના પરિણામાત્મક સ્વભાવમા રહેલો હોવાથી સત્તાસહિત છે, (૨) ચૈતન્યસ્વરૂપ હોવાથી પ્રગટ જ્ઞાનદર્શનરૂપ નિર્મળ જ્યોતિવાળો છે, (૩) અનત ધર્મોથી યુક્ત એકધર્મી હોવાથી પ્રગટ દ્રવ્ય છે, (૪) સહવર્તી તે ગુણ અને ક્રમવર્તી તે પર્યાય તે બન્ને સ્વભાવવાળો હોવાથી ગુણપર્યાયાત્મક છે, (૫) સર્વ પદાર્થોને જાણતાં તે આકારે વિશ્વરૂપ થવા છતાં તે એકરૂપ છે, (૬) આકાશદ્રવ્ય અવગાહનામાં સહકાર કરે

છે, ધર્મદ્રવ્ય ગતિમાં સહકાર કરે છે, અધર્મદ્રવ્ય સ્થિતિમા સહકાર કરે છે, કાળદ્રવ્ય વર્તનામાં સહકાર કરે છે અને પુદ્‌ગલદ્રવ્ય રૂપી છે—એ દ્રવ્યોથી ભિન્ન સ્વભાવવાળા આત્માનુ અસાધારણ લક્ષણ ચૈતન્યસ્વભાવ છે આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને અનંત પુદ્‌ગલ તથા અન્ય અનંત જીવ એ છએ દ્રવ્યની વચ્ચે રહેવા છતા કયારેય કોઈ બીજા દ્રવ્યમા ભળી જતો નથી તેથી ટંકોત્કીર્ણ છે.

એવો જે જીવ પદાર્થ તે સમય છે. એક જ સમયે જાણે અને પરિણમે તે सम् अयति इति समयः। તે જ્યારે કેવલજ્ઞાનનું બીજ ભેદજ્ઞાન–વિવેકજ્યોતિ ઉત્પન્ન થતાં સર્વ પરદ્રવ્યથી નિવર્તીને દર્શનજ્ઞાનરૂપ પોતાના સ્વભાવમા એકત્વપણે વર્તે છે, ત્યારે દર્શનજ્ઞાનચારિત્રમા સ્થિત થવાથી સ્વઆત્માને એક સાથે જાણતો અને પરિણમતો સ્વસમય કહેવાય છે, અને જ્યારે અનાદિ અવિદ્યારૂપી લતાનુ મૂળ એવા મોહના ઉદયમા પોતાના દર્શનજ્ઞાનચારિત્ર–સ્વભાવથી ચ્યુત થઈને મોહરાગદ્વેષાદિ પરભાવમા એકત્વપણે વર્તે છે. ત્યારે પુદ્‌ગલકર્મપ્રદેશમા સ્થિત થવાથી પરને એકસાથે જાણતો અને પરિણમતો પરસમય કહેવાય છે. એમ સમયનું દ્વૈવિધ્ય પ્રગટ થાય છે

પરંતુ એવું દ્વૈવિધ્ય પીડાકારી છે—

एयत्तणिच्छयगओ समओ सव्वत्थ सुंदरो लोए।
बंधकहा एयत्ते तेण विसंवादिणी होई ॥३॥

સમય સર્વ એકત્વગત, સુંદર જગમાં જેય:
બંધકથા એકત્વમાં, વિસંવાદિની હોય ૩

સમય શબ્દ સામાન્યપણે દરેક દ્રવ્યને લાગુ પડે છે,

[illegible]

પરંતુ તે એકત્વગત આત્માની કથા સુલભ નથી—

सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ॥४॥

શ્રુત પરિચિત અનુભૂત છે [illegible] વાત:
કિંતુ ભિન્ન એકત્વની, કથા અલભ્ય, [illegible] ૪

મહા મોહરૂપ ગોઝારી સમસ્ત આ સારી જીવો પરાધીન થઈને, તૃષ્ણાની અતિશયતાથી મૃગતૃષ્ણા જેવા વિષયસમૂહને ગ્રહણ કરતા અને તે જ વિષયો સંબંધી પરસ્પર ઉપદેશ કરતા હોવાથી બંધનું કારણ એવી કામભોગની કથા તો સર્વત્ર સુલભ છે સર્વને તે સંબંધી અનંતવાર શ્રવણ, પરિચય ને અનુભવ થયેલ છે પરંતુ નિર્મલ વિવેકરૂપ પ્રકાશથી પ્રગટ થતું આત્માનું એકત્વ, જે હમેશા અંતરમાં પ્રગટ છતાં કષાયચક્રમા એકમેક થઈ જવાથી અત્યંત આચ્છાદિત

———

થઈ રહેલ છે-કારણ કે પોતાને આત્મજ્ઞાન નથી અને આત્મ-
જ્ઞાનીનો સંગ કરતો નથી-તે સ ળ ધી પૂર્વે કદાપિ શ્રવણ,
પરિચય અને અનુભવ થયેલ નથી તેથી તે એકત્વની કથા
સુલભ નથી. અર્થાત્ અલભ્ય અને મહત્વની છે

તેને જ દર્શાવવા કહે છે—

तं एयत्तविहत्त दाएहं अप्पणो सविहवेण ।
जदि दाएज्ज पमाणं चुक्किज्ज छलं ण वेतव्वं ॥५॥

કહું એકત્વવિભક્ત એ, આગમાદિ અનુકૂળ:
યથાર્થ તે નિર્ધારજો, ગ્રહણ મ કરજો ભૂલ. ૫

આત્મા શુદ્ધ સ્વરૂપમાં પરિણમે એવું એકત્વ અતિ
દુર્લભ છે માટે તે વિષે જ હું કહીશ અહિ કર્તા પોતાની
યોગ્યતા વિષે નિર્દેશ કરે છે, કે સર્વજ્ઞની વાણીની ઉપાસ-
નાથી, સમસ્ત કુતર્કોને દૂર કરનાર પ્રબળ ન્યાયશક્તિના
અવલંબનથી, આત્માનુભવી પરંપરા જ્ઞાની ગુરુના ઉપદેશથી
અને નિરંતર વર્તતા સુંદર સ્વાનુભવથી જન્મ પામેલ જે
કંઈ મારા આત્માનો પ્રભાવ, તેની સર્વ શક્તિપૂર્વક, પર-
ભાવથી ભિન્ન શુદ્ધ આત્માને હું દર્શાવીશ એ કાર્યની પ્રતિજ્ઞા
કરું છું જો હું યથાર્થ દર્શાવું તો સુજ્ઞજને પોતાના સ્વાનુ-
ભવથી કસીને પ્રમાણ કરવું; પરંતુ તે દર્શાવવામા મારી કંઈ
ભૂલ થાય તો તે દોષશોધક દુર્જનવત્ ગ્રહણ ન કરવી એમ
કાર્યની મહત્તા અને પોતાની લઘુતા જણાવી

તે શુદ્ધ આત્મા કેવો છે? તે કહે છે—

णवि होदि अप्पमत्तो ण पमत्तो जाणओ दु जो भावो ।
एवं भणंति सुद्धा णाओ जो सो उ सो चेव ॥६॥

આત્માને વ્યવહારથી, દર્શન જ્ઞાન ચરિત્ર;
નિશ્ચયથી નહિ ભેદ એ, જ્ઞાયક માત્ર પવિત્ર. ૭

કર્મબંધ સંબંધી અશુદ્ધભાવ આત્મામા નથી એટલું જ નહિ, પરંતુ દર્શન જ્ઞાન ચારિત્ર એવા ભેદો પણ શુદ્ધ આત્મામાં નથી. અભેદ વસ્તુને સમજાવવા માટે તેને વ્યક્ત કરનાર અમુક ધર્મો દ્વારા વ્યવહારથી ભેદ પાડીને આચાર્ય અનિષ્ણાત શિષ્યને સમજાવે છે. પરંતુ નિશ્ચયથી તો અનંત ગુણપર્યાયથી યુક્ત મિશ્રસ્વાદરૂપે અનુભવાતો આત્મા, સર્વ પ્રકારના ભેદથી રહિત એક અખંડ શુદ્ધ જ્ઞાતારૂપ જ છે

તો પછી એકલો પરમાર્થ એટલે નિશ્ચયનય જ કહેવો જોઈએ ? તેના ઉત્તરમા દૃષ્ટાંતપૂર્વક વ્યવહારની આવશ્યકતા સમજાવે છે—

जह णवि सक्कमणज्जो अणज्जभासं विणा उ गाहेउं।
तह ववहारेण विणा परमत्थुवएसणमसक्कं ॥८॥

મ્લેચ્છ મ્લેચ્છભાષા વિના, સમજે નહિ ભાવાર્થ;
તેમ વિના વ્યવહાર જન સમજે નહિ પરમાર્થ. ૮

જેમ એક બ્રાહ્મણે કોઈ મ્લેચ્છને "સ્વસ્તિ" કહીને આશીર્વાદ આપ્યો, ત્યારે તે શબ્દનો અર્થ ન સમજવાથી તે મ્લેચ્છ મેંઢાની જેમ ટગર ટગર જોઈ રહ્યો પછી તે બ્રાહ્મણે મ્લેચ્છભાષામા સ્વસ્તિનો અર્થ "અમર રહો, કલ્યાણ હો" ઈત્યાદિ હોવાનુ સમજાવ્યુ, ત્યારે તે મ્લેચ્છની આંખમા હર્ષના ઝળઝળિયાં આવ્યા, કારણ કે 'સ્વસ્તિ' શબ્દનો ભાવાર્થ તેના સમજવામા આવ્યો તેવી રીતે 'આત્મા' એટલું કહેવાથી જગતજનો ભાવાર્થ કંઈ સમજી શકે નહિ

ને પોતાની જેમ ટગ ટગ જોતા રહે, પણ જ્યારે વ્યવહાર અને પરમાર્થ માર્ગ દ્વારા સમ્યગ્ બોધને ધારણ કરનારા ધર્મધુરંધર આચાર્ય વ્યવહારના પરમાર્થથી સમજાવે કે દર્શનજ્ઞાનચારિત્રમાં પ્રવર્તે તે આત્મા, ઇત્યાદિ, ત્યારે ભવ્ય જીવોને અંતરમાં આનંદ ઉભરાય છે કારણ આત્મા સંબંધી સુંદર ભાવાર્થ તેમના હૃદયમાં આવે છે એ રીતે પરમાર્થ સમજવા અર્થે વ્યવહારનો પ્રથમ દશામાં ઉપયોગ કરવાયોગ્ય છે પરંતુ જેમ બ્રાહ્મણે મ્લેચ્છ થવાનું નથી તેમ વ્યવહારને ધ્યેયરૂપે અનુસરવાનો નથી

એમ વ્યવહારને પરમાર્થનું પ્રતિપાદકપણું કેવી રીતે છે? તે દૃષ્ટાંતથી કહે છે—

जो हि सुएणहिगच्छइ अप्पाणमिणं तु केवलं सुद्धं ।
तं सुयकेवलिमिसिणो भणंति लोयप्पईवयरा ॥९॥
जो सुयणाणं सव्वं जाणइ सुयकेवलिं तमाहु जिणा ।
णाणं अप्पा सव्वं जम्हा सुयकेवली तम्हा ॥१०॥

જે શ્રુતથી નિજ આત્મને, જાણે કેવલ શુદ્ધ;
તેને 'શ્રુતકેવલી' કહે લોકપ્રદીપક બુદ્ધ. ૯
સર્વાગમને જાણતા, શ્રુતકેવલી જન જેહ;
જ્ઞાન સર્વ છે આતમા, શ્રુતકેવલી પણ તેહ. ૧૦

મતિ શ્રુત અવધિ મનઃપર્યય અને કેવલ એ પાંચ પ્રકારનાં જે જ્ઞાન છે, તે સર્વ આત્મા છે કે અનાત્મા? અનાત્મા કહો તો પુદ્ગલ, આકાશ આદિ અજીવને પણ જ્ઞાન થાય તેથી જ્ઞાન એ આત્મા જ છે શ્રુત પણ જ્ઞાનનો એક ભેદ હોવાથી શ્રુત એ આત્મા જ છે તેથી જે શ્રુતરૂપ વિચાર-

ધ્યાને કરી કેવલ શુદ્ધ આત્માને સંપૂર્ણપણે જાણે તે નિશ્ચયથી શ્રુતકેવલી છે ને જે ચૌદપૂર્વ આદિ દ્રવ્યશ્રુતને સંપૂર્ણપણે જાણે, તે વ્યવહારથી શ્રુતકેવલી છે. એમ વ્યવહાર જ્ઞાનજ્ઞાનીના ભેદથી માત્ર પરમાર્થને જ પ્રતિપાદન કરે છે. કારણ કે સર્વ શ્રુતજ્ઞાન અથવા આગમ ભણવાનો હેતુ માત્ર એક આત્મા જાણવો એ જ છે

વ્યવહારનય અનુસરવાનો નથી એમ શા માટે કહ્યું? ઉત્તર:—

ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ ।
भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइजीवो ॥११॥

અભૂતાર્થ વ્યવહાર છે, નિશ્ચયનય ભૂતાર્થ;
ભૂતાર્થાશ્રિત જીવ તે, થાય સુદૃષ્ટિ કૃતાર્થ. ૧૧

જેમ કે માટીવાળું પાણી પીનારા અનર્થને અનુભવે છે અને કોઈ તે પાણીમા કતકફળ નાખીને પાણી નીતર્યું, પોતાનું પ્રતિબિંબ દેખાય તેવું થાય ત્યારે પીએ છે તેમ વ્યવહારથી મોહિત થએલા અજ્ઞાની, પ્રગટ થતા નાના પ્રકારના અશુદ્ધ ભાવોને અનુભવે છે અને ભૂતાર્થદર્શી તો પોતાની બુદ્ધિમા શુદ્ધનયરૂપી કતકફળ નાખીને. તે અનુસાર થતા બોધથી આત્મા અને રાગાદિ વિભાવપરિણામરૂપ કર્મભાવનો વિવેક કરે છે અને તેથી પ્રગટ થતા પોતાના આત્માકાર સહજ એક જ્ઞાયકભાવને અનુભવે છે એ રીતે જે ભૂતાર્થને આશ્રય કરે છે તે આત્માને સમ્યક્પ્રકારે શ્રદ્ધતાં સમ્યગ્દષ્ટિ થાય છે. તેથી તે આત્માર્થને સાધે છે માટે ભિન્ન આત્માનો અનુભવ કરનારાઓએ વ્યવહારનય અનુસરવાનો નથી

આ નવતત્ત્વને સ્યાદ્‌વાદપૂર્વક યથાર્થ સમજતાં સમ્યક્-દર્શન પ્રગટ થાય છે. કારણકે તીર્થપ્રવૃત્તિ નિમિત્તે વ્યવહાર-નયથી આ નવતત્ત્વનું ભેદ પાડીને કથન કરાય છે, પરંતુ નિશ્ચયનયથી તે નવે તત્ત્વમાં એક આત્મતત્ત્વ જણાય છે તે આત્મતત્ત્વને એક શુદ્ધ સ્વરૂપના લક્ષે જોતાં આત્મભાન લક્ષણવાળી આત્માનુભૂતિ પ્રગટ થાય છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવતત્ત્વ જીવ–અજીવના સંયોગજનિત છે. તેથી એ નવે તત્ત્વનો જીવ ને અજીવ એ બે તત્ત્વમાં સમાવેશ થાય છે વિકારી થવા યોગ્ય તે જીવ અને વિકાર કરનાર તે અજીવ, એ બેના સંયોગથી પુણ્ય તથા પાપ તત્ત્વ બનેલાં છે. એ રીતે જેમાં આસ્રવ થાય છે તે આસ્રાવ્ય જીવ અને જે પુદ્‌ગલ વર્ગણા આસ્રવે છે તે આસ્રાવક અજીવ, એ બેના સંયોગથી આસ્રવ તત્ત્વ બનેલું છે તેમજ સંવાર્ય-સંવારક, નિર્જર્ય-નિર્જરક, બંધ્ય-બંધક, મોચ્ય-મોચક રૂપે એ દરેક તત્ત્વ જીવ-અજીવના સંયોગથી બનેલા છે વ્યવહારનય સંયોગજન્ય ભાવને ગ્રહણ કરે છે, તેથી આ નવતત્ત્વ જીવઅજીવના અનાદિ બંધપર્યાયથી જોતા ભૂતાર્થ એટલે યથાર્થ છે પરંતુ નિશ્ચયથી એક જીવસ્વભાવના લક્ષે જોતા અભૂતાર્થ છે કારણ કે નિશ્ચયનય જીવના પરિણામને ચેતનરૂપ અને અજીવના પરિ-ણામને અચેતનરૂપ સર્વથા ભિન્ન જુએ છે તેથી નિશ્ચય-નયથી વિચારતાં આ નવે તત્ત્વમા અજીવથી ભિન્ન સદા અસ્ખલિત એક જીવદ્રવ્યનો જ લક્ષ કરાય છે શુદ્ધ નિશ્ચયનય દ્રવ્યના શુદ્ધ પર્યાયનો જ લક્ષ કરે છે, તેથી શુદ્ધનયથી વિચારતાં સર્વ અવસ્થામા માત્ર એક શુદ્ધ સ્વરૂપે પ્રકાશિત

હવે સર્વ અવસ્થામાં એકત્વપણે પ્રકાશિત આત્માને જાણવાના ઉપાયરૂપ જે પ્રમાણ–નય–નિક્ષેપ છે, તે પણ નિશ્ચયનયથી જોતા અભૂતાર્થ છે તે કહે છે:

આત્માનો જ્ઞાન ગુણ છે, તે પ્રમાણ કહેવાય છે તેમા મતિશ્રુત, ઈન્દ્રિય અને મન દ્વારા થતા હોવાથી, પરોક્ષ પ્રમાણ છે, અવધિ-મનઃપર્યવ દેશપ્રત્યક્ષ અને કેવલ સકલપ્રત્યક્ષ પ્રમાણ છે આ પ્રમાણરૂપ જ્ઞાનના ભેદો તથા જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન(પ્રમાતા, પ્રમેય અને પ્રમાણ)રૂપ ભેદો એ સર્વ. વિકલ્પરૂપ ભેદદૃષ્ટિથી જોતા ભૂતાર્થ છે. પરંતુ એક અખંડ જીવસ્વભાવનો અનુભવ કરતાં એ સર્વ અભૂ-તાર્થ છે તેમ જ નય પણ ઘણા છે તેમા જે મુખ્યત્વે મૂળ દ્રવ્યસ્વભાવનો લક્ષ કરાવે તે દ્રવ્યાર્થિક નય અને જેમાં પર્યાયની પ્રધાનતા હોય તે પર્યાયાર્થિક નય એ બે મુખ્ય નય છે તે નયો દ્રવ્ય-પર્યાયથી ભેદ પાડીને આત્માનો વિચાર કરવામા ભૂતાર્થ છે, પરંતુ દ્રવ્ય-પર્યાયના ભેદ રહિત એક અખંડ વસ્તુમાત્ર જીવસ્વભાવનો અનુભવ કરવામા અભૂતાર્થ છે. તેવી રીતે નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ એ ચાર–અનુ-ક્રમે સંજ્ઞા, પ્રતિક. ભૂતભાવિ પર્યાય અને વર્તમાન પર્યાયને કહેનાર–નિક્ષેપવડે વસ્તુનો વિચાર કરાય છે તે નિક્ષેપચક્ર વસ્તુને ભિન્ન ભિન્ન લક્ષણથી વિચારવામા ભૂતાર્થ છે, પરંતુ સર્વ અન્ય લક્ષણથી રહિત માત્ર સ્વલક્ષણયુક્ત એક અખંડ જીવસ્વભાવનો અનુભવ કરવામા અભૂતાર્થ છે. એમ પ્રમાણ, નય. નિક્ષેપ એ સર્વ ભેદોમાં અખંડ એક આત્મતત્ત્વ જ પ્રકાશે છે અર્થાત્ નિશ્ચયથી એક શુદ્ધાત્માનો લક્ષ થતાં એ સર્વ લય પામે છે

मालिनी

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम् ।
किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेऽस्मि-
न्ननुभवमुपयाते भाति न द्वैतमेव ॥९॥

આત્માના સર્વવ્યાપી પ્રકાશમાં નયોની શોભા પ્રગ
ટતી નથી, પ્રમાણ અસ્ત પામે છે અને નિક્ષેપચક્ર કોણ
જાણે ક્યાંય જતું રહે છે વધારે શું કહીએ? આત્માને
અનુભવ થતા સર્વ વિકલ્પો વિલય પામે છે, તેથી આત્મ
સિવાય બીજા, દ્વૈતરૂપ કંઈ ભાસતું નથી (કલશ ૯

ઉપજાતિ

आत्मस्वभावं परभावभिन्नमापूर्णमाद्यन्तविमुक्तमेकम् ।
विलीनसंकल्पविकल्पजालं प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति ॥१०॥

આત્માનો સહજ સ્વભાવ છે તે સર્વ પરભાવથી ભિન્ન છે અને પોતાના ગુણોથી ભરપૂર છે, અનાદિઅનંત મુક્ત છે, એક અદ્વૈત સર્વ સંકલ્પવિકલ્પની પરંપરાથી રહિત છે; એવા આત્મસ્વભાવને પ્રકાશક શુદ્ધ નિશ્ચયનય ઉદય થાય છે.
(કલશ ૧૦)

શુદ્ધ નિશ્ચયનય આત્માને કેવો જુએ છે? તે કહે છે–

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णय णियदं ।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि ॥१४॥

અ-બદ્ધસ્પૃષ્ટાન્ય ને નિયત, અવિશેષ અસંયુક્ત:
દેખે જે નય આત્મને તે નય શુદ્ધ પ્રયુક્ત. ૧૪

જે નય આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત અનુભવે છે તે શુદ્ધ નિશ્ચયનય છે વ્યવહારનયથી જોતા આત્મામા બદ્ધસ્પૃષ્ટાદિ ભાવો દેખાય છે, પરંતુ નિશ્ચયનયથી જોતાં આત્મામા તે ભાવો દેખાતા નથી તે આ પ્રકારે —

આર્યા

"અબદ્ધસ્પૃષ્ટ અનન્ય, નિયત અવિશેષ અસંયુક્ત,
જળકમળ મૃત્તિકા, સમુદ્ર સુવર્ણ ઉદક-ઉષ્ણ"

જેમ પાણીમા રહેલું કમળ વાસ્તવિક રીતે પાણીથી બંધાયેલું કે સ્પર્શાયેલ નથી. તેમ આત્મા દ્રવ્યકર્મનો કર્મમાં એકમેકપણે એકત્ર રહેવા છતાં વાસ્તવિક રીતે કર્મ અને

દેહાદિથી બંધાયેલો કે સ્પર્શાયેલો નથી. જેમ કુંભારના ચાક ઉપર ફરતો માટીનો પિંડ જુદા જુદા આકારે થવા છતાં વાસ્તવિકપણે અનન્ય એટલે માટીરૂપે જ રહે છે. તેવી રીતે ચારગતિરૂપ સંસારચક્રમાં ફરતો આત્મા નરનારકાદિ પર્યાયોને ધારણ કરવા છતાં નિશ્ચયથી તો અનન્ય એટલે આત્મારૂપે જ રહે છે. જેમ સમુદ્ર ભરતીઓટ અવસ્થાવાળો છતાં ખરી રીતે પોતાની નિયત મર્યાદાને ઓળંગતો નથી. તેવી રીતે આત્મા નાના મોટા શરીરના આકારે થવા છતાં નિશ્ચયથી તો પોતાના નિયત અસંખ્યાત પ્રદેશોથી લેશ પણ વધતો ઘટતો નથી. જેમ સુવર્ણમાં ભારે, પીળો, ચીકણો વગેરે ગુણોને આધારે ભેદ પડતા છતાં વાસ્તવિક રીતે સુવર્ણ તો અભિન્ન છે, તેવી રીતે આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણોના આધારે ભેદ પડતાં છતાં વાસ્તવિક રીતે આત્મા તો અભિન્ન-અવિશેષ છે. જેમ પાણી અગ્નિના સંયોગથી [illegible] થવા છતાં વાસ્તવિકપણે સ્વભાવથી તો તેવી [illegible] શીતળ જ છે, તેમ આત્મા કર્મના ઉદયને કારણે રાગાદિ [illegible] પરિણમતા છતાં નિશ્ચયથી તો સહજ સ્વભાવે [illegible] રૂપ, રાગાદિથી ભિન્ન અસંયુક્ત જ [illegible] નયથી જોતા આત્મામાં બદ્ધસ્પૃષ્ટાદિ ભાવો [illegible] નિશ્ચયનયથી જોતા આત્મા તેથી રહિત છે.

જેમાં આ બદ્ધસ્પૃષ્ટાદિ ભાવો સ્પષ્ટપણે ઉપર તરી આવતા છતાં સ્થાનને પામતા નથી, એવા આત્માના જળહળજ્યોતિસ્વરૂપ સમ્યક્ સ્વભાવને જગત મોહરહિત થઈને અનુભવ કરો। (કલશ ૧૧)

શાર્દૂલવિક્રીડિત

भूतं भान्तमभूतमेव रभसान्निर्भिद्य बंधं सुधी-
र्यद्यंत किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलंकपंकविकलो देवः स्वयं शाश्वतः ॥१२॥

ભૂત, ભાવિ અને વર્તમાન બંધને શીઘ્ર ભેદીને અને મોહને બળપૂર્વક હઠાવીને આ સમ્યગ્દૃષ્ટિ જો અંતરમાં કોઈ આશ્ચર્યકારી અનુભવ કરે, તો તો જેનો મહિમા અનુભવગમ્ય છે એવો આત્મા પ્રગટ થઈને સ્થિર રહે છે, તે સદા કર્મકલંકરૂપ કીચડથી રહિત શાશ્વત દેવ પોતે જ છે. (કલશ ૧૨)

વસંતતિલકા

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा ।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकंप-
मेकोऽस्ति नित्यमवबोधघनः समंतात् ॥१३॥

શુદ્ધનયથી જે આત્માનો અનુભવ છે, તે જ્ઞાનનો જ અનુભવ છે. એમ વાસ્તવિક જાણીને સર્વ દ્વંદ્વભાવથી રહિત એક, નિત્ય સંપૂર્ણ જ્ઞાનઘન-સ્વરૂપ એવો આ આત્મા આત્મામાં પ્રવેશ કરીને સ્થિર રહે છે (કલશ ૧૩)

પૃથ્વી

अखंडितमनाकुलं ज्वलदनंतमंतर्बहि-
र्महः परमस्तु नः सहजमुद्विलासं सदा ।
चिदुच्छलननिर्भरं सकलकालमालंबते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम् ॥१४॥

જે અખંડિત છે, અનાકુળ છે, અનંત છે અંતરંગમાં જ્ઞાનદર્શનથી અને બહિરંગમાં યોગની ચેષ્ટાથી પ્રકાશે છે, સહજ છે, સદા ગુણપર્યાયરૂપે પરિણમે છે, ઉછળતા ચૈતન્યના પર્યાયોરૂપ મોજાંઓથી ભરપૂર છે, મીઠાની કાંકરીની જેમ સર્વદા લીલાયુક્ત એક રસને અવલંબન કરે છે, તે પરમ તેજ અમને પ્રાપ્ત હો ! (કલશ ૧૪)

અનુષ્ટુપ

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभि ।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम ॥१५॥

સિદ્ધિને ઈચ્છનારા સાધકોએ આ જ્ઞાનઘન એક શુદ્ધ આત્મા સાધ્ય (કાર્યસમયસાર) અને સાધક (કારણ સમયસાર) એમ બે પ્રકારે નિત્ય ઉપાસવો જોઈએ. (કલશ ૧૫)

રત્નત્રય એ સાધકભાવ છે તેને ભેદાભેદ રૂપે કહે છે-

दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं ।
ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो ॥१६॥

દર્શન જ્ઞાન ચરિત્ર નિત. સેવ્ય સાધુને માન;
નિશ્ચયથી ત્રણ રત્ન એ. આત્મા એક જ જાણ. ૧૬

આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યરૂપ હોવાથી તે પોતાને ઉપાસે જ. તો પછી આત્માને ઉપાસવાનો ઉપદેશ શા માટે? એમ કોઈ શંકા કરે તેના ઉત્તરમાં કહે છે કે એમ નથી જ્ઞાનતાદાત્મ્ય છતા જ્યાં સુધી સ્વયં કે પરના ઉપદેશથી આત્મજ્ઞાન પ્રગટ ન થાય ત્યાં સુધી તે ઉપાસના થઈ શકતી નથી તેથી જેમ સુતેલો માણસ પોતાની મેળે કે કોઈના જગાડવાથી જાગે નહિ ત્યા સુધી અજાગૃત રહે છે, તેમ જ્ઞાનપ્રાપ્તિનું કારણ ન મળે ત્યા સુધી જીવ અપ્રતિબુદ્ધ રહે છે

એમ અપ્રતિબુદ્ધ (અજ્ઞાનરૂપી ઉંઘમા પડેલો બહિ-રાત્મા) ક્યા સુધી રહેશે? તેના ઉત્તરમા ભેદજ્ઞાનનું સ્વરૂપ કહે છે:—

कम्मे णोकम्मह्मि य अहमिदि अहकं च कम्मणोकम्मं ।
जा एसा खलु बुद्धी अप्पडिबुद्धो हवदि ताव ॥१९॥

દેહ-કર્મમાં હું અને, તે મારું અવિરુદ્ધ:
એ બુદ્ધિ રહે ત્યાં સુધી, ચેતન અપ્રતિબુદ્ધ. ૧૯

જેવી રીતે ઘડાના સ્પર્શરસગંધવર્ણાદિ રૂપ ભાવમાં અને વચ્ચે પહોળો, ગોળાકાર વગેરે આકારમા આ ઘડો છે. અને ઘડામા સ્પર્શરસાદિ ભાવ અને વચ્ચે પહોળો, ગોળાકાર વગેરે આકાર છે, એમ વસ્તુ ને તેના ગુણોની અભેદતારૂપ અનુભૂતિ છે, તેવી રીતે અંતરંગ મોહાદિ કર્મ અને બહિરંગ દેહાદિનો કર્મરૂપ પુદ્ગલપરિણામોમા હું છું અને તે કર્મનોકર્મ આત્મામાં છે એમ જ્યાં સુધી અભેદતારૂપ અનુભૂતિ છે—ત્યા સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે પરંતુ દર્પણમા અગ્નિની જ્વાળા દેખાય છે ત્યા જેમ સ્વપરને પ્રતિભાસ કરનારી સ્વચ્છતા

સ્પર્શની છે અને ઉષ્ણતા ને જ્વાળા અગ્નિની છે, તેવી રીતે જ્યારે કોઈ પણને ભેદજ્ઞાનથી જણાશે કે અરૂપી આત્મા તો પરને ને પોતાને જાણનારૂપ જ્ઞાનમાત્ર છે અને કર્મનોકર્મ પુદ્ગલના છે—ત્યારે તે પ્રતિબુદ્ધ થશે

માલિની

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा ।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-
र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव ॥२१॥

[illegible] પ્રકારે જેઓ [illegible] પોતાથી કે પરના [illegible] ભેદવિજ્ઞાનનું મૂળ એવા અચલિત અનુભવને [illegible] તેઓ પ્રતિબિંબિત થયા છે અનંત પદાર્થોના [illegible] અવિકાર રહેશે [illegible] માં પ્રતિબિંબિત થતા [illegible] વિકાર થતો નથી, તેમ [illegible] રાગાદિ રહિત અવિકાર
(કલશ ૨૧)

[illegible] ઓળખાય [illegible] તે કહે છે—

अहमेदं एदमहं अहमेदस्सम्हि अत्थि मम एदं ।
अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा ॥२०॥
आसि मम पुव्वमेदं एदस्स अहं पि आसि पुव्वं हि ।
होहिदि पुणो ममेदं एदस्स अहं पि होस्सामि ॥२१॥

एयत्तु असंभूदं आदवियप्पं करेदि संमूढो।
भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो ॥२२॥

સચિત્ અચિત્ કે મિશ્ર દ્રવ્ય, પ્રત્યક્ષ જે પરરૂપ:
હું તે ને તેનો જ હું, તે મારાં મુજરૂપ. ૨૦
ભૂતકાળમાં પણ થયાં મારાં હું એ રૂપ:
ધારે વળી ભવિષ્યમાં, હું તેનો તદ્રૂપ. ૨૧
મિથ્યા આત્મવિકલ્પ બહુ એમ કરે સંમૂઢ:
પણ જાણે ભૂતાર્થને તે ન કરે અસંમૂઢ. ૨૨

જેમ અગ્નિ એ જ ઇંધન છે અને ઇંધન એ અગ્નિ છે, વળી અગ્નિનું ઇંધન છે અને ઇંધનનો અગ્નિ છે, ભૂતકાળમા તેમ હતું ને ભવિષ્યમા તેમ થશે એમ મિથ્યા વિકલ્પ કરનાર અજાણ તરીકે ઓળખાય છે. તેમ હું આત્મા સચિત્ અચિત્ કે મિશ્ર પરદ્રવ્યરૂપ છું અને પરદ્રવ્ય તે આત્મા છે. વળી મારા પરદ્રવ્ય છે અને પરદ્રવ્યનો હું છું ભૂતકાળમા તેમ હતું અને ભવિષ્યમાં તેમ થશે એમ મિથ્યા વિકલ્પ કરનાર અપ્રતિબુદ્ધ તરીકે ઓળખાય છે પરંતુ જેમ અગ્નિ ઇધન નથી ને ઇંધન અગ્નિ નથી વળી અગ્નિનુ ઇંધન નથી અને ઇંધનનો અગ્નિ નથી, ભૂતકાળમાં તે જુદાં હતાં ને ભાવિમા પણ જુદા હશે, ત્રણે કાળ અગ્નિ તે અગ્નિ છે અને ઇંધન તે ઇંધન છે એમ સત્ય વિકલ્પ કરનાર જાણકાર તરીકે ઓળખાય છે. તેમ હું આત્મા સચિત્ અચિત્ કે મિશ્ર પરદ્રવ્યરૂપ નથી અને પરદ્રવ્ય તે આત્મા નથી. વળી મારાં પરદ્રવ્ય નથી અને પરદ્રવ્યનો હું નથી. ભૂતકાળમાં આત્મા ને પરદ્રવ્ય ભિન્ન હતાં અને ભાવિમા ભિન્ન જ રહેશે,

જીવ-ભિન્ન જડ દેહને, સ્તવીને મુનિ અજ્ઞાન;
માને મેં વંદ્યા સ્તવ્યા, શ્રી કેવલી ભગવાન ૨૮

તનગુણ નહીં જિનેન્દ્રના, નિશ્ચયનયથી જાણ;
કેવલીગુણની સ્તુતિ કરે, તે જિન સ્તવે મહાન. ૨૯

નગર તણા વર્ણન થકી, નૃપવર્ણન નહિ થાય;
તેમ દેહગુણ-સ્તવનથી, જિનગુણ નહીં સ્તવાય. ૩૦

શરીર અને આત્માને પરસ્પર અવગાઢ સંબંધ છે, તેથી વ્યવહારથી શરીરના સ્તવનથી તીર્થંકરનું સ્તવન કર્યું એમ મનાય છે, જેમ કે સોનું રૂપુ ભેગાં કર્યા હોય, તો આ સોનું સફેદ છે એમ વ્યવહારથી કહેવાય છે પણ નિશ્ચયથી તો રૂપુ સફેદ છે ને સોનું પીળું જ છે, તેવી રીતે નિશ્ચયથી શરીરના સ્તવનથી તીર્થંકરના આત્મગુણનું સ્તવન થતું નથી. કેવલીના ગુણોનું સ્તવન કરવાથી જ કેવલીની નિશ્ચયસ્તુતિ થાય છે.

તે વિષે સદૃષ્ટાંત કહે છે કે જેમ નગરનું વર્ણન કરવાથી રાજાનું વર્ણન થતું નથી તેમ તીર્થંકરના શરીરનું વર્ણન કરવાથી તીર્થંકરના આત્માનું વર્ણન થતું નથી

નગરનું વર્ણન-

આર્યા

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम् ॥२५॥

કિલ્લાઓથી જાણે આકાશનો કોળિયો કર્યો હોય અને ઉપવનની પંક્તિઓથી જાણે ભૂમિને ગળી ગયું હોય, એવું આ નગર ચારેબાજુ આવેલી ઊંડી ખાઈથી જાણે પાતાળને પીવે છે! (કલશ ૨૫)

જિનેન્દ્રરૂપનું વર્ણન.—

આર્યા

नित्यमविकारसुस्थितसर्वांगमपूर्वसहजलावण्यम् ।
अक्षोभमिव समुद्र जिनेंद्ररूप परं जयति ॥२६॥

નિત્ય, અવિકાર અને સર્વાંગે સુસ્થિત અપૂર્વ સહજ લાવણ્યવાળું અને ક્ષોભરહિત સમુદ્ર હોય તેવુ જિનેન્દ્રનું રૂપ પરમ જયવત વર્તે છે (કલશ ૨૬)

એમ વ્યવહારથી તીર્થંકરના દેહ, સમવસરણ આદિની સ્તુતિ કરાય છે. તેથી ઉલ્લાસભાવ થતા તેમના ગુણો પ્રત્યે પણ ઉલ્લાસ આવે અને ભક્તિથી ભાવ સ્થિર થતા પોતાના આત્માનો અનુભવ થાય એમ વ્યવહારથી નિશ્ચય સાધ્ય છે, તે ક્યારે ? કે દેહાદિમા અટકી ન રહે તો તેથી વ્યવહારથી દેહાદિની સ્તુતિ કરાય છે તે નિષ્ફળ નથી.

હવે ૩ ગાથામા નિશ્ચયસ્તુતિ કહે છે તેમા જ્ઞેયજ્ઞાયક-સંકર દોષને દૂર કરવારૂપ પ્રથમ સ્તુતિ કહે છે —

जो इंदिये जिणत्ता णाणसहावाधियं मुणदि आदं ।
तं खलु जिदिंदियं ते भणति जे णिच्छिदा साहू ॥३१॥

જ્ઞાનગુણાધિક આત્મને જાણે ઇંદ્રિયજિત્ઃ
કહે જિતેન્દ્રિય તેહને સાધુ નિશ્ચયવિદ્. ૩૧

સ્પર્શ રસ આદિ ઇન્દ્રિયના વિષયો તે જ્ઞેય છે અને દ્રવ્યેન્દ્રિય તથા ભાવેન્દ્રિય તે જ્ઞેયને જણાવનાર જ્ઞાયક છે તે બન્ને આત્માના શુદ્ધસ્વરૂપથી ભિન્ન છતા અભિન્ન મનાય તે જ્ઞેયજ્ઞાયકસંકર દોષ છે તે જ્ઞેયજ્ઞાયકસંકર દોષ ટળીને

રાગાદિ વિભાવમાં પરિણમેલો આત્મા તે ભાવ્ય છે અને રસ આપવાને તત્પર એવા ઉદયમાં આવતા મોહકર્મોના પુદ્‌ગલો તે ભાવક છે. એ બન્ને આત્માના શુદ્ધ સ્વરૂપથી ભિન્ન છતાં અભિન્ન મનાય તે ભાવ્યભાવકસંકર દોષ છે તે દોષને ટાળીને જે જ્ઞાનસ્વભાવથી અધિક એવા ભિન્ન આત્માનો સ્વસંવેદનજ્ઞાન વડે અનુભવ કરે છે, તે જિતમોહ મુનિ છે તે આ પ્રકારે.—

કર્મના ઉદયથી ફળ આપવા યોગ્ય થએલ મોહ કે મિથ્યાત્વ તથા રાગદ્વેષ, કષાય–નોકષાય, કર્મનોકર્મ આદિ તે ભાવક છે, તેથી વિભાવરૂપ પરિણમનાર આત્મા તે ભાવ્ય છે તે વિભાવથી પાછો વાળીને આત્માને જ્ઞાનસ્વભાવમા સ્થિર કરે અને મોહાદિ ભાવકને બળપૂર્વક હઠાવે એ રીતે સર્વ ભાવ્યભાવક–સંકર દોષ દૂર કરવા વડે એકત્વમાં ટંકોત્કીર્ણ અને વિશ્વમા સર્વોત્કૃષ્ટ, સદા પ્રગટ, સ્વતસિદ્ધ, પરમાર્થ સત્તારૂપ અને દિવ્ય એવા જ્ઞાનસ્વભાવ વડે અધિક હોવાથી સર્વ પરદ્રવ્યથી વાસ્તવિક ભિન્ન ઓળખાતા ભગવાન આત્માને જે અનુભવે છે તે ખરો જિતમોહ જિન છે એ બીજી નિશ્ચયસ્તુતિ છે

તે ભાવ્યભાવક ભાવનો અભાવ કરણારૂપે ત્રીજી નિશ્ચયસ્તુતિ કહે છે –

जिदमोहस्स दु जइया खीणो मोहो हविज्ज साहुस्स।
तइया खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं ॥३३॥

જિતમોહીના સાધુ કો. પાય સર્વજ લીલું:
ત્યારે 'શ્રી ગુંમાદી' કહે. નિશ્ચયવાદ–પ્રવીણ. ૩૩

अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव ॥२८॥

એ રીતે તત્ત્વ એટલે વસ્તુના યથાર્થ સ્વરૂપનો પરિચય જેમને છે એવા જ્ઞાનીદ્વારા નયવિભાગની યુક્તિવડે આત્મા અને શરીરની એકતાનો અત્યંત નિષેધ કરાતા ભેદજ્ઞાનરૂપ યથાર્થ બોધ કોને ન થાય ? અવશ્ય આત્મા પોતાના એક જ્ઞાનરૂપ નિજરસના વેગથી ખેંચાઈને પ્રગટ થાય છે.

(કલશ ૨૮)

તત્ત્વજ્ઞાની ગુરુનો ઉપદેશ-બોધ સાંભળે, અંતરમાં ઉતારે કે તરત જ આત્માનો પ્રતિબોધ પોતાના નિજરસના વેગથી ખેંચાઈને પ્રગટ થાય છે આ પ્રમાણે અપ્રતિબુદ્ધે દેહ તેજ આત્મા એવી શંકા કરી હતી તેનું સમાધાન કર્યું.

એ પ્રકારે આ અજ્ઞાની જીવ અનાદિ મોહની સંતતિથી આત્મા અને દેહના એકત્વના સંસ્કારને પામેલો અત્યંત અપ્રતિબુદ્ધ હતો તે હવે તત્ત્વજ્ઞાનરૂપ જ્યોતિના પ્રગટ થવાથી-વિકારી નેત્ર અવિકારી થતાં યથાર્થ જુએ તેમ-આવરણ ટળી જતા સાક્ષાત્ દ્રષ્ટારૂપ પોતાને પોતાવડે યથાર્થ શ્રદ્ધીને પછી સ્વસ્વરૂપને અનુસરવાની ઈચ્છાથી પૂછે છે, કે આત્માને અન્યદ્રવ્યનું પ્રત્યાખ્યાન કેવી રીતે થાય ? તેના ઉત્તરમા કહે છે—

सव्वे भावे जम्हा पच्चक्खाई परेत्ति णादूण।
तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेयव्वं॥३४॥

જો, જીવથી પર જાણીને, ત્યાગે સર્વ પદાર્થ;
જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે, વિરાગનાં પરમાર્થ. ૩૪

આ ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવાદિ જ્ઞેયભાવોને સમસ્ત વિશ્વને જાણવારૂપે વિકસિત થતી પ્રચંડ ચૈતન્યશક્તિએ જાણે કે કોળિયો કરીને આત્માના જ્ઞાનગુણમા શમાવી દીધા છે પરંતુ આત્મામાં મગ્ન થઈને પ્રકાશતા તે દ્રવ્યો, ટંકોત્કીર્ણ એક જ્ઞાન સ્વભાવરૂપ મારા સ્વભાવથી ભિન્ન છે અને પોતાનું બાહ્યતત્ત્વપણુ છોડવાને નિશ્ચયથી અસમર્થ છે. તેથી તે ખરેખર મારા નથી વળી આ સ્વયં સદા ઉપયોગસ્વરૂપે અનુભવાતો ભગવાન આત્મા તે સર્વથી ભિન્ન જ જણાય છે એમ ખરેખર હું એક છુ, તેથી જ્ઞેયજ્ઞાયકભાવ માત્રથી પરસ્પર મિશ્ર જણાતા તે ધર્માદિ સર્વ જ્ઞેયભાવોને ભિન્ન સમજીને તે પ્રત્યેથી મમતા-મારાપણાના ભાવને હું ત્યાગું છું એ રીતે આત્મા સદા એકત્વમાં જ પરિણમે છે. કારણ કે સમય જે મૂળદ્રવ્ય તેની એમજ સ્થિતિ છે તેથી ધર્માદિ મારા નથી આ પ્રમાણે જ્ઞેયભાવનો વિવેક થાય છે.

શાલિની

इति सति सह सर्वैरन्यभावैर्विवेके
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम् ।
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः ॥३१॥

એમ સર્વ ભાવકભાવ અને જ્ઞેયભાવરૂપ અન્ય ભાવોથી વિવેક એટલે ભેદજ્ઞાન થતાં આ ઉપયોગ સ્વયં એક આત્માને ધારણ કરતો નિશ્ચય દર્શનજ્ઞાનચારિત્રને પ્રગટ કરીને તેરૂપ પરિણમતો આત્મારૂપી આરામઉદ્યાનમાં રમી રહ્યો છે.

(કલશ ૩૧)

એમ દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણત આત્માને સ્વરૂપ જ્ઞાન કેવું હોય છે તેનું વર્ણન કરતા આ કથન પરિણતિનો ઉપસંહાર કરે છે –

अहमिक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी।
ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमित्तं पि ॥३८॥

હું એક આરૂપી શુદ્ધ છું, દર્શન-જ્ઞાનાદિ પ્રાપ્ત;
નથી અન્ય મારું કંઈ, ત્રિભુવનમાં અણુ માત્ર. ૩૮

અગાઉ જે ખરેખર અનાદિ મોહની ઉન્મત્તતાથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો, તેને વિરક્ત ગુરુએ વારંવાર ઉપદેશ આપીને જાગૃત કર્યો ત્યારે હાથમાં રહેલા વિસ્મૃત સુવર્ણને જોવાના ન્યાયે પરમેશ્વરરૂપ આત્માને જાણીને, શ્રદ્ધા કરીને, તથા અનુભવીને સમ્યક્ એક આનંદમયરૂપ થયેલો તે સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે કે આત્માથી જ પ્રત્યક્ષ એવી ચૈતન્યજ્યોતિમાત્ર આત્મા, તે હું છું, વળી અનંત ગુણપર્યાયથી નિરંતર પરિણમતા છતાં મારું ચૈતન્યસ્વરૂપ એકરૂપે જ કાયમ રહે છે, તેથી હું એક છું, જીવ-નરનારકાદિ અશુદ્ધ પર્યાયો અને અજીવ-દેહાદિ તથા પુણ્ય પાપ આદિ નવ તત્ત્વો મિશ્રરૂપ છે, તેમાંથી જુદો જ્ઞાનસ્વરૂપે અનુભવાતો હું સદા **શુદ્ધ** છું, ચૈતન્યમાત્ર છતાં સામાન્ય અને વિશેષ ઉપયોગલક્ષણને ન તજવાથી હું **જ્ઞાનદર્શનમય** છું, સ્પર્શરસાદિ પુદ્ગલના ગુણોને જાણવા છતાં સ્પર્શરસાદિપણે પરિણમતો નથી તેથી **સદા અરૂપી** છું એ રીતે મારું પ્રગટ ભિન્ન સ્વરૂપ અનુભવતો હું દીપું છું એવા દેદીપ્યમાનને વિશ્વમાં વિરાજતી વિચિત્ર પદાર્થોની સંપદા

જોવા જાણવા છતાં, કંઈ અન્ય પરમાણુ માત્ર પણ મારૂં આત્માપણે ભાસતું નથી જેથી આત્મા ભાવકભાવ અને જ્ઞેય-ભાવ સાથે એકરૂપ થઈને ફરીથી મોહને ઉપજાવે છે, તેથી તેમ ફરી મોહ ઉત્પન્ન ન થવા માટે આત્માના સ્વરસથી જ મોહને મૂળ સહિત ઉખેડી નાખતા, મહાન કેવળજ્ઞાનરૂપી પ્રકાશ પ્રગટ થાય છે

વસંતતિલકા

मज्जंतु निर्भरममी सममेव लोका
आलोकमुच्छलति शांतरसे समस्ताः ।
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण
प्रोन्मग्न एष भगवानवबोधसिंधुः ॥३२॥

મિથ્યાત્વમોહ અને ચારિત્રમોહરૂપ ભ્રાંતિનો પડદો સર્વથા દૂર કરીને આ ભગવાન જ્ઞાનસિંધુ પ્રગટ થયો છે તેના લોકાન્ત સુધી ઊછળતા શાંતરસમાં હે લોકો તમે એક-સાથે અત્યંતપણે મગ્ન થાઓ!

અથવા તો નાટકના અન્ય જે શૃંગાર હાસ્ય, રૌદ્ર, કરુણ વીર, ભયાનક, બીભત્સ અને અદ્ભુત એ આઠ રસ છે, તેમાં જીવ-અજીવનો ભેદ ન જાણનાર મિથ્યાદૃષ્ટિ મગ્ન રહે છે તેને શાંતરસમાં સ્થિર રહેનાર સમ્યગ્દૃષ્ટિ કહે છે કે જ્ઞેયથી ભિન્ન જ્ઞાનનો અનુભવ કરીને તમે પણ શાંતરસમાં મગ્ન થાઓ! (કલશ ૩૨)

ઇતિ પૂર્વરંગ અથવા જીવઅધિકાર સમાપ્ત

અજીવ અધિકાર

અહિં જીવઅજીવ બન્ને એકરૂપ થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે તેઓને ભિન્ન ભિન્ન ઓળખનાર સમ્યગ્જ્ઞાન છે, તેથી આદિમા મંગલરૂપે સમ્યગ્જ્ઞાનની પ્રશંસા કરે છે

શાર્દૂલવિક્રીડિત

जावाजीवविवेकपुष्कलदृशा प्र त्या य य त्पा र्ष दा न्
आसंसारनिबद्धबंधनविधिध्वंसाद्विशुद्धं स्फु ट त ।
आ त्मा रा म म न त धा म स ह सा ध्य क्षे ण नि त्यो दि तं
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत् ॥३३॥

જીવાજીવના વિવેકરૂપ વિસ્તીર્ણ દૃષ્ટિથી સભાજનોને પ્રતીતિ કરાવતું, અનાદિનિબદ્ધ બંધની વિધિને વિધ્વંસ કરવાથી સ્પષ્ટપણે વિશુદ્ધ થએલું અને આત્માનું આરામસ્થાન એવું આ સમ્યગ્જ્ઞાન અનંત તેજરૂપે એકાએક પ્રત્યક્ષ થઇને હવે નિત્યપ્રગટ, ધીર, ઉદાર અને નિરાકુળપણે મનને આનંદ આપતું શોભી રહ્યું છે (કલશ ૩૩)

જીવઅજીવ એકરૂપે કેવી રીતે મનાય છે? તે કહે છે—

अप्पाणमयाणंता मूढा दु परप्पवादिणो केई ।
जीवंअज्झवसाणं कम्मं च तहा परूविंति ॥३९॥
अवरे अज्झवसाणेसु तिव्वमंदाणुभागगं जीवं ।
मण्णंति तहा अवरे णोकम्मं चावि जीवोत्ति ॥४०॥
कम्मस्सुदय जीवं अवरे कम्माणुभायमिच्छंति ।
तिव्वत्तणमंदत्तणगुणेहिं जो सो हवदि जीवो ॥४१॥
जीवो कम्मं उहय दोण्णिवि खलु केइ जीवमिच्छंति ।
अवरे संजोगेण दु कम्माणं जीवमिच्छंति ॥४२॥

एवंविहा बहुविहा परमप्पाणं वदंति दुम्मेहा।
ते ण परमट्ठवाई णिच्छयवाईहिं णिद्दिट्ठा ॥४३॥

અનેક જે અજ્ઞાની જન, જાણે નહિ ચિદ્મર્મ:
નિજમતિવશ તે અન્યથા કથે જીવના ધર્મ: ૩૯
આત્મા અધ્યવસાન છે, તથા કર્મ નોકર્મ;
તીવ્ર મંદ અનુભાગ તે, સર્વ જીવના ધર્મ. ૪૦
કર્મોદય પણ જીવ છે, જીવ કર્મ-રસ જાણ:
કર્મ જીવ મળી જીવ છે, માને કોઈ અજાણ. ૪૧
આ સંસારે જે સતત, આઠ કર્મ સંયોગ:
તેજ જીવ નહિ અન્ય કો. જીવ તણો ઉપયોગ ૪૨
એમ કહે દુર્બુદ્ધિ બહુ, આત્મા વિષે અસત્ય:
તે પરમાર્થવાદી નહિ, કહે સુજ્ઞાની સત્ય. ૪૩

આત્માના અસાધારણ લક્ષણને ન જાણનાર અનેક રીતે આત્માને મિથ્યા કલ્પે છે:

૧ રાગદ્વેષથી મલીન થયેલા અધ્યવસાન જે કુદરતી અનુભવાય છે તે જ આત્મા છે, કેમકે જેમ કોલસો કાળાશ વિના નથી, તેમ કષાયરહિત આત્મા અનુભવાતો નથી

૨. અનાદિ અનંત પૂર્વાપર સંતતિથી ભવમાં ભ્રમણ કરતાં કર્મ જ જીવ છે. કેમકે કર્મથી જુદો આત્મા જણાતો નથી

૩. નવુ જૂનું થતુ શરીર અથવા નોકર્મ એ જ જીવ છે. કેમકે શરીરથી જુદો આત્મા જણાતો નથી

૪ તીવ્ર મંદ અનુભવના ભેદવાળા જે અનંત રાગાદિ અધ્યવસાનના સંતાનરૂપ અનુભાગ (કર્મફળ) છે તે જ

કથન છે જેમ મ્લેચ્છને મ્લેચ્છભાષા વડે અર્થ સમજાવવો જરૂરનો છે, તેમ વ્યવહારી જનોને પરમાર્થ પ્રેરે એવો વ્યવહાર, અભૂતાર્થ છતાં, તીર્થપ્રવૃત્તિનિમિત્તે દર્શાવવો ન્યાયયુક્ત છે તે વિના માત્ર નિશ્ચયથી શરીરથી જીવનો એકાન્તે ભેદ દર્શાવતા ત્રસસ્થાવર જીવોને ભસ્મની જેમ નિઃશંકપણે મસળી નાખનારને હિંસાના અભાવનો પ્રસંગ આવે હિંસાના અભાવથી કર્મબંધનો અભાવ થાય, તેથી રાગીદ્વેષીમોહી જીવને કર્મથી બંધાવા મુકાવાનો અભાવ થાય એ રીતે રાગદ્વેષ મોહથી જીવને સર્વથા ભિન્ન માનતા મોક્ષઉપાયના ગ્રહણનો અભાવ થાય, તેથી મોક્ષનો પણ અભાવ થાય તેમ ન થવા માટે વ્યવહારથી ઉપદેશતા શ્રી જિને તે અધ્યવસાનાદિ ભાવો જીવપણે કહ્યા છે

તે વ્યવહાર કયા દૃષ્ટાંતે પ્રવર્તે છે? તે કહે છે-

राया हु णिग्गदो त्तिय एगो बलसमुदयस्स आदेसो ।
ववहारेण दु उच्चदि तत्थेक्को णिग्गदो राया ॥४७॥
एमेव य ववहारो अज्झवसाणादि अण्णभावाणं ।
जीवो त्ति कदो सुत्ते तत्थेक्को णिच्छिदो जीवो ॥४८॥

નરપતિ વિસ્તૃત સૈન્યસહ નીકળે નગર બહાર;
નૃપ એક આ નીકળ્યો, જેમ કરે વ્યવહાર ૪૭
તેમ અધ્યવસાનાદિને, જીવ કહે વ્યવહાર;
પણ નિશ્ચયથી તત્ત્વમાં જીવ એકરૂપ સાર. ૪૮

જેમ આ રાજા પાંચ યોજન વ્યાપીને નીકળ્યો છે, એ કથનમાં એકલા રાજાને પાંચ યોજન વ્યાપવું અશક્ય હતાં સૈન્યસમુદાયમાં "રાજા" એમ કહેવાય છે, તે વ્યવહાર

[illegible]

[illegible]

[illegible]

અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, અશબ્દ, અલિંગગ્રહણ અને અનિર્દિષ્ટસંસ્થાન એવો તે જીવ ચેતના ગુણવાળો છે તે આ રીતે.

જીવ (૧) પુદ્ગલદ્રવ્યથી ભિન્ન છે, તેથી તેનામાં રસ ગુણનો અભાવ હોવાથી અરસ છે (૨) પુદ્ગલદ્રવ્યના ગુણોથી ભિન્ન છે તેથી પોતે રસ ગુણરૂપે ન હોવાથી અરસ છે (૩) પરમાર્થથી તેને પુદ્ગલના સ્વામીપણાનો અભાવ છે તેથી દ્રવ્યેન્દ્રિયના અવલંબનથી રસને ગ્રહણ કરતો ન હોવાથી અરસ છે (૪) સ્વભાવથી તેને ક્ષાયોપશમિક ભાવનો પણ અભાવ છે તેથી ભાવેન્દ્રિયના અવલંબનથી પણ પોતે રસને ગ્રહણ કરતો ન હોવાથી અરસ છે (૫) સકલ સાધારણ એક સંવેદન પરિણામ સ્વભાવવાળો છે, તેથી માત્ર રસવેદના

પરિણામને પ્રાપ્ત થઈને પોતે રસને ગ્રહણ કરતો ન હોવાથી અરસ છે (૬) સંપૂર્ણ જ્ઞેયને જ્ઞાયક સાથે તાદાત્મ્યનો નિષેધ છે, તેથી રસને જાણવામા પરિણમેલો છતાં પોતે રસરૂપે પરિણમતો ન હોવાથી અરસ છે

ઉપર જે રીતે આત્મા અરસ હોવામા છ કારણો કહ્યા તે જ રીતે 'રસ'ને ઠેકાણે અનુક્રમે 'રૂપ' 'ગંધ' 'સ્પર્શ' અને 'શબ્દ' મૂકીને આત્મા અરૂપ છે. અગંધ છે, અસ્પર્શ છે, અશબ્દ છે એમ દરેકમાં છ પ્રકારે કારણ સહિત વ્યાખ્યાન વિચારી લેવુ શબ્દ એ પુદ્ગલનો ગુણ નથી પણ પર્યાય છે તેથી તેના સંબંધમા ગુણને ઠેકાણે પર્યાય સમજવો. જેમકે જીવ (૧) પુદ્ગલદ્રવ્યથી ભિન્ન છે તેથી તેનામા શબ્દપર્યાયનો અભાવ હોવાથી અશબ્દ છે. વગેરે

સંસ્થાન એટલે આકાર જીવ અનિર્દિષ્ટસંસ્થાન છે એટલે તેનો આકાર કહી શકાતો નથી તે આ પ્રકારે- (૧) પુદ્ગલદ્રવ્યથી ઉત્પન્ન થતા શરીરના સંસ્થાનને આત્માનો આકાર કહેવાની અશક્યતાથી જીવ અનિર્દિષ્ટસંસ્થાન છે (૨) નિયત સ્વભાવવાળો આત્મા અનિયત સંસ્થાનવાળા અનંત શરીરમા રહી શકતો હોવાથી જીવ અનિર્દિષ્ટસંસ્થાન છે (૩) સંસ્થાન નામકર્મનો પુદ્ગલમા નિર્દેશ થતો હોવાથી જીવ અનિર્દિષ્ટસંસ્થાન છે (૪) ભિન્ન ભિન્ન સંસ્થાનરૂપ પરિણમેલા સમસ્ત વસ્તુસમુદાયને એકરૂપે જાણવાની શક્તિવાળો છતાં પોતે અખંડ લોકમા મિલનશૂન્ય સ્વરૂપ છે એવી પ્રગટ થતી નિર્મળ અનુભૂતિથી અત્યંત નિરાકાર હોવાથી જીવ અનિર્દિષ્ટસંસ્થાન છે

માલિની

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम् ।
इममुपरि चरन्तं चारुविश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनंतम् ॥३५॥

ચૈતન્યશક્તિથી રહિત એવા સર્વ પદાર્થોનો શીઘ્ર ત્યાગ કરીને અને અત્યંત પ્રગટ એવી પોતાની ચૈતન્યશક્તિ-માત્ર ભાવમાં પ્રવેશ કરીને, વિશ્વની રમણીયતામાં સર્વત્ર ઉપરજ તરી આવતું આ જે પરમાત્મારૂપ અનંત આત્મતત્ત્વ છે. તેનો પોતાના આત્મામાં તમે સાક્ષાત્ અનુભવ કરો
(કલશ ૩૫)

ચૈતન્યથી અન્ય ભાવો પુદ્ગલમય છે એ વિષેની ગાથાઓનું હવે સૂચન કરતાં કાવ્ય કહે છે—

અનુષ્ટુપ

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम् ।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी ॥३६॥

ચૈતન્યશક્તિથી વ્યાપ્ત અને સર્વના સારરૂપ જે આ અનુભવાય છે. તે આટલો જ આ જીવ છે તેથી ઉપરાંત જે બધા ભાવો છે તે પુદ્ગલના છે (કલશ ૩૬)

એ વિષેનું વ્યાખ્યાન વિસ્તારથી છ ગાથામાં કરે છે—

जीवस्स णत्थि वण्णो णवि गंधो णवि रसो णवि य फासो ।
णवि रूवं ण सरीरं णवि संठाणं ण संहणणं ॥५०॥
जीवस्स णत्थि रागो णवि दोसो णेव विज्जदे मोहो ।
णो पच्चया ण कम्मं णोकम्मं चावि से णत्थि ।५१॥

[illegible]

[illegible] નથી (૨૧) જે [illegible] છે તે જીવના નથી (૨૨) જે [illegible] જીવના નથી (૨૩) જે ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞા અને આહાર એ ૧૪ ભેદે માર્ગણાસ્થાનો છે તે જીવના નથી (૨૪) જે ભિન્ન ભિન્ન પ્રકારે આત્માના [illegible] સહિત કર્મની કાળ મર્યાદારૂપ સ્થિતિબંધસ્થાનો છે તે જીવના નથી (૨૫) જે કષાયવિપાકની અતિશયતારૂપ સંક્લેશસ્થાનો છે તે જીવના નથી (૨૬) જે કષાયવિપાકની મંદતારૂપ વિશુદ્ધિસ્થાનો છે તે જીવના નથી (૨૭) જે ચારિત્રમોહ વિપાકની ક્રમે નિવૃત્તિ થવારૂપ સંયમલબ્ધિસ્થાનો છે તે જીવના નથી (૨૮) જે પર્યાપ્ત અપર્યાપ્ત—સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય, સંજ્ઞીપંચેંદ્રિય, ને અસંજ્ઞીપંચેંદ્રિય એ ૧૪ ભેદે જીવસ્થાન છે તે જીવના નથી (૨૯) જે મિથ્યાદૃષ્ટિ, સાસાદનસમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, અસંયતસમ્યગ્દૃષ્ટિ, સંયતાસંયત, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, અપૂર્વકરણ ઉપશમકક્ષપક, અનિવૃત્તિકરણ અથવા બાદરસાંપરાય ઉપશમ ક્ષપક, સૂક્ષ્મસાંપરાય ઉપશમકક્ષપક, ઉપશાંતકષાય,

ક્ષીણકષાય, સયોગકેવલી અને અયોગકેવલી એ ૧૪ ભેદે ગુણસ્થાનો છે તે સર્વ પણ પુદ્ગલ દ્રવ્ય પરિણામપણે અનુભૂતિથી ભિન્ન હોવાથી જીવના નથી

શાલિની

वर्णाद्या वा रागमोहादयो वा
भिन्ना भावाः सर्व एवास्य पुंसः ।
तेनैवान्तस्तत्त्वतः पश्यतोऽमी
नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात् ॥३७॥

બહિરંગ વર્ણાદિ અથવા અંતરંગ રાગમોહાદિ એ સર્વ ભાવો આ આત્માથી ભિન્ન જ છે તેથી અંતરમાં વાસ્તવિકપણે જોતા—શુદ્ધ આત્મામાં લીન થતા—એ ભાવો દેખાતા નથી. માત્ર એક આત્મા જ દેખાય છે (કલશ ૩૭)

શંકા—જો આ વર્ણાદિ ભાવો જીવના નથી તો અન્ય કર્મસિદ્ધાંતગ્રંથ વગેરેમાં તે જીવના કેમ કહ્યા છે? સમાધાન—

ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया ।
गुणठाणंता भावा ण दु केई णिच्छयणयस्स ॥५६॥

વર્ણાદિ વ્યવહારથી. જીવ તણા કહેવાય;
ગુણસ્થાનાંત ન નિશ્ચયે કોઈ જીવના થાય ૫૬

વ્યવહારનય પર્યાયાશ્રિત છે તેથી, કેસૂડાથી રંગાયેલા કપડાની સમાન જીવ ને પુદ્ગલના સંયોગે જે બંધપર્યાય છે તેને અવલંબીને પ્રવર્તતો, પરના ભાવને જીવના કહે છે. નિશ્ચયનય દ્રવ્યાશ્રિત છે તેથી માત્ર જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને પ્રવર્તતો, પરના સર્વ ભાવોને જીવના હોવાનું નિષેધ કરે છે તેથી વર્ણાદિથી માંડીને ગુણસ્થાન સુધીના ભાવો

મંદાક્રાંતા

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः ।
विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे ॥४५॥

આવી રીતે ભેદજ્ઞાનરૂપી કરવત ચલાવવાની આવડતને નચાવીને જીવઅજીવ જ્યાં સ્પષ્ટ છુટા પડે નહિ ત્યાં તો પ્રગટ ચૈતન્યમાત્ર શક્તિવડે બળપૂર્વક વિકાસ પામતું જ્ઞાનતત્ત્વ પોતે વિશ્વને વ્યાપીને અતિ રસથી અત્યંતપણે પ્રકાશે છે અર્થાત્ જીવઅજીવ સ્પષ્ટ જુદાં થવાથી મોક્ષ પ્રાપ્ત થાય તે પહેલાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે (કલશ ૪૫)

એમ જીવઅજીવ એકઠા નાચતાં હતાં તેને જુદાં ઓળખી લેવાથી છુટા પડીને રંગભૂમિપરથી જતા રહ્યા



૨ કર્તાકર્મ અધિકાર

[illegible] અને [illegible] કરીને [illegible] [illegible]
ઓળખનાર સમ્યગ્જ્ઞાન [illegible] જ્ઞાનના [illegible]

[illegible]

एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम् ।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वम् ॥४६॥

૧. જે ચેતન છું તે એકલો હું કર્તા છું અને આ ક્રોધાદિ મારા કર્મ છે–એવી અજ્ઞાનીઓની કર્તાકર્મની પ્રવૃત્તિને ચારેબાજુથી શાંત પાડતી પરમ ઉદાર અને અત્યંત ધીર જ્ઞાનજ્યોતિ, છએ દ્રવ્ય જેમાં નિરુપધિ એટલે અન્યની મદદ વિના ભિન્ન ભિન્ન પ્રકાશી રહ્યા છે, એવા વિશ્વનો સાક્ષાત્કાર કરતી પ્રગટ થાય છે (કલશ ૪૬)

जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोह्णंपि ।
अण्णाणी तावदु सो कोहादिसु वट्टदे जीवो ॥६९॥
कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदी ।
जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरसीहि ॥७०॥

આત્માસ્રવ એ બે વિષે, ભેદ ન સમજે જ્યાંય;
જીવ અજ્ઞાની ત્યાંસુધી, રહે ક્રોધાદિમાંય. ૬૯
ક્રોધાદિકમાં વર્તતાં, કર્મ જ સંચય થાય;
એમ અજ્ઞાની જીવને, બંધ કહે જિનરાય. ૭૦

આત્મા અને જ્ઞાનનો તાદાત્મ્ય સંબંધ છે. તેથી જ્ઞાન-ક્રિયામાં પ્રવર્તવુ ને દોષ નથી પરંતુ આત્મા અને ક્રોધાદિ આસ્રવોનો સંયોગસંબંધ છે. તેથી આસ્રવો આત્માથી જુદા પરભાવ છે અને તેમા પ્રવર્તવું એ દોષ છે એમ જ્યા સુધી જીવ સ્વયં (પોતે) અજ્ઞાનથી આત્મા અને આસ્રવ એ બન્નેને ભેદ પાડીને જુદા જાણતો નથી, ત્યા સુધી તે પરભાવોને સ્વભાવ માનીને નિઃશંકપણે ક્રોધાદિ કરે છે, રાગ કરે છે, દ્વેષ કરે છે, મોહ કરે છે એ રીતે જે સ્વયં અજ્ઞાની થએલો પોતાની સહજ જ્ઞાનમાત્ર ઉદાસીન અવસ્થાને છોડીને પ્રવર્તતો પ્રતિભાસે છે. તે કર્તા છે અને માત્ર જાણવારૂપ આત્માનુ કાર્ય છે તેનાથી ભિન્નસ્વરૂપે ઉત્પન્ન થતા જે ક્રોધાદિ પ્રતિભાસે છે. તે કર્મ છે ને ક્રોધાદિ પરિણામને નિમિત્ત કરીને સ્વયં પરિણમતા એવા પુદ્ગલકર્મનો તેને સંચય થાય છે અને એ રીતે જીવપુદ્ગલના પરસ્પર એક ક્ષેત્રે રહેવારૂપ સંબંધ વાળો બંધ સિદ્ધ થાય છે તે બંધ થવામાં નિમિત્તપરંપરા હોવા છતાં ઇતરેતર આશ્રયદોષ દૂર કરીને જોઈએ તો તેનું મૂળ કારણ કર્તાકર્મપ્રવૃત્તિના નિમિત્તરૂપ એક અજ્ઞાન જ છે

આ કર્તાકર્મપ્રવૃત્તિની નિવૃત્તિ ક્યારે થાય છે? તે કહે છે—

जइया इमेण जीवेण अप्पणो आसवाण तहेव ।
णादं होदि विसेसंतरं तु तइया ण बंधो से ॥७१॥

આત્મા ને આસ્રવ [illegible]
[illegible]

[illegible]

એ સ્વભાવ છે અને ક્રોધાદિમા પરિણમવું એ ક્રોધાદિરૂપ પરભાવ છે આત્મા જ્ઞાનમા પરિણમે ત્યારે ક્રોધાદિરૂપ નથી હોતો અને ક્રોધાદિમાં પરિણમે ત્યારે જ્ઞાનરૂપ નથી રહેતો એમ આત્મા અને આસવો એક વસ્તુરૂપ નથી, પણ ભિન્ન છે એવો ભેદ જ્યારે જીવ સમજે છે, ત્યારે અજ્ઞાન દૂર થઈને સમ્યગ્જ્ઞાન થતાં, તે અનાદિની કર્તાકર્મની પ્રવૃત્તિથી નિવર્તે છે, તેથી તેને પુદ્‌ગલકર્મબંધનો નિરોધ થાય છે એ રીતે જ્ઞાનથી જ બંધનિરોધ સિદ્ધ થાય છે

માત્ર જ્ઞાનથી જ બંધનિરોધ કેવી રીતે થાય છે? તે કહે છે—

णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।
दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो ॥७२॥

આસ્રવનું અશુચિપણું, ને વિપરીત વિભાવ;
દુઃખકારણ જાણી કરે, જીવ નિવૃત્તિસ્વભાવ. ૭૨

ભેદજ્ઞાન થતાં જીવને જણાય છે કે—પાણીમાં શેવાળની સમાન આસ્રવો પરિણામને બગાડનારા ખરેખર અશુચિ છે અને ભગવાન આત્મા તો અતિ નિર્મળ ચૈતન્યરૂપે સદા અનુભવાતો અત્યંત પવિત્ર જ છે; આસ્રવો પર વડે જણાવા-યોગ્ય હોવાથ જડરૂપ અત્યંત વિપરીત સ્વભાવવાળા છે અને ભગવાન આત્મા તો સદા વિજ્ઞાનઘન—સ્વભાવપણે સ્વયં સ્વપરપ્રકાશક હોવાથી અનન્ય સ્વભાવવાળો છે, આસ્રવો વ્યાકુળતા ઉત્પન્ન કરતા હોવાથી ખરેખર કર્મબંધ અને દુઃખનાં કારણ છે અને ભગવાન આત્મા તો સદા અનાકુળ સ્વભાવ વાળો હોવાથી કર્મનું કાર્ય કે કારણ નથી અને દુઃખનું

કારણ પણ નથી એ રીતે જ્યારે આત્મા ને આસ્રવોનો ભેદ જાણે છે, ત્યારે જીવ ક્રોધાદિ આસ્રવોથી નિવર્તે છે, કારણકે ક્રોધાદિથી ન નિવર્તનારને પારમાર્થિક ભેદજ્ઞાનની અસિદ્ધિ છે જ્ઞાન હોય ત્યા આસ્રવથી નિવર્ત્યો હોય છે, એ રીતે જ્ઞાનથી જ બંધનિરોધ થાય છે એમ કહ્યુ તેથી અજ્ઞાનાશ-ક્રિયાનયનો નિષેધ થયો, અને આત્મા ને આસ્રવનું ભેદજ્ઞાન છતા આસ્રવથી નિવર્તે નહી એમ માનનારને જ્ઞાન જ નથી એમ કહ્યુ, તેથી અજ્ઞાનાશ-જ્ઞાનનયનો પણ નિષેધ થયો

અર્થાત્ ક્રોધાદિથી નિવર્તી આત્મામાં સ્થિર થનારને જ વાસ્તવિક ભેદજ્ઞાન થાય છે આત્માના અનુભવ વખતે સમ્યક્-ચારિત્ર પણ હોય છે. તેથી ત્યા આસ્રવનો નિરોધ છે સમ્યગ્દર્શન થયા પછી ચારિત્રમોહને લઈને કંઈક મલિનતા થાય છે, પરતુ તે આત્માને કર્મના ઉદયથી ભિન્ન જ જાણે છે માન્યતા સાચી હોવાથી ત્યા સમ્યગ્દર્શન હોય છે અજ્ઞાન અવસ્થામા જે કર્મ બધાતા હતા તે કરતા જ્ઞાન અવસ્થામાં બહુ અલ્પ કર્મ બધાય છે, કારણ કે આસ્રવનું મુખ્ય કારણ જે મિથ્યાત્વ અને અનંતાનુબધી તેનો ત્યા અભાવ છે તેથી સમ્યગ્દષ્ટિને અબધક કહ્યા છે ચારિત્રમોહને લઈને ક્રોધાદિ ઉદય આવે, તો પણ પોતાને ક્રોધાદિરૂપ ન માને તેથી અલ્પ બંધ થાય જેટલું જ્ઞાન છે તેટલુ અબધપણુ હોય છે

[illegible]

[illegible]

[illegible] (... ૭૨)

[illegible] કહે છે :

અહમિક્કો ખલુ સુદ્ધો ણિમ્મમઓ ણાણદંસણસમગ્ગો ।
તમ્હિ ઠિઓ તચ્ચિત્તો સવ્વે એદે ખયં ણેમિ ॥૭૩॥

હું એક શુદ્ધ નિર્મમ છું, જ્ઞાનદર્શન પૂર્ણ છું;
તેમાં સ્થિત તલ્લીન થઈ, હું સર્વ આ આસ્રવ. ૭૩

હું આ આત્મા પ્રત્યક્ષ અખંડ અનંત ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ અનાદિ અનંત નિત્યપ્રગટ વિજ્ઞાનઘન સ્વભાવવાળો હોવાથી **એક** છું, કારકચક્રની ક્રિયાઓથી રહિત માત્ર નિર્મળ અનુભૂતિરૂપ હોવાથી **શુદ્ધ** છું, પુદ્ગલ જેનો સ્વામી છે એવા વિશ્વપ્રમાણ ક્રોધાદિ ભાવોને પોતાના ન માનતો, તેના સ્વામીપણે કદાપિ ન પરિણમતો હોવાથી **નિર્મમ** છું. વસ્તુ માત્ર સામાન્ય અને વિશેષ રૂપે હોય તો પૂર્ણ કહેવાય છે તેથી **દર્શન** (સામાન્ય) અને **જ્ઞાન** (વિશેષ) રૂપે સંપૂર્ણ છું. વળી અરૂપી છતાં આકાશની જેમ વસ્તુ વિશેષ છું, એવો હું સર્વ પરદ્રવ્યસંબંધી પ્રવૃત્તિને ત્યાગીને આત્મામાં નિશ્ચળ રહેલો, સર્વ પરદ્રવ્યનિમિત્તે થતા રાગાદિવિકલ્પરૂપ ચેતનચંચળતાને ત્યાગીને આત્માનો અનુભવ કરતો, અજ્ઞાનથી આત્મામાં ઉદય થતા આ સર્વ ક્રોધાદિ આસ્રવોને ક્ષય કરું છું એમ

જીવ કર્મ-નોકર્મનાં, કરે નહીં પરિણામ;
એ નિશ્ચય જે જાણતા, જ્ઞાની તેનું નામ. ૭૫

કર્મનાં પરિણામ-મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિને અને નોકર્મનાં પરિણામ—સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ સંસ્થાન, સ્થૌલ્ય, સૌક્ષ્મ્ય આદિને પુદ્ગલ સાથે માટી-ઘટની સમાન વ્યાપ્યવ્યાપક સંબંધ છે અને આત્મા સાથે ઘટ-કુંભકાર સમાન વ્યાપ્યવ્યાપક સંબંધ નથી, તેથી તે સર્વ પુદ્ગલના પરિણામને જાણવારૂપ જે જ્ઞાન છે, તે જ્ઞાનપરિણામનો આત્મા માટીઘટની સમાન વ્યાપ્યવ્યાપકપણે કર્તા છે પરમાં જ્ઞેયજ્ઞાયક સંબંધ પણ વ્યવહારથી જ છે નિશ્ચયથી તો આત્મા આત્માને જ જાણે એવા શુદ્ધ આત્મ પરિણામનો જ આત્મા કર્તા છે એમ જે જાણે તે જ્ઞાની છે

शार्दूलविक्रीडित

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसंभवमृते का कर्तृकर्मस्थितिः ।
इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिंदंस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान् ॥४९॥

કે [illegible] [illegible] [illegible] [illegible] માને તો [illegible] આત્મા આત્માના પરિણામને જેમ નિશ્ચયથી કરે છે, તેવી રીતે પુદ્ગલ કર્મપરિણામને પણ જો નિશ્ચયથી કરે અને ભોગવે એમ અજ્ઞાનથી માને તો તે મિથ્યાદૃષ્ટિ થાય છે

આર્યા

यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म ।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया ॥५१॥

જે પરિણમે તે કર્તા છે, પરિણામ તે કર્મ છે અને પરિણમવું એ ક્રિયા છે એ ત્રણે કર્તા, કર્મ ને ક્રિયા વાસ્તવિક ભિન્ન નથી (કલશ ૫૧)

આર્યા

एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य ।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः ॥५२॥

પરિણમનાર, પરિણામ ને પરિણતિ એ ત્રણે એક જ દ્રવ્યમાં થાય છે, કારણ કે પર્યાયથી અનેક છતાં દ્રવ્ય સદાય એક જ છે (કલશ ૫૨)

नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत ।
उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव सदा ॥५३॥

બે દ્રવ્ય સાથે મળીને પરિણમતાં નથી, બેનું એક પરિણામ થતું નથી અને બેની એક પરિણતિ થતી નથી જે અનેક (જુદા) છે તે સદા અનેક જ રહે છે (કલશ ૫૩)

આર્યા

नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य ।
नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात् ॥५४॥

એક દ્રવ્યના બે કર્ત્તા, બે કર્મ કે બે ક્રિયા થાય નહિ કારણ કે એક દ્રવ્યમાંથી અનેક દ્રવ્ય થાય નહિ (કલશ ૫૪)

શાર્દૂલવિક્રીડિત

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-
र्दुर्वारं ननु मोहिनामिह महाहंकाररूप तम ।
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
तत्किं ज्ञानघनस्य बंधनमहो भूयो भवेदात्मन ॥५५॥

પરને હું કરું છું એ પ્રકારનો મહા અહંકારરૂપ અંધકાર જગતવાસી જીવોને અત્યંત દુર્નિવાર છે તે અહંકાર અનાદિકાળથી જીવની સાથે વળગેલો છે જો એકવાર તે અહંકાર નિશ્ચયનયના અવલંબનથી દૂર થઈ જાય, તો પછી જ્ઞાનસ્વરૂપ આત્માને શું ફરી બંધ થાય? (કલશ ૫૫)

અનુષ્ટુપ

आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः ।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते ॥५६॥

આત્મા આત્મભાવોને કરે છે અને પર (પુદ્ગલ) પરભાવોને કરે છે આત્માના ભાવ આત્મારૂપ જ છે અને પરના ભાવ પરરૂપ જ છે (કલશ ૫૬)

[illegible]

[illegible]

पुग्गलकम्मं मिच्छं जोगो अविरदि अणाणमज्जीवं ।
उवओगो अण्णाणं अविरदि मिच्छं च जीवो दु ॥८८॥

જડકર્મ-મિથ્યા અવિરતિ, વળી અજ્ઞાન અજીવ છે;
ઉપયોગ-મિથ્યા અવિરતિ, વળી અજ્ઞાન જીવ છે. ૮૮

જે ખરેખર મિથ્યાદર્શન અજ્ઞાન અવિરતિ યોગ આદિ અજીવ છે, તે અમૂર્ત ચૈતન્યપરિણામથી નિરાળા મૂર્ત પુદ્ગલરૂપ છે, અને જે મિથ્યાદર્શન અજ્ઞાન અવિરતિ યોગ આદિ જીવ છે, તે મૂર્ત પુદ્ગલપરિણામથી નિરાળા, અમૂર્ત ચૈતન્યના વિકારરૂપ છે

તે મિથ્યાદર્શન આદિ ચૈતન્યના વિકાર કેવી રીતે છે? તે કહે છે-

उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स ।
मिच्छत्तं अण्णाणं अविरदिभावो य णायव्वो ॥८९॥

મોહયુક્ત ઉપયોગનાં, અનાદિ ત્રણ પરિણામ;
મિથ્યાત્વ અજ્ઞાન અવિરતિ, અનંત દુઃખનાં ધામ. ૮૯

જેમ સ્ફટિકની સ્વચ્છતા સ્વસ્વરૂપે પરિણમવાને સમર્થ છતાં તમાલ, કેળ અને સુવર્ણપાત્રના સંસર્ગથી લાલ, લીલો ને પીળો એ ત્રણ રંગવાળો દેખાય છે તેમ આત્માનો ઉપયોગ સ્વસ્વરૂપે પરિણમવાને સમર્થ છતાં અનાદિ અન્ય વસ્તુરૂપ મોહ જેમાં અંતર્ગત રહ્યો છે એવા મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિના સંસર્ગથી એ ત્રણ પ્રકારના વિકારયુક્ત પરિણમે છે

એ આત્માના અશુદ્ધ પરિણામનો કર્તા કોણ છે? તે કહે છે—

एएसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो ।
जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता ॥९०॥

નિશ્ચયથી ઉપયોગ તો શુદ્ધ નિરંજન ભાવ;
ત્રિવિધ પરિણમી તે બને, કર્તા વિવિધ વિભાવ. ૯૦

તે કર્મ[illegible]

परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो ।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि ॥९२॥

પરને પોતાનાં કરે, પોતાને પણ [illegible]
ભૂલી કર્મ-કર્તા બને, જીવ અજ્ઞાની એમ જ [illegible]

આ આત્મા અજ્ઞાનથી સ્વપરનો ભેદ ન જાણતો પરને આત્મારૂપ અને પોતાને પરરૂપ કરતો સ્વયં અજ્ઞાની બનેલો

કર્તા ભાસે છે તે આ પ્રકારેઃ રાગદ્વેષસુખ દુઃખાદિ અનુભવ કરાવનારાં પુદ્ગલકર્મપરિણામ છે તે શીતોષ્ણ અનુભવ કરાવનારાં પુદ્ગલ પરિણામની સમાન પુદ્ગલથી અભિન્ન અને આત્માથી નિત્ય અત્યંત ભિન્ન છે અને તે નિમિત્તે થતો આત્માનો અનુભવ આત્માથી અભિન્ન છે અને પુદ્ગલથી નિત્ય અત્યંત ભિન્ન છે એમ રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર ભેદ જાણતો નથી ત્યારે જીવને શીત-ઉષ્ણની સમાન રાગદ્વેષસુખદુઃખાદિરૂપે પરિણમવું અશક્ય છતાં અજ્ઞાનથી, હું રાગ કરું છું ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્ત્તા ભાસે છે

પરંતુ જ્ઞાનથી કર્મ બંધાતા નથી.–

परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो ।
सो णाणमओ जीवो कम्माणमकारगो होदि ॥९३॥

પોતાને પોતાપણું, જાણે અન્યને અન્ય;
જીવ કર્મ-કર્તા મટે જ્ઞાનવાન તે ધન્ય ૯૩

ખરેખર આ આત્મા જ્ઞાનથી જ સ્વપરનો ભેદ જાણે છે, ત્યારે પરને આત્મારૂપે અને આત્માને પરરૂપે ન કરતો સ્વયં જ્ઞાની બંનેનો કર્તા ભાસતો નથી તે આ પ્રકારે – રાગદ્વેષસુખદુઃખાદિ અનુભવ કરાવનારાં જે પુદ્ગલકર્મ-પરિણામ છે, તે શીતોષ્ણ અનુભવ કરાવનારાં પુદ્ગલપરિણામની સમાન પુદ્ગલથી અભિન્ન અને આત્માથી નિત્ય અત્યંત ભિન્ન છે અને તે નિમિત્તે થતો આત્માનો અનુભવ આત્માથી અભિન્ન છે અને પુદ્ગલથી નિત્ય અત્યંત ભિન્ન છે એમ પરસ્પર ભેદ જ્યારે જાણે છે ત્યારે શીતોષ્ણની [illegible]

રાગદ્વેષસુખદુઃખાદિરૂપે પરિણામનું પોતાને આશ્રયપણું છે એમ જાણતો, તે રૂપે લેશ પણ ન પરિણમતો, આત્માનું જ્ઞાનપણું પ્રગટ કરતો સ્વયં જ્ઞાનમય થઈને; આ હું માત્ર જાણું છું, રાગરૂપ છે તે પુદ્ગલ છે ઇત્યાદિ વિધિથી જ્ઞાનવિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો જીવ અકર્તા ભાસે છે.

અજ્ઞાનથી કર્મ કેવી રીતે ઉત્પન્ન થાય છે? તે કહે છેઃ—

तिविहो एसुवओगो अप्पवियप्पं करेइ कोहोऽहं ।
कत्ता तस्सुवओगस्स होइ सो अत्तभावस्स ॥९४॥

કરે ત્રિવિધ ઉપયોગ આ. 'હું ક્રોધાદિ' વિકલ્પઃ
કર્તા તે ઉપયોગનો. થાય જીવ સવિકલ્પ. ૯૪

મોહ વિકાર સહિત ચેતન સામાન્યપણે એક અજ્ઞાનરૂપ છે તે આત્માને ને પરને ભેદરહિત જોતો જાણતો અને પરિણમતો વિશેષપણે ત્રણરૂપ થાય છે તે અજ્ઞાન આત્મા ભાવક (ઉદય આવતાં ક્રોધાદિ કર્મ) અને ભાવ્ય (ક્રોધાદિ ભાવે પરિણમેલો આત્મા) એ બન્નેને એક સ્વરૂપ માનતો 'હું ક્રોધાદિ છું' એમ વિકારયુક્ત થતો તે વિકારયુક્ત ભાવોનો કર્તા થાય છે

'આદિ' શબ્દથી માન, માયા, લોભ, મોહ, રાગ, દ્વેષ, કર્મ, નોકર્મ, મન, વચન, કાયા, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન વિગેરે ભાવોનું પણ તથાપ્રકારે વ્યાખ્યાન વિચારી લેવું.

એ જ પ્રકારે જ્ઞેય એવા ધર્માદિ અન્ય દ્રવ્યમાં પણ આત્મા વિકલ્પ કરે છે તે કહે છેઃ—

तिविहो एसुवओगो अप्पवियप्पं करेइ धम्माइ ।
कत्ता तस्सुवओगस्स होइ सो अत्तभावस्स ॥९५॥

કરે ત્રિવિધ ઉપયોગ આ 'હું ધર્માદિ' વિકલ્પ,
કર્તા તે ઉપયોગનો થાય જીવ અવિકલ્પ. ૯૫.

ઉપર કહ્યું તેવી જ રીતે અજ્ઞાન ઉપયોગ એક છતાં ત્રણ પ્રકારે પરિણમીને જ્ઞેય જે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ તથા અન્ય જીવો છે, તેને જ્ઞાનરૂપ પોતાના આત્માથી ભિન્ન ન માનતો હું ધર્મ છું અધર્મ છું, આકાશ છું, કાળ છું પુદ્ગલ છું, અન્ય જીવરૂપ છું એમ ઉપાધિસહિત આત્મપરિણામનો કર્તા થાય છે

એ વાતને સ્પષ્ટ કરે છે —

एवं पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धीओ ।
अप्पाणं अवि य परं करेइ अण्णाणभावेण ॥९६॥

એવા અજ્ઞાન ભાવથી, પરને કરે સ્વરૂપ:
મંદબુદ્ધિ આમ અહા' સ્વ-દ્રવ્યને પરરૂપ ૯૬

કષાય સાથે એકરૂપ થયેલો ઉપયોગ, ભૂતાવિષ્ટની સમાન બળવાન બનીને અનેક [illegible] કાર્યો કરતો દેખાય છે અને ધર્માસ્તિકાયાદિ જ્ઞેય સાથે એકરૂપ થયેલો ઉપયોગ, પાડાનું ધ્યાન કરનાર શિષ્ય આકાશને અડે એવા મોટા શીંગડાવાળા પાડારૂપ પોતાને માનવા લાગ્યો, તેમ મન અને ઇન્દ્રિયના વિષયરૂપ જ્ઞેયમાં જ્ઞાનરૂપ આત્માને મૂર્છિત કરતો, મડદા રૂપ દેહમાં પરમામૃત વિજ્ઞાનઘન આત્માને એકરૂપ માનવાથી અજ્ઞાની જીવ તે પ્રકારના ભાવનો કર્તા થાય છે

તેથી એમ નિશ્ચય થાય છે કે જ્ઞાનથી કર્તૃપણું ટળે છે —

एदेण दु सो कत्ता आदा णिच्छयविदूहिं परिकहिदो ।
एवं खलु जो जाणदि सो मुंचदि सव्वकत्तित्तं ॥९७॥

વસંતતિલકા

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः ।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्ध्या
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम् ॥५७॥

જે આત્મા પોતે જ્ઞાનરૂપ છતાં રાગ કરે છે, તે અજ્ઞાનથી તૃણ ને મિષ્ટાન્ન સાથે ખાનાર હાથી સમાન અવિવેકી છે અને ઉન્મત્ત પણ છે. જેમ કોઈ ઉન્મત્ત મનુષ્ય ખાંડવાળા દહીંને પીને તેના ખાટા મીઠા રસથી અતિ આસક્ત થએલો એમ માને કે આ દૂધ જેવા રસવાળું છે અને તેથી ગાય દોહવાની ચેષ્ટા કરે તેના જેવા ઉન્મત્ત પણ છે (કલશ ૫૭)

શાર્દૂલવિક્રીડિત

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः ।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवन्त्याकुलाः ॥५८॥

અજ્ઞાનથી હરણો આ પાણી છે એવી બુદ્ધિથી મૃગતૃષ્ણાને પીવા દોડે છે, અજ્ઞાનથી [illegible]

मन्दाक्रान्ता

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः ।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम् ॥६०॥

જ્ઞાનથી જ ઉષ્ણતા અગ્નિની અને શીતળતા પાણીની એમ ભેદ જણાય છે, જ્ઞાનથી જ શાકના અને મીઠાના સ્વાદનો ભેદ ઉલ્લસે છે તેવી રીતે જ્ઞાનથી જ પોતાના અજ્ઞાનરસથી વિકસતા નિત્ય ચૈતન્ય દ્રવ્યનો અને ક્રોધાદિનો ભેદ કર્તાપણાને દૂર કરતો પ્રગટ થાય છે

અનુષ્ટુપ

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमंजसा ।
स्यात्कर्तामात्मभावस्य परभावस्य न क्वचित् ॥६१॥

આ પ્રમાણે આત્મા આત્માને પ્રગટપણે અજ્ઞાનરૂપ કરે

કે જ્ઞાનરૂપ કરે તો પણ તે આત્મભાવનો જ કર્તા થાય છે પરભાવનો કર્તા ક્યારેય થતો નથી (કલશ ૬૧)

અનુષ્ટુપ

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥६२॥

આત્મા જ્ઞાન સ્વરૂપ છે, સ્વયં જ્ઞાન જ છે. તેથી જ્ઞાનથી જુદું શું કરે? આત્મા પરભાવનો કર્તા છે એમ કહેવું એ વ્યવહારી જીવોનો મોહ છે (કલશ ૬૨)

તે મોહયુક્ત વ્યવહાર આ પ્રકારે છે–

ववहारेण दु आदा करेदि घडपडरथाणि दव्वाणि ।
करणाणि य कम्माणि य णोकम्माणीह विविहाणि ॥९८॥

ઘટ પટ રથ આદિ કરે વ્યવહારે આ જીવ;
કરણ કર્મ નોકર્મના, વિવિધ પ્રકાર તથૈવ ૯૮

વ્યવહારથી જેમ આત્મા પોતાના વિકલ્પોવડે ઘટ પટ રથ આદિ પરદ્રવ્યરૂપ બાહ્ય કર્મને કરતો જણાય છે, તેમ પરદ્રવ્યાત્મક ઇન્દ્રિયાદિ કરણ, ક્રોધાદિ સમસ્ત અભ્યંતર કર્મ અને પ્રાપ્ત થતા વિવિધ નોકર્મ-શરીરાદિ પણ, તેઓ બધાંને આત્મા કરે છે એમ વ્યવહારી જીવોનો મોહ છે

પરંતુ નિશ્ચય રીતિથી તે વ્યવહાર યથાર્થ નથી—

जदि सो परदव्वाणि य करिज्ज णियमेण तम्मओ होज्ज ।
जम्हा ण तम्मओ तेण सो ण तेसिं हवदि कत्ता ॥९९॥

જેમ કોઈ ગોરસ-અધ્યક્ષ (ભરવાડ) દૂધદહીંમાં થતા ફેરફારોને માત્ર જાણે પરંતુ પોતે કરતો નથી તેવી રીતે જ્ઞાની જ્ઞાનાવરણ કર્મને થતા જાણે છે, પરંતુ પોતે તેના કર્તા નથી ને જાણવારૂપ જ્ઞાનક્રિયાના જ જ્ઞાની કર્તા છે. જ્ઞાનાવરણની જેમ બીજાં સાત કર્મ, મનવચનકાય, પાંચ ઇંદ્રિય વગેરે વિષે પણ તથાપ્રકારે વિચારી લેવું.

અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી—

जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता ।
तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा ॥१०२॥

કરે શુભાશુભ ભાવ જે કર્તા તેનો થાય,
એ જ શુભાશુભ ભાવનો ભોક્તા જીવ ગણાય ૧૦૨.

અજ્ઞાની પણ અનાદિ અજ્ઞાનને વશ સ્વપરના એકત્વ[illegible] અધ્યાસથી, પુદ્ગલકર્મવિપાકથી થતા મંદતીવ્ર રસાદિ, [illegible] એક સ્વાદવાળા શુદ્ધભાવને ભૂલીને અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવ કરે છે તે શુભાશુભ ભાવનો જ કર્તા થાય છે. તે જ શુભાશુભ ભાવ તેનું ભાવકર્મ છે. તેનો તન્મયપણે [illegible] હોવાથી ભોક્તા પણ પોતાના જ ભાવનો થાય છે. એ રીતે અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી.

પરભાવને (પરભાવરૂપે) કોઈ [illegible] —

जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे ।
सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं ॥१०३॥

નિમિત્ત નૈમિત્તિક ભાવે પણ આત્મા પરદ્રવ્યનો કર્તા નથી:-

जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे ।
जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता ॥१००॥

ઘટ પટ આદિ દ્રવ્યનો, કર્તા જીવ ન થાય;
નિમિત્ત યોગ-ઉપયોગનો, કર્તા તે કહેવાય ૧૦૦.

વળી આત્મા ઘટપટાદિ અને ક્રોધાદિને નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ કરતો નથી, કારણ કે એને આત્માનો સ્વભાવ માનીએ તો તેને પરદ્રવ્યના નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે નિમિત્તપણે કર્તા તો આત્માના યોગ ને ઉપયોગ છે. મનવચનકાયાના નિમિત્તે આત્મપ્રદેશોનું સકંપ થવું તે યોગ છે, અને રાગાદિયુક્ત જ્ઞાનની પરિણતિ થવી તે અશુદ્ધ ઉપયોગ છે એ બન્ને આત્માના અનિત્ય પર્યાય છે, બધી અવસ્થામાં વ્યાપતા નથી. તે યોગ અને ઉપયોગ અનુક્રમે ઘટાદિના અને ક્રોધાદિના નિમિત્તમાત્રપણે કર્તા કહેવાય છે આત્મા અજ્ઞાની થઈને પોતાના અશુદ્ધ યોગઉપયોગનો કર્તા થાય છે પરંતુ પરદ્રવ્યાત્મક કર્મનો કર્તા ક્યારેય થતો નથી.

જ્ઞાની જ્ઞાનના જ કર્તા છે –

जे पुग्गलदव्वाणं परिणामा होंति णाणआवरणा ।
ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी ॥१०१॥

પુદ્દગલનાં પરિણામ જે, જ્ઞાનાવરણી કર્મ;
કરે ન તેને આતમા, જ્ઞાની જાણે મર્મ. ૧૦૧.

જેમ કોઈ ગોરસ-અધ્યક્ષ (જોનાર) દૂધદહીંમાં થતા ફેરફારોને માત્ર જાણે પરંતુ પોતે કરતો નથી તેવી રીતે જ્ઞાની જ્ઞાનાવરણ કર્મને થતા જાણે છે, પરંતુ પોતે તેના કર્તા નથી ને જાણવારૂપ જ્ઞાનક્રિયાના જ જ્ઞાની કર્તા છે. જ્ઞાનાવરણની જેમ બીજાં સાત કર્મ, મનવચનકાય, પાંચ ઇન્દ્રિય વગેરે વિષે પણ તથાપ્રકારે વિચારી લેવું.

અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી —

जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता।
स तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा ॥१०२॥

કરે શુભાશુભ ભાવ જે કર્તા તેનો થાય
એ જ શુભાશુભ ભાવનો ભોક્તા જીવ ગણાય. ૧૦૨.

અજ્ઞાની પણ અનાદિ અજ્ઞાનને વશ સ્વપરના એકત્વ અધ્યાસથી, પુદ્ગલકર્મવિપાકથી થતા મંદતીવ્ર રસવડે, અચળ એક સ્વાદવાળા શુદ્ધભાવને ચૂકીને જે અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવ કરે છે તે શુભાશુભ ભાવનો જ કર્તા થાય છે ને તે શુભાશુભ ભાવ તેનું ભાવકર્મ છે તેનો તે વેદકપણે અનુભવ કરે તો દેખાતો ભોક્તા પણ પોતાના જ ભાવનો થાય છે. તેથી અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી.

પરભાવને રૂપાંતરરૂપે કોઈ કરી શકે નહિ —

जो जम्हि गुणो दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।
सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं ॥१०३॥

આત્મા સ્વભાવથી પુદ્ગલ કર્મબંધનું નિમિત્ત થવા યોગ્ય નહિ છતાં અનાદિ અજ્ઞાનથી, આત્મામાં અજ્ઞાનભાવના પરિણમનરૂપ નિમિત્તથી પરિણમતા પુદ્ગલકર્મને આત્માએ કર્યું એમ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વભાવથી ભ્રષ્ટ થયેલા અજ્ઞાનીઓનો વિકલ્પ છે. તે સર્વ માત્ર ઉપચાર અથવા વ્યવહાર છે, પણ પરમાર્થ નથી

તે કેવી રીતે ? તે દૃષ્ટાંતથી સમજાવે છે—

जोधेहिं कदे जुद्धे राएण कदंति जंपदे लोगो ।
तह ववहारेण कदं णाणावरणादि जीवेण ॥१०८॥

યુદ્ધ કરે યોદ્ધાજનો [illegible]
તેમ 'કર્મ જીવે કર્યાં' એ વ્યવહાર [illegible]

જેમ યુદ્ધ ક્રિયામાં સ્વયં પ્રવર્તતા યોદ્ધાઓવડે યુદ્ધ કરાતાં, તે ક્રિયામાં સ્વયં ન પ્રવર્તતા રાજાએ [illegible] એમ લોકો કહે છે તે ઉપચાર છે, પરમાર્થ નથી. તેમ [illegible] કર્મપરિણામમાં સ્વયં [illegible] પુદ્ગલદ્રવ્યવડે કર્મ [illegible] જ્ઞાનાવરણાદિ [illegible] આત્માએ એ કર્મ [illegible] છે, પરમાર્થ નથી

તેથી સિદ્ધ થાય છે કે—

उप्पादेदि करेदि य बंधदि परिणामएदि गिण्हदि य ।
आदा पुग्गलदव्वं ववहारणयस्स वत्तव्वं ॥१०९॥

[illegible]

[illegible]

जह राया ववहारा दोसगुणुप्पादगो त्ति आलविदो।
तह जीवो ववहारा दव्वगुणुप्पादगो भणिदो॥१०८॥

[illegible]

[illegible] લોકવ્યવહારમાં જેમ પ્રજાના ગુણદોષને રાજા ઉત્પન્ન કરે છે, તેથી 'યથા રાજા તથા પ્રજા' એમ ઉપચારથી કહેવાય છે, તેમ પુદ્ગલના ગુણદોષને ઉત્પન્ન કરનાર આત્મા છે એમ કહેવું તે ઉપચાર અથવા વ્યવહાર છે

વસંતતિલકા

जीवः करोति यदि पुद्गलकर्म नैव
कस्तर्हि तत्कुरुत इत्यभिशंकयैव।
एतर्हि तीव्ररयमोहनिवर्हणाय
संकीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ ॥६३॥

જો જીવ પુદ્ગલકર્મને નથી જ કરતો, તો પછી તેને કોણ કરે છે? એમ શિષ્ય આશંકા કરે છે તેથી હવે તેના તીવ્ર વેગવાળા મોહને દૂર કરવા માટે આચાર્ય કહે છે કે પુદ્ગલકર્મના કર્તા કહેવાય છે, તે સાંભળઃ— (કલશ ૬૩)

सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो ।
मिच्छत्तं अविरमणं कसायजोगा य बोद्धव्वा ॥१०९॥

तेसिं पुणो वि य इमो भणिदो भेदो दु तेरसवियप्पो ।
मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं ॥११०॥

एदे अचेदणा खलु पुग्गलकम्मुदयसंभवा जम्हा ।
ते जदि करंति कम्मं ण वि तेसिं वेदगो आदा ॥१११॥

गुणसण्णिदा दु एदे कम्मं कुव्वंति पच्चया जम्हा ।
तम्हा जीवोऽकत्ता गुणा य कुव्वंति कम्माणि ॥११२॥

મિથ્યાત્વ ને અવિરતિ, [illegible]
[illegible] પ્રત્યય [illegible] ૧૦૯
મિથ્યાત્વથી [illegible]
[illegible] પ્રત્યય [illegible] ૧૧૦
[illegible]
[illegible] ૧૧૧
[illegible]
[illegible]

જડ ક્રોધ પણ અનન્ય હોય તો જીવને જડપણાની પ્રાપ્તિ થાય, તેથી જીવ અને અજીવ બન્ને એક થતાં દ્રવ્યની ભિન્નતાનો લોપ થાય, એ પ્રત્યક્ષ વિરોધ આવે છે એ રીતે જડ પ્રત્યય, કર્મ, નોકર્મ વગેરે સાથે પણ જીવને અનન્ય માનતાં એ જ દોષ આવે છે તેથી એમ સિદ્ધ થાય છે કે ઉપયોગાત્મક જીવ ભિન્ન અને જડસ્વભાવવાળા પ્રત્યય, કર્મ, નોકર્મ વગેરે ભિન્ન છે એમ જીવ અને પ્રત્યયોનું એકપણું નથી.

સાંખ્યમતવાદી શિષ્ય પ્રત્યે પુદ્ગલદ્રવ્યના પરિણામી સ્વભાવ સિદ્ધ કરે છે.—

जीवे ण सयं बद्धं ण सयं परिणमदि कम्मभावेण।
जइ पुग्गलदव्वमिणं अप्परिणामी तदा होदि ॥११६॥
कम्मइयवग्गणासु य अपरिणमंतीसु कम्मभावेण।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा ॥११७॥
जीवो परिणामयदे पुग्गलदव्वाणि कम्मभावेण।
ते सयमपरिणमंते कहं णु परिणामयदि चेदा ॥११८॥
अह सयमेव हि परिणमदि कम्मभावेण पुग्गलं दव्वं।
जीवो परिणामयदे कम्मं कम्मत्तमिदि मिच्छा ॥११९॥
णियमा कम्मपरिणदं कम्मं चिय होदि पुग्गलं दव्वं।
तह तं णाणावरणाइपरिणदं मुणसु तच्चेव ॥१२०॥

[illegible]

કહો કે પુદ્ગલદ્રવ્યને, જીવ કરે કર્મરૂપ;
કેમ અપરિણામી સ્વયં, કરાય કર્મસ્વરૂપ? ૧૧૮.
પુદ્ગલ પોતે પરિણમે, જો માને એ સત્ય;
જીવ કરે છે કર્મને, એ સિદ્ધાંત અસત્ય. ૧૧૯.
એમ નિયમથી પરિણમે, કર્મપણે જડદ્રવ્ય;
જ્ઞાનાવરણાદિ ખરે, કર્મ જાણ જડ સર્વ. ૧૨૦.

જો પુદ્ગલદ્રવ્ય કર્મભાવે પરિણમીને સ્વયં જીવમાં ભાવરૂપે પરિણમે નહિ તો તે અપરિણામી કહેવાય એ રીતે સર્વ પુદ્ગલને અપરિણામી માનીએ તો સંસારના અભાવનો પ્રસંગ આવે. જીવ પુદ્ગલને કર્મભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી એમ તર્ક કરો તો તેમાં વિરોધ આવે છે, કારણ કે સ્વયં અપરિણામી સ્વભાવવાળાને પરિણમાવી શકાય નહિ અને જો સ્વયં પરિણામી સ્વભાવવાળા પુદ્ગલને જીવ પરિણમાવે છે એમ કહો તો તે [illegible] નથી, કારણ કે જે પોતે પરિણમવાની શક્તિવાળું છે તે પરની [illegible] રાખતું નથી તેથી જેમ માટી અનુક્રમે [illegible] પરિણમે છે, તેમ પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ [illegible] પરિણમે છે, તેથી પુદ્ગલદ્રવ્યનો પરિણામી [illegible] છે.

છે તે ભાવકર્મનો આત્મા કર્તા એ પ્રકારે થાય છે. જ્ઞાનીને સમ્યક્ સ્વપરવિવેક વડે ભિન્ન આત્માની અનુભૂતિ અત્યંત પ્રગટ હોવાથી જ્ઞાનીના ભાવ જ્ઞાનમય જ હોય છે અને અજ્ઞાનીને તો સમ્યક્ સ્વપરવિવેકના અભાવમાં ભિન્ન આત્માની અનુભૂતિ અત્યંત અપ્રગટ હોવાથી અજ્ઞાનીના ભાવ અજ્ઞાનમય જ હોય છે.

જ્ઞાનમય અને અજ્ઞાનમય ભાવનું ફળ શું ? તે કહે છે—

अण्णाणमओ भावो अणाणिणो कुणदि तेण कम्माणि ।
णाणमओ णाणिस्स दु ण कुणदि तम्हा दु कम्माणि ॥१२७॥

અજ્ઞાનીનો અજ્ઞાનમય-ભાવ, [illegible]
જ્ઞાનીનો તો જ્ઞાનમય તેથી તે [illegible]

[illegible]

[illegible]

જ્ઞાનીના સર્વ ભાવ જ્ઞાનથી [illegible] જ [illegible] છે, [illegible] અજ્ઞાનમય કેમ નથી હોતા? અને અજ્ઞાનીના [illegible] ભાવ અજ્ઞાનમય જ [illegible] છે, [illegible] કેમ નથી હોતા? (કળશ ૬૬)

આ શંકાનું સમાધાન કરે છે —

णाणमया भावाओ णाणमओ चेव जायए भावो।
जम्हा तम्हा णाणिस्स सव्वे भावा हु णाणमया ॥१२८॥
अण्णाणमया भावा अण्णाणो चेव जायए भावो।
जम्हा तम्हा भावा अण्णाणमया अणाणिस्स ॥१२९॥

જ્ઞાનસ્વરૂપ સ્વભાવથી, થાય જ્ઞાનમય ભાવ;
જ્ઞાનીના તેથી થતા, જ્ઞાનમયી સૌ ભાવ. ૧૨૮.
આત્માના અજ્ઞાનથી, ભાવ બને વિભાવ;
અજ્ઞાનીના અજ્ઞાનમય, તેથી થતા સૌ ભાવ ૧૨૯

જેથી ખરેખર જ્ઞાનમય ભાવથી જે કોઈ પણ ભાવ થાય તે સર્વ જ્ઞાનપણાને ન ઓળંગતા જ્ઞાનમય જ હોય છે, તેથી જ્ઞાનીના સર્વે ભાવો જ્ઞાનમય જ છે, અને જેથી અજ્ઞાનમય ભાવથી જે કોઈ પણ ભાવ થાય તે સર્વ અજ્ઞાનપણાને ન ઓળંગતા અજ્ઞાનમય જ હોય છે, તેથી અજ્ઞાનીના સર્વે ભાવો અજ્ઞાનમય જ હોય છે

જેથી તત્ત્વ જણાય ના, અજ્ઞાનોદય જાણ;
જેથી સત્ શ્રદ્ધાય ના, મિથ્યાત્વોદય માન. ૧૩૨
વળી અસંયમનો ઉદય, જે અવિરતિ પરિણામ
કલુષિત જીવ-ઉપયોગ જે, કષાય તે દુઃખધામ. ૧૩૩
યોગનો ઉત્સાહ તે યોગોદયરૂપ જાણ.
શુભ-અશુભ વ્રત સહિત કે વ્રતવિણનું વિધાન. ૧૩૪
હેતુભૂત એ ભાવથી કર્મવર્ગણા વિવિધ.
જ્ઞાનાવરણાદિરૂપે પરિણમતી અષ્ટવિધ ૧૩૫
જ્યારે તે કર્મવર્ગણા, જીવ સાથે બંધાય;
ત્યારે પણ નિજ ભાવનો, જીવ જ હેતુ થાય ૧૩૬

તત્ત્વ એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ તે ન જણાય [illegible] અતત્ત્વપ્રાપ્તિ કે જ્ઞાન સ્વરૂપ આત્મામાં અનુભવાય [illegible] અજ્ઞાનનો ઉદય છે. તેની સાથે તન્મય હોવા [illegible] નીચે પ્રમાણે છે.

(૧) તત્ત્વની અશ્રદ્ધા [illegible] અનુભવાય છે, તે મિથ્યાત્વનો ઉદય છે

(૨) વિષય કષાયથી [illegible] જ્ઞાનસ્વરૂપ આત્મામાં અનુભવાય છે, તે [illegible] ઉદય છે

[illegible]

[illegible]

[illegible]

કરનાર બન્ને પક્ષની પાર ન જતા વિકલ્પની પાર જતા નથી તેથી જે સમસ્ત નયપક્ષની પાર જાય છે તે સમસ્ત વિકલ્પની પણ પાર જાય છે એમ જે સમસ્ત વિકલ્પની પાર જાય છે તે સમયસારને પ્રાપ્ત થાય છે જો એમ છે તો પછી નિર્વિકલ્પ થવા માટે નયપક્ષ ત્યાગની ભાવના કોણ ન ભાવે? કારણ કે—

[illegible] પણ વિકલ્પ કરતા નથી

॥ ५ ॥

चित्स्वभावभरभावितभावाभावभावपरमार्थतयैकम् ।
बन्धपद्धतिमपास्य समस्तां चेतये समयसारमपारम् ॥९२॥

ચૈતન્ય સ્વભાવના ગુણસમુદાયના ઉત્પાદવ્યયધ્રુવથી થતા, ત્રણે કાળના પર્યાયો નિશ્ચયનયથી એકદ્રવ્યરૂપ જ છે તેથી સમસ્ત બંધપદ્ધતિ–કર્તાકર્મના પરિણામરૂપ ભાવો–ને દૂર કરીને, હું અનંત અપાર અવિનાશી એવા શુદ્ધાત્મા સમયસારને અનુભવું છું (કલશ ૯૨)

જે પક્ષાતીત છે તે જ સમયસાર છે એમ સિદ્ધ થાય છે.–

सम्मद्दंसणणाणं एसो लहदित्ति णवरि ववदेसं ।
सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो ॥१४४॥

જેનું કેવલ નામ છે, સમ્યગ્દર્શનજ્ઞાન;
તે નયપક્ષરહિત છે, સમયસાર ભગવાન. ૧૪૪.

એમ સર્વ નયપક્ષને ઓળગી ગયેલો જે આ સમયસાર છે તે એક જ કેવલ (માત્ર) સમ્યગ્દર્શનજ્ઞાન એવી સંજ્ઞા અથવા ઉપનામને પામે છે. જે ખરે સર્વ નયપક્ષથી અખંડિત રહેવા વડે સમસ્ત વિકલ્પરૂપ વ્યાપારથી વિરમેલો છે તે સમયસાર છે

પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી આત્મા જ્ઞાનસ્વભાવ છે એમ નિશ્ચય કરીને પછી તે આત્માનો અનુભવ કરવા

માટે, પરનો અનુભવ કરાવનારી સમસ્ત ઇંદ્રિય અને મનની પ્રવૃત્તિરૂપ બુદ્ધિને ગૌણ કરીને મતિજ્ઞાનને આત્માની સન્મુખ કરતો, અનેક નયના વિકલ્પોથી વ્યાકુળતા ઉપજાવતા શ્રુતજ્ઞાનની બુદ્ધિને ગૌણ કરીને શ્રુતજ્ઞાનને પણ આત્માની સન્મુખ કરતો, નિર્વિકલ્પ થઈને શીઘ્ર પોતાના રસથી પ્રગટ થતા આદિ મધ્ય અંત રહિત, વ્યાકુળતા રહિત જ્ઞાન, એવા વિશ્વની ઉપર તરતા સર્વોત્કૃષ્ટ, કેવળ એક અખંડ અનંત વિજ્ઞાનઘન પરમાત્મા સમયસારનો અનુભવ કરતો આ આત્મા સમ્યક્ દેખાય છે અને જણાય છે તેથી સમ્યગ્દર્શન [illegible] સમયસાર જ છે. [illegible] સમ્યગ્દર્શનજ્ઞાન [illegible] રૂપનામથી ઓળખાય છે અને [illegible] મહાન ભગવાન સમયસાર છે.

[illegible]

विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम् ।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति ॥९५॥

વિકલ્પવાળો ઉત્કૃષ્ટપણે કર્તા છે અને વિકલ્પ એ જ માત્ર તેનું કર્મ છે તેથી વિકલ્પસહિત જીવનું કર્તાકર્મપણું કદાપિ નાશ પામતું નથી (કલશ ૯૫)

तम्हा दु कुसीलेहि य रागं मा कुणह मा व संसग्गं।
साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण ॥१४७॥

સુવર્ણ કે લોખંડની બેડી બેય સમાન;
તેમ શુભાશુભ કર્મ તે, બંધન જ્ઞાને જાણ ૧૪૬
કુશીલ બન્ને જાણીને તજો રાગ-સંસર્ગ;
કુશીલ-રતિ-સંસર્ગથી, વિણસે નિજ અપવર્ગ ૧૪૭

સોનાની ને લોઢાની બેડીની સમાન શુભકર્મ ને અશુભકર્મ બન્ને આત્માને બાંધનકર્તા છે તેથી જેમ હાથીને બંધનમાં પાડનારી સુરૂપ કે કુરૂપ હાથણી બન્ને સરખી રીતે બંધનું કારણ હોવાથી અહિતકારી થાય છે, તેવી રીતે શુભકર્મ અને અશુભકર્મ બન્નેને કુશીલ (અહિતકારી) જાણીને તેની સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કર્યો છે મનથી અંતરંગ પરિચય તે રાગ છે અને બહિરંગ પરિચય તે સંસર્ગ છે

એ જ વાતનું અન્ય દૃષ્ટાંતથી સમર્થન કરે છે:—

जह णाम कोवि पुरिसो कुच्छियसीलं जणं वियाणित्ता।
वज्जेदि तेण समयं संसग्गं रायकरणं च ॥१४८॥
एमेव कम्मपयडीसीलसहावं च कुच्छिदं णादुं।
वज्जंति परिहरंति य तस्संसग्गं सहावरया ॥१४९॥

જેમ પુરુષ કો જાણીને, દુર્જનને કુશીલ;
સંગ રાગ તેનો તજે, સ્વયં રહે સુશીલ ૧૪૮.
તેમ જ સાધુ સ્વભાવરત, કર્મપ્રકૃતિ નિઃસાર;
કુત્સિતશીલા જાણીને, કરે કર્મ પરિહાર. ૧૪૯.

જેમ કોઈ શીલવાન સજ્જન પુરુષ કોઈ પરિચિ

કરતા જ્ઞાની [illegible] જ્ઞાની [illegible] નિયમ [illegible]
[illegible]

તાત્પર્ય કે અજ્ઞાનભાવથી બંધ થાય છે, શુભભાવથી પુણ્ય બંધાય છે અને શુદ્ધભાવથી મોક્ષ થાય છે પણ શુભ વિના શુદ્ધની પ્રાપ્તિ થતી નથી એમ તો [illegible] શુદ્ધભાવ પ્રાપ્ત થવા માટે કરણી; પુણ્ય સામગ્રી તથા મંદકષાયરૂપ શુભ ભાવની પણ અપેક્ષા રહે છે તે શુભ ભાવ થવામાં દાન તપ શીલ આદિ કારણ છે પણ વાસ્તવિક મોક્ષનું કારણ તો અભ્યંતર ભેદજ્ઞાન સહિત નિર્વિકલ્પ ધ્યાનમાં સ્થિરતા કરવી એ જ છે તે પરમાર્થ પ્રાપ્ત થયા વિના દાન તપ શાસ્ત્રજ્ઞાન આદિ કોઈ મોક્ષમાટે કાર્યકારી થતા નથી તેથી જ્ઞાન એ મોક્ષનું કારણ છે અને અજ્ઞાન એ બંધનું કારણ છે એવો નિયમ છે.

શિખરિણી

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति ।
अतोऽन्यद्बंधस्य स्वयमपि यतो बंध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम् ॥१०५॥

જે આ જ્ઞાનાત્મા ધ્રુવ અને અચળ થવાપણે પ્રકાશે છે તે જ મોક્ષનો હેતુ છે અને પોતે પણ સ્વયં મોક્ષરૂપ છે આ જ્ઞાનાત્માથી ભિન્ન જે કંઈ છે તે બંધના હેતુ છે અને તે સ્વયં બંધરૂપ જ છે તેથી જ્ઞાનાત્મપણે થવારૂપ અનુભૂતિ પ્રાપ્ત કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે (કલશ ૧૦૫)

પુણ્યનો પક્ષ કરનારાને પ્રતિબોધવા કહે છે:—

કૃષ્ણરંગે પરિણમે તો તે કાળો થાય છે, તેવી રીતે જ્ઞાની પરદ્રવ્યને ભોગવતાં કે ન ભોગવતાં પોતે જ્ઞાનભાવને તજીને અજ્ઞાનભાવે પરિણમે તો તે અજ્ઞાની થાય છે અને કર્મ બાંધે છે તે અજ્ઞાન સ્વયકૃત હોવાથી જ્ઞાનીને પોતાના અપરાધથી કર્મબંધ થાય છે

શાર્દૂલવિક્રીડિત

ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किंचित्तथाप्युच्यते
भुंक्षे हंत न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः ।
बंधः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते
ज्ञानं सन्वस बंधमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम् ॥१५१॥

હે જ્ઞાની! તારે કર્મ કદાપિ કરવું ઘટતું નથી છતાં તું કહે છે કે 'હું ભોગવું છું પણ પરદ્રવ્ય મારું કદાપિ નથી' તો તે ખેદરૂપ છે કારણ કે તેથી તો તું અયોગ્યને ભોગવનારો દુર્ભુક્ત થયો ઉપભોગ કરે અને બંધ ન થાય એમ માને તે શું તારો સ્વચ્છંદ નથી? તું જ્ઞાનરૂપ પરિણામ પામીને રહે, નહિ તો પોતાના અપરાધથી તને બંધ થશે એ નક્કી છે. (કલશ ૧૫૧)

શાર્દૂલવિક્રીડિત

कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्
कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः ।
ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा
कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः ॥१५२॥

કર્મ પોતાનાં ફળ સાથે કર્તાને બળાત્કારે જોડતું નથી,

एषैकैव हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते
निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदानाकुलैः।
नैवान्यागतवेदनैव हि भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निःशंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति॥१५६॥

અભેદપણે ઉદય થતા જે વેદના ભાવથી સદા નિરાકુળ રહેનારા જ્ઞાનીઓવડે આ એક માત્ર જ્ઞાનરૂપ આત્મા સ્વય અચળપણે અનુભવાય છે, તે સિવાય અન્યથી પ્રાપ્ત થતી વેદના વેદાતી નથી, એવા જ્ઞાનીને વેદનાભય ક્યાંથી હોય?

અગુપ્તિ થતી નથી અર્થાત્ સ્વરૂપ સર્વથા ગુપ્ત જ છે તેથી જ્ઞાનીને અગુપ્તિભય ક્યાંથી હોય ? નિઃશંક એવા તે જ્ઞાની નિરંતર પોતે પોતાના સહજ જ્ઞાનસ્વભાવને સદા અનુભવે છે (કલશ ૧૫૮)

(૬) મરણભય વિષે કહે છે–

શાર્દૂલવિક્રીડિત

प्राणोच्छेदमुदाहरंति मरणं प्राणाः किलास्यात्मनो
ज्ञानं तत्स्वयमेव शाश्वततया नोच्छिद्यते जातुचित् ।
तस्यातो मरणं न किंचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१५९॥

પ્રાણોનો છેદ થવો તેને મરણ કહે છે. ખરેખર આત્માના પ્રાણ તો જ્ઞાન છે, તે સ્વયં શાશ્વત હોવાથી કદાપિ છેદાતા નથી. આથી આત્માને કંઈ મરણ થતું નથી. તો પછી જ્ઞાનીને મરણભય ક્યાંથી હોય ? નિઃશંક એવા તે જ્ઞાની નિરંતર પોતે પોતાના સહજ જ્ઞાનસ્વભાવને સદા અનુભવે છે. (કલશ ૧૫૯)

(૭) અકસ્માત ભય વિષે કહે છે.—

શાર્દૂલવિક્રીડિત

एकं ज्ञानमनाद्यनंतमचलं सिद्धं किलैतत्स्वतो ।
यावत्तावदिदं सदैव हि भवेन्नात्र द्वितीयोदयः ।
तन्नाकस्मिकमत्र किंचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१६०॥

આ જ્ઞાનસ્વરૂપ આત્મા એક છે, અનાદિઅનંત અચળ

[illegible] ॥૨૩૦॥

[illegible] ૨૩૦

[illegible] આત્મજ્ઞાન વાળા [illegible] અને સર્વ વસ્તુના ધર્મમાં [illegible] છે, [illegible] નિર્જરા જ છે

તાત્પર્ય કે જે શુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન પરમાનંદ-સુખમાં તૃપ્ત થઈને પંચેન્દ્રિયવિષયભોગજનિત કર્મફળમાં તેમજ વિવિધ પ્રકારના વસ્તુવર્ગમાં રાગ-દ્વેષ કરતા નથી, તે સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારસુખમાં ઇચ્છા રહિત જાણવા તેમને

[illegible] શક્તિને [illegible] મિથ્યાત્વ રાગાદિ સર્વ વિભાવ ભાવોને તેના
નાશ કરનાર છે, તે ઉપબૃંહણથી સમ્યગ્દષ્ટિ બતાવ્યા તેમ
અનુપબૃંહણથી થતો બંધ નથી પરંતુ પૂર્વસંચિત કર્મ
નિર્જરા અવશ્ય છે

उम्मग्गं गच्छंतं सगंपि मग्गे ठवेदि जो चेदा ।
सो ठिदिकरणाजुत्तो सम्मादिट्ठी मुणेदव्वो ॥२३४॥

ઉન્માર્ગે ગત આત્મને, માર્ગે સ્થાપે જેહ;
સ્થિતિકરણયુત જાણવા, સમ્યગ્દષ્ટિ તેહ. ૨૩૪.

જેથી સમ્યગ્દષ્ટિ ખરેખર ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ
વાળા હોવાને લીધે મોક્ષમાર્ગમાં જ સ્થિતિ કરવાથી સ્થિતિ

તથા શ્રદ્ધાન થવું, વિષયસુખથી નિવર્તીને સંયમ ધારણ કરવો. ક્રોધાદિ કષાયોને રોકવા, તપ કરવું અને એ રીતે સમાધિ પ્રાપ્ત કરવી—એ સર્વ, કર્મની પ્રબળતાને લઈને ઉત્તરોત્તર એક એકથી વિશેષ વિશેષ દુર્લભ છે આવી દુર્લભ પરંપરાને જાણીને તાત્પર્ય એ છે કે, સમાધિમાં પ્રમાદ ન કરવો જોઈએ કહ્યું છે કે અત્યંત દુર્લભ એવી બોધિને પામીને જે જીવ સમાધિમાં પ્રમાદ કરે છે. તે બિચારો સંસારરૂપી ભયંકર વનમાં ઘણા કાળ સુધી ભ્રમણ કરે છે

એમ શૃંગારરહિત પાત્રની સમાન શાંતરસરૂપે નિર્જરા રંગભૂમિપરથી નીકળી ગઈ.



[illegible]

જેમ કોઈ પુરુષ શરીરે તેલ ચોપડીને ધૂળવાળી જગ્યામાં હથિયારોવડે વ્યાયામ કરે છે, તેમ જ અનેક પ્રકારના ઉપકરણોવડે વૃક્ષ કાષ્ઠ આદિ સચિત્ત અચિત્ત પદાર્થોને છેદવા ભેદવારૂપ ઉપઘાત કરે છે, તે શરીરે ધૂળથી લેપાય છે, તેનું કારણ તપાસતા તેલનું ચોપડવું એ જ કારણ છે કેમકે તે જ પુરુષ શરીરે તેલ ચોપડ્યા વિના તે દરેક ક્રિયા કરે તો તે ધૂળથી લેપાતો નથી

પૂર્વકથિત અજ્ઞાનને પામીને જેઓ અન્યથી અન્યના મરણ જીવન, દુઃખ સુખ થતાં જુએ છે (માને છે), તેઓ કર્મમાં અહંકારરૂપ રસગર્ભિત કર્મ કરવાની ઇચ્છાવાળા મિથ્યાદૃષ્ટિ છે, અને તે નિયમથી પોતે પોતાને ઘાતન કરનાર આત્મઘાતી થાય છે. (કલશ ૧૬૯)

ઉપર્યુક્ત અધ્યવસાનો મિથ્યા છે તે કહે છે —

जो मरइ जो य दुहिदो जायदि कम्मोदयेण सो सव्वो ।
तम्हा दु मारिदो दे दुहाविदो चेदि ण हु मिच्छा ॥२५७॥
जो ण मरदि ण य दुहिदो सोवि य कम्मोदयेण चेव खलु ।
तम्हा ण मारिदो णो दुहाविदो चेदि ण हु मिच्छा ॥२५८॥

મરતા કે દુઃખી કો થતા, કર્મ ઉદયથી સર્વ;
મારું હું, દુઃખી હું કરું, એ શું ન મિથ્યા ગર્વ? ૨૫૭
ના મરતા દુઃખી ના થતા, કર્મ ઉદયથી તેમ;
હું ન હણું દુઃખી ના કરું, ગર્વ ન મિથ્યા કેમ? ૨૫૮.

જે મરે છે, મરતા નથી, દુ.ખી થાય છે, સુખી થાય છે તે સર્વ કર્મના ઉદયથી થાય છે કર્મના અભાવમાં તેમ થવું અશક્ય છે છતા એમ માનવું કે હુ મારુ છુ, હુ મરાઉ છુ, હુ દુ.ખી–સુખી કરુ છુ, હું દુ.ખી–સુખી કરાઉ છુ, એ શું મિથ્યા અધ્યવસાન નથી? અર્થાત્ મિથ્યા જ છે

અનુષ્ટુપ

मिथ्यादृष्टेः स एवास्य बंधहेतुर्विपर्ययात् ।
य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते ॥१७०॥

જે આ અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદૃષ્ટિને અવશ્ય

એવો અધ્યવસાય થાય છે તેથી અધ્યવસાનના આશ્રયભૂત એવા બાહ્ય પદાર્થોનો પણ અત્યંત નિષેધ કરાય છે છતાં બંધનું કારણ તો અધ્યવસાન જ છે. કેમ કે બાહ્યવસ્તુ હોય અને અધ્યવસાન ન થાય તો બંધ થતો નથી. જેમકે ઈર્યા-સમિતિમાં પરિણમેલા મુનિના પગ નીચે અચાનક કોઈ જંતુ આવી પડે ને મરી જાય, તેથી તેમને હિંસા સંબંધી પાપબંધ થતો નથી બાહ્યવસ્તુ જીવને તેવા ભાવ ન કરાવે તો તે બંધનું કારણ નથી પરંતુ અધ્યવસાન તો તે ભાવરૂપ જ હોવાથી બંધના કારણ અવશ્ય છે

બંધના હેતુ એવા તે અધ્યવસાનને સ્વાર્થક્રિયાકારી-પણાનો અભાવ છે તેથી તે મિથ્યા છે એમ દર્શાવે છે.–

दुक्खिदसुहिदे जीवे करेमि बंधेमि तह विमोचेमि ।
जा एसा मूढमइ णिरत्थया सा हु दे मिच्छा ॥२६६॥
જીવોને દુઃખી સુખી, બદ્ધ-મુક્ત કરૂં હું યઃ
વ્યર્થ ખરે એ મૂઢ મતિ, મિથ્યા ધારે તુંય. ૨૬૬.

પર જીવોને હું દુખી કરું છું, સુખી કરું છું, બંધન કરું છું મુક્ત કરું છું–એ આદિ સર્વ અધ્યવસાનને 'પરભાવને પર કરવા અસમર્થ છે' એ ન્યાયે, સ્વાર્થક્રિયાકારીપણાનો અભાવ છે તેથી 'આકાશપુષ્પને હું ચૂંટું છું' એ અધ્યવસાન જેમ મિથ્યા છે, તેમ આ સર્વ અધ્યવસાન મિથ્યા છે અને કર્મબંધના હેતુપણે માત્ર આત્માના અનર્થને માટે થાય છે

અધ્યવસાન સ્વાર્થક્રિયાકારી શાથી નથી ? તે કહે છે.–

अज्झवसाणणिमित्त जीवा बज्झंति कम्मणा जदि हि ।
मुच्चंति मोक्खमग्गे ठिदा य ता किं करेसि तुमं ॥२६७॥

[illegible]

[illegible]

તેથી પોતાને ભૂલીને જીવ જ્યારે ધર્માસ્તિકાય, અન્ય જીવ તથા અજીવ, [illegible] અલોકાકાશ આદિ પર દ્રવ્યને જાણવાના પ્રસંગે છે ત્યારે તો તે [illegible] તન્મય થતો ધર્માસ્તિકાયાદિરૂપ પોતાને [illegible]

ઉપજાતિ

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा-
दात्मानमात्मा विदधाति विश्वम् ।
मोहैककन्दोऽध्यवसाय एष
नास्तीह येषां यतयस्त एव ॥१७२॥

વિશ્વના સર્વ પદાર્થોથી ભિન્ન હોવા છતાં જેના પ્રભાવથી આત્મા પોતાને વિશ્વરૂપ કરે છે, તે મોહના એક મૂળરૂપ

થાય છે. જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞેયથી ભિન્ન જાણવો અને પરદ્રવ્યમાં મારાપણું ન કરવું. એમ અહંભાવ મમત્વભાવ ટળે તો ભેદજ્ઞાન અથવા આત્મજ્ઞાન થાય આત્મજ્ઞાન થતાં અધ્યવસાન મટે અને એ રીતે બંધનો અભાવ થાય.

શાર્દૂલવિક્રીડિત

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै–
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः ।
सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कंपमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नंति संतो धृतिम् ।।१७३।।

સર્વ અવસ્થામા થતા જે જે અધ્યવસાનો છે તે સર્વ ત્યાગવાયોગ્ય છે. એમ જિનોએ કહ્યુ છે તેથી આચાર્ય કહે છે, હું એમ માનુ છુ કે પરને આશ્રય કરનાર એવો જે વ્યવહાર તે બધો જ છોડાવ્યો છે તો પછી સતજનો એક સમ્યક્ નિશ્ચયને નિષ્કંપપણે અવલબીને શુદ્ધજ્ઞાનઘન મહિમા-વાળા પોતાના આત્મામા ધૃતિને કેમ બાધતા નથી? અર્થાત્ સ્થિરતારૂપ ધીરજ કેમ ધરતા નથી? (કલશ ૧૭૩)

એ વાતને આગળ કહે છે:—

एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणयेण ।
णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं ।।२७२।।

જાણ એમ વ્યવહારનય, નિશ્ચયથકી નિષિદ્ધ:
નિશ્ચય-આશ્રિત મુનિવરો, પામે મુક્તિ પ્રસિદ્ધ ૨૭૨

નિશ્ચયનય આત્માશ્રિત છે અને વ્યવહારનય પરાશ્રિત છે તેમા પરાશ્રિત એવા સમસ્ત અધ્યવસાનોને બંધના હેતુ

જાણીને તેનો મુમુક્ષુને નિષેધ કરનાર નિશ્ચયનય વડે સમસ્ત વ્યવહારનયનો નિષેધ કરાયો છે, કેમકે વ્યવહારનય શુભાશુભ અધ્યવસાનના સમૂહરૂપ સર્વથા પરાશ્રિત છે તેથી અધ્યવસાનનો નિષેધ કરતાં વ્યવહારનયનો પણ નિષેધ થાય છે નિશ્ચયનય આત્માને આધારે પ્રવર્તે છે, તેનો આશ્રય કરનારને એકાન્તે મોક્ષ થાય જ એવો નિયમ છે પરંતુ પરાશ્રિત એવા વ્યવહારનયનો આશ્રય કરનારને એકાન્તે મોક્ષ થાય જ એવો નિયમ નથી, દૃષ્ટાંત તરીકે, કર્મથી કદી ન મુકાતો એવો કોઈ અભવ્ય જીવ પણ વ્યવહારનયનો આશ્રય કરીને મોક્ષમાર્ગનું આરાધન કરે છે

તાત્પર્ય કે પ્રથમ સવિકલ્પ અવસ્થામાં નિશ્ચયના સાધકરૂપે વ્યવહારનય પ્રયોજનભૂત છે. તથાપિ વિશુદ્ધજ્ઞાન દર્શન લક્ષણવાળા શુદ્ધાત્મામા સ્થિત થયેલાઓને વ્યવહારનય અપ્રયોજનભૂત છે.

અભવ્ય પણ વ્યવહારથી મોક્ષમાર્ગને આરાધે છે તે કેવી રીતે ? તે કહે છે —

वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं ।
कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी दु ॥२७३॥

मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधीएज्ज ।
पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु ॥२७४॥

सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो य फासेदि ।
धम्मं भोगणिमित्तं ण दु सो कम्मक्खयणिमित्तं॥२७५॥

જિનોક્ત વ્રત તપ શીલ ધરે, સમિતિ ગુપ્તિ સહિત;
છતાં અભવી અજ્ઞ જ રહે, મિથ્યાદૃષ્ટિ બચીત ૨૭૩.

અભવ્ય તો આગમ ભણે. વિના મોક્ષશ્રદ્ધાન;
પઠન ન તેને ગુણ કરે, નથી જ્ઞાનનું ધ્યાન. ૨૬૪.
શ્રદ્ધા પ્રતીતિ રુચિ ધરે. વળી સ્પર્શે સુધર્મ.
સર્વે ભોગનિમિત્ત તે નહિ કરવા ક્ષય કર્મ. ૨૬૫

કોઈ અભવ્ય મંદ કષાયી થઈને જિનેશ્વરે કહેલાં બાહ્ય વ્રત સમિતિ ગુપ્તિ શીલ તપશ્ચરણ વગેરેને કરે છે પરંતુ મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય કરી શકતો નથી; તેથી શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી શ્રદ્ધા તેને થતી નથી; તેથી વાસ્તવિક મોક્ષની શ્રદ્ધા પણ તેને નથી

એવો અભવ્ય જીવ માનપૂજા અર્થે અગિયાર અંગ આદિ સમસ્ત શ્રુત ભણી જાય તો પણ શ્રુતજ્ઞાનનું જે ફળ, દેહથી ભિન્ન એવા શુદ્ધાત્માનું જ્ઞાન– સમ્યગ્જ્ઞાન, તે તેને હોતું નથી. તેથી વ્યવહારથી બાહ્યચારિત્ર પાળવા છતા અને શાસ્ત્રપાઠ કરવા છતા તેને આત્મસ્વરૂપનો લક્ષ ન હોવાથી તે અજ્ઞાની છે

વળી તેને સંસારના ભોગની જ ઈચ્છા હોવાથી ઈન્દ્ર આદિ પદવીના કારણ એવા પુણ્યબંધ માટે ધર્મ છે એમ માનીને વ્યવહારધર્મમા શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ, આચરણ કરે છે, પરંતુ કર્મક્ષય કરીને મોક્ષ પામવા માટે કરતો નથી. એમ આત્માના લક્ષ વગર પણ વ્યવહારધર્મને તેમજ દ્રવ્યશ્રુતને ઉગ્રપણે આરાધતો તે નવ ગ્રૈવેયક સુધીના ભોગોને પ્રાપ્ત કરે છે પરંતુ મોક્ષને કદાપિ પામતો નથી, કારણકે તેને વાસ્તવિક ધર્મની શ્રદ્ધા કે અનુભવજ્ઞાન નથી

વ્યવહાર ને નિશ્ચય પ્રતિષેધ્ય–પ્રતિષેધક કેવા પ્રકારે છે? તે કહે છે.—

आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं ।
छज्जीवणिकं च तहा भणइ चरित्तं तु ववहारो ॥२७६॥
आदा खु मज्झ णाणं आदा मे दंसणं चरित्तं च ।
आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो ॥२७७॥

જીવાદિક શ્રદ્ધાન ને. આચારાદિક જ્ઞાન;
ચારિત્ર રક્ષા જીવની, એ વ્યવહાર પ્રમાણ ૨૭૬

નિશ્ચય મુજ આત્મા સ્વયં. દર્શન જ્ઞાન ચરિત્ર;
આત્મા પ્રત્યાખ્યાન ને, સંવર યોગ પવિત્ર ૨૭૭.

વ્યવહારથી જીવાદિ નવ તત્ત્વની શ્રદ્ધા તે દર્શન છે, આચારાગ આદિ શાસ્ત્રોનું પઠન તે જ્ઞાન છે અને છકાય જીવની રક્ષા કરવી તે ચારિત્ર છે એમ વ્યવહારમોક્ષમાર્ગ પરાશ્રિત અને ભેદવાળો છે

નિશ્ચયથી શુદ્ધાત્માને શ્રદ્ધાનુ આશ્રયપણું હોવાથી શુદ્ધાત્મા દર્શન છે, જ્ઞાનનું આશ્રયપણું હોવાથી શુદ્ધાત્મા જ્ઞાન છે, ચારિત્રનુ આશ્રયપણુ હોવાથી શુદ્ધાત્મા ચારિત્ર છે, વળી શુદ્ધાત્મપરિણતિથી થતા રાગાદિના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે અને શુદ્ધાત્મામા પરિણમવાથી કર્મ ન બંધાવારૂપ સંવર પણ થાય છે, તેથી શુદ્ધાત્મા જ પ્રત્યાખ્યાન અને સંવર પણ છે એમ નિશ્ચયમોક્ષમાર્ગ સ્વાશ્રિત છે, અને એક અભેદરૂપ હોવાથી તેમા વર્તનારને વ્યવહારમોક્ષમાર્ગનો નિષેધ કરાય છે એકલા વ્યવહારથી મોક્ષની પ્રાપ્તિ નથી, પરંતુ નિશ્ચય-મોક્ષમાર્ગમા વર્તનારને સાથે વ્યવહાર હો કે ન હો તો પણ મોક્ષની પ્રાપ્તિ છે

વ્યવહારથી નિશ્ચય સાધ્ય છે, એ રીતે વ્યવહાર

કાર્યકારી છે. વ્યવહાર-મોક્ષમાર્ગમાં વર્તતો ભવ્ય જીવ સાત પ્રકૃતિઓનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય કરવાનો લક્ષ રાખે અને પરિણામે સમકિત પામીને નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થાય, ત્યારપછી સર્વ વ્યવહાર ત્યાજ્ય છે અથવા તો ત્રિગુપ્તિ અવસ્થામાં વ્યવહાર આપોઆપ છૂટી જાય છે તેથી નિશ્ચય મોક્ષમાર્ગમાં સર્વ વ્યવહાર નિષેધ્યો છે, એમ તાત્પર્ય છે:-

ઉપજાતિ

रागादयो बंधनिदानमुक्तास्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः ।
आत्मा परो वा किमु तन्निमित्तमिति प्रणुन्नाः पुनरेवमाहुः ॥१७४॥

રાગાદિ બંધનાં કારણ કહ્યાં અને તે રાગાદિ શુદ્ધચૈતન્યમાત્ર આત્માથી ભિન્ન છે એમ આપે કહ્યું તો તે રાગાદિ થવાનું નિમિત્તકારણ આત્મા છે કે બીજું કંઈ છે? એવા શિષ્યના પ્રશ્નથી પ્રેરણા કરાયલા આચાર્ય ફરીથી કહે છે.

(કલશ ૧૭૪)

અર્થાત્ શરૂઆતમાં કહ્યું કે બંધનું કારણ રાગાદિ છે તો રાગાદિનું કારણ શું છે? તે કહે છે:—

जह फलिहमणी सुद्धो ण सयं परिणमइ रायमाईहिं ।
रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं ॥२७८॥
एवं णाणी सुद्धो ण सयं परिणमइ रायमाईहिं ।
राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं ॥२७९॥

જેમ સ્ફટિકમણિ શુદ્ધ તે, સ્વયં ન રંગ-સ્વરૂપ;
પણ રંગીન પરદ્રવ્યથી, જણાય રંગીન રૂપ. ૨૭૮.
જ્ઞાની તેમ વિશુદ્ધ જો, સ્વયં નિરંજન રૂપ;
પણ રાગાદિ દોષથી, વિભાવરંજિત રૂપ. ૨૭૯.

જેમ સ્ફટિકમણિ પોતે વિશુદ્ધ છે પરંતુ પરિણમન સ્વભાવવાળો છે, તે બાહ્ય ઉપાધિ ન હોય તો પોતાની મેળે રંગીન થતો નથી. જો રંગીન વસ્તુ સાથે હોય તો જ તે રંગવાળો દેખાય છે તેમ આત્મા પોતે વિશુદ્ધ છે પરંતુ પરિણમન સ્વભાવવાળો છે, તે કર્મના ઉદયરૂપ બાહ્ય ઉપાધિ ન હોય તો પોતાની મેળે રાગાદિભાવે પરિણમતો નથી. પૂર્વે બાંધેલાં રાગાદિ દ્રવ્યકર્મ ઉદય આવે છે, તેમાં તદાકાર થવાથી આત્મા પોતાના શુદ્ધ સ્વભાવથી ચૂકીને વિપરીત એવા રાગાદિભાવે પરિણમે છે તેથી જેમ સ્ફટિકમાં રંગનું કારણ બાહ્ય પદાર્થ છે, તેમ આત્મામા રાગાદિ થવાનું કારણ આત્માથી ભિન્ન એવા ઉદય આવતાં દ્રવ્યકર્મ છે કર્મઉદય–રાગ–બંધ એમ સાંકળ છે

ઉપજાતિ

न जातु रागादिनिमित्तभावमात्मात्मनो याति यथार्ककांत'
तस्मिन्निमित्त परसंग एव वस्तुस्वभावोऽयमुदेति तावत् ॥१७५॥

આત્મા પોતાના રાગાદિના નિમિત્તપણાને ક્યારેય પામતો નથી જેમ કે સૂર્યકાન્તમણિને સૂર્ય સામે ધરે તો જ તેમાંથી અગ્નિ ઝરે છે, તેમ આત્માને રાગાદિ થવામાં પર એવાં ઉદયકર્મનો સંગ એ જ નિમિત્ત છે એવો વસ્તુસ્વભાવ ઉદય થાય છે (કલશ ૧૭૫)

અનુષ્ટુપ

इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन स' ।
रागादीनात्मन कुर्यान्नातो भवति कारक' ॥१७६॥

એવો વસ્તુસ્વભાવ પોતાનો છે, એમ જ્ઞાની જાણે છે,

[illegible]

[illegible]

તે [illegible] છે —

ण वि रागदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा ।
सयमप्पणो ण सो तेण कारगो तेसिं भावाणं ॥२८०॥

કે ન રાગાદિ [illegible]
તેથી નહિ ન [illegible] જ્ઞાની ગાથા ૨૮૦

રાગાદિ આત્માના નથી એમ વસ્તુસ્વભાવને જાણતા જ્ઞાની શુદ્ધભાવથી પડતા નથી તેથી રાગદ્વેષ મોહ આદિ ભાવે-પોતાની મેળે કે પરના નિમિત્તે પરિણમતા નથી એ રીતે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવવાળા જ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોના અકર્તા છે એવો નિયમ છે

[illegible]

इति वस्तुस्वभावं स्वं नाज्ञानी वेत्ति तेन सः ।
रागादीनात्मनः कुर्यादतो भवति कारकः ॥१७७॥

એવો વસ્તુસ્વભાવ પોતાનો છે એમ અજ્ઞાની જાણતો નથી, તેથી તે રાગાદિને પોતાના કરે છે, અર્થાત રાગાદિરૂપ પરિણમે છે અને તેથી કર્તા થાય છે. (કલશ ૧૭૭)

તે કહે છે —

रायह्मि य दोसह्मि य कसायकम्मेसु चेव जे भावा ।
तेहिं दु परिणमंतो रायाई बंधदि पुणो वि ॥२८१॥

રાગ દ્વેષ કર્મોદયે, જે જે ભાવો થાય;
તેમાં તન્મયતા થતાં, તેવા કરી બંધાય ૨૮૧.

રાગાદિ આત્માના નથી એ ઉપર કહેલા વસ્તુસ્વભાવને ન જાણતો અજ્ઞાની, અનાદિકાળથી શુદ્ધસ્વભાવથી ભ્રષ્ટ થયેલો, કર્મના ઉદયથી થતા રાગદ્વેષમોહાદિ ભાવે પરિણમે છે. તેથી તે રાગદ્વેષમોહનો કર્તા થઈને બંધાય છે, એવો પ્રતિનિયમ છે

તેથી સિદ્ધ થાય છે કે.—

रायह्मि य दोसह्मि य कसायकम्मेसु चेव जे भावा ।
तेहिं दु परिणमंतो रायाई बंधदे चेदा ॥२८२॥

રાગદ્વેષકર્મોદયે, જે જે ભાવો થાય;
તેમાં જીવ તન્મય થતાં રાગાદિક બંધાય. ૨૮૨.

અજ્ઞાનીને પુદ્ગલકર્મના ઉદયમા તન્મયતા થવાથી જે રાગદ્વેષમોહાદિ ભાવ થાય છે, તે જ પુદ્ગલકર્મબંધના હેતુ છે, કે જે પુદ્ગલકર્મબંધ ફરી ભવિષ્યમાં જીવને રાગદ્વેષ-મોહાદિ થવાના નિમિત્તરૂપ છે

તો પછી આત્માને રાગાદિનો અકર્તા કહ્યો છે, તે કેવી રીતે ? તે કહે છે:—

अपडिक्कमणं दुविहं अपच्चखाणं तहेव विण्णेयं ।
एएणुवएसेण य अकारओ वण्णिओ चेया ॥२८३॥
अपडिक्कमणं दुविहं दव्वे भावे तहा अपच्चखाणं ।
एएणुवएसेण य अकारओ वण्णिओ चेया ॥२८४॥
जावं अपडिक्कमणं अपच्चखाणं च दव्वभावाणं ।
कुव्वइ आदा तावं कत्ता सो होइ णायव्वो ॥२८५॥

आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतं
येनोन्मूलितबंध एष भगवानात्मात्मनि स्फूर्जति।१७८।

આ પ્રમાણે વિચાર કરીને તથા સમગ્ર પરદ્રવ્યને બળપૂર્વક ત્યાગીને પરદ્રવ્ય જેનું મૂળ છે એવા ઘણા ભાવોની પરંપરાને એકસાથે ઉડાવી દેવાની ઇચ્છાવાળા જ્ઞાની, અત્યંત ધારાવાહીપણે પોતામા પરિણમતા એવા પૂર્ણ એક ચૈતન્યથી યુક્ત આત્માને મેળવે છે, કે જેથી બંધને મૂળમાંથી ઉખેડીને મુક્ત થયેલા ભગવાન પરમાત્મા આત્મામાં સ્ફુરાયમાન થાય છે (કલશ ૧૭૮)

મંદાક્રાન્તા

रागादीनामुदयमदयं दारयत्कारणानां
कार्यं बंधं विविधमधुना सद्य एव प्रणुद्य।
ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेतत्
तद्वद्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति ॥१७९॥

કારણરૂપ રાગાદિના ઉદયને નિર્દયપણે વિદારવાથી કાર્યરૂપ અનેક પ્રકારના બંધનો શીઘ્ર નાશ કરીને જેણે અજ્ઞાનતિમિરનો ક્ષય કર્યો છે અને પોતાના શુદ્ધ ગુણોથી સારી રીતે સજ્જ થઈ છે. એવી આ જ્ઞાનજ્યોતિ એ રીતે ફેલાઈ છે કે જે રીતે તેને હવે અન્ય કોઈ આવરણ કરી શકતું નથી (કલશ ૧૭૯)

ચાર ગતિના સર્વ દુ:ખનું કારણ બંધ છે. તેથી તે હેય છે તેનો નાશ કરવા માટે વિશેષ ભાવના કહે છે:—

શુદ્ધનિશ્ચયનયથી હું સહજ શુદ્ધ જ્ઞાનાનંદરૂપ એક

સ્વભાવવાળો છું, નિર્વિકલ્પ છું, ઉદાસીન છું, નિરંજન એવા પોતાના શુદ્ધાત્માની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને અનુષ્ઠાનરૂપ નિશ્ચયરત્નત્રય સહિત નિર્વિકલ્પ સમાધિથી પ્રગટતા, વીતરાગ સહજાનંદરૂપ સુખાનુભવ લક્ષણ છે જેનું, એવા સ્વસંવેદન-જ્ઞાન વડે જણાવાયોગ્ય છું, આત્મગુણોથી ભરપૂર છું, ત્રણ લોકમાં ત્રણે કાળે મનવચનકાયા કૃતકારિતઅનુમોદનથી સર્વ પ્રકારના વિભાવોથી હું સર્વથા રહિત છું, સર્વ જીવો શુદ્ધ નિશ્ચયનયથી એ જ પ્રમાણે છે–એવી નિરંતર ભાવના કરવી જોઈએ.

એમ જીવથી ભિન્ન થઈને બંધ રંગભૂમિપરથી નીકળી ગયો.



૮. મોક્ષ અધિકાર



હવે મોક્ષ પ્રવેશ કરે છે:—

શિખરિણી

द्विधाकृत्य प्रज्ञाककचदलनाद्वंधपुरुषौ
नयन्मोक्षं साक्षात्पुरुषमुपलंभैकनियतम् ।
इदानीमुन्मज्जत्सहजपरमानंदसरस
परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते ॥१८०॥

પ્રજ્ઞારૂપી કરવત ચલાવવાવડે બંધ અને આત્મા બેને જુદા કરીને જે નિશ્ચિત એક (અનુભવરૂપ ભિન્ન) આત્માની પ્રાપ્તિ થઈ તેને સાક્ષાત્ મોક્ષ પ્રત્યે લઈ જતું, સહજ પરમાનંદ રસવાળું, ઉત્કૃષ્ટ પૂર્ણ જ્ઞાન હવે ઉદય થાય છે, તે પોતાની પૂર્ણતાને પ્રાપ્ત કરીને સર્વથા કૃતકૃત્ય થયું હોવાથી જયવંત વર્તે છે (કલશ ૧૮૦)

મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે તે દૃષ્ટાંતદ્વારા સમજાવે છે:—

जह णाम कोवि पुरिसो बंधणयम्मि चिरकालपडिबद्धो ।
तिव्वं मंदसहावं कालं च वियाणए तस्स ॥२८८॥
जइ णवि कुणइ च्छेदं ण मुच्चए तेण बंधणवसो सं ।
कालेण उ बहुएण वि ण सो णरो पावइ विमोक्खं ॥२८९॥
इय कम्मबंधणाणं पएसठिइपयडिमेवमणुभावं ।
जाणंतो वि ण मुच्चइ मुच्चइ सो चेव जइ सुद्धो ॥२९०॥

ઉપાય વિચારે, પછી છેદી શકે, તેથી યથાર્થ જ્ઞાન અને વિચાર પૂર્વક જ બંધને છેદવાનું કાર્ય કરી શકાય છે તે યથાર્થ સમજવા ફરી પૂછે છે:

શું બંધછેદ એ જ માત્ર મોક્ષહેતુ છે ? તેના ઉત્તરમાં કહે છે:—

वंधाणं च सहावं वियाणिओ अप्पणो सहावं च ।
वंधेसु जो विरज्जदि सो कम्मविमोक्खणं कुणइ ॥२९३॥

જાણી બંધ સ્વભાવ પર, ને નિજ શુદ્ધસ્વભાવ;
વિરક્ત બંધ વિષે રહે, તેને કર્મ–અભાવ. ૨૯૩.

જે પોતાનું સ્વરૂપ નિર્વિકાર અનંતજ્ઞાનાદિરૂપ છે એમ જાણે અને તેને વિકાર કરનાર બંધનું સ્વરૂપ મિથ્યાત્વ-રાગાદિરૂપ છે એમ જાણે, એમ બન્નેના ભિન્ન ભિન્ન સ્વભાવને જાણીને બંધથી વિરક્ત થાય એટલે બંધ અને બંધના કારણને કલેશરૂપ જાણી તેથી વિરમે, તે જીવ સર્વ કર્મથી મુક્ત થાય છે એ પ્રકારે આત્મા અને બંધને જુદા કરવા તે મોક્ષનો હેતુ છે

આત્મા ને બંધ શા વડે જુદા કરાય છે ? તે કહે છે:—

जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं ।
पण्णाछेदणएण उ छिण्णा णाणत्तमावण्णा ॥२९४॥

નિશ્ચિત નિજ નિજ લક્ષણે, જીવ બંધ ભેદાય;
પ્રજ્ઞા છીણીથી છેદતાં, ઉભય અલગ થઈ જાય. ૨૯૪.

આત્માને અને બંધને જુદા કરવાના કાર્યમા કરણ એટલે સાધન શું છે ? તેનો વિચાર કરતાં જણાય છે કે

નિશ્ચયથી આત્માથી ભિન્ન અન્ય કરણનો અભાવ છે, તેથી આત્માથી અભિન્ન એવી વિવેકશક્તિ અથવા દિવ્ય પ્રજ્ઞા એ જ સાધન છે તેનાવડે આત્મા અને બંધ પોતપોતાના નિશ્ચિત લક્ષણથી અવશ્ય ભિન્ન કરાય છે

આત્મા ને બંધ ચેતકચેત્યપણે અત્યંત નિકટ હોવાથી ભેદવિજ્ઞાનના અભાવમા એકપણે વ્યવહાર કરાય છે તે પ્રજ્ઞાવડે ભિન્ન કેવીરીતે થઈ શકે ? તેના ઉત્તરમા કહે છે કે જેમ બે પદાર્થ જોડેલા એકરૂપ લાગતા હોય, પરંતુ નિશ્ચિત ભિન્ન ભિન્ન લક્ષણદ્વારા તે બે વચ્ચેનો સૂક્ષ્મ સાંધો શોધીને ત્યાં સાવધાનપણે છીણી (કારીગરનું એક હથિયાર) પટક-વામાં (ઠોકવામા) આવે, તો તે બે પદાર્થ ભિન્ન થઈ જાય છે તેવી રીતે આત્મા અને બંધ ચેતકચેત્યપણે અનાદિના અત્યંત નિકટ હોવાથી વ્યવહારથી એકરૂપ મનાય છે. તેમાં આત્માનું અસાધારણ લક્ષણ ચૈતન્ય છે તે બીજા કોઈ દ્રવ્યમાં નથી. તે ચૈતન્ય લક્ષણ જેમાં વ્યાપીને રહ્યુ છે અને જેને વ્યાપીને વર્તે છે તે આત્માના સહવર્તી અને ક્રમવર્તી અનંત ગુણ અને પર્યાયો છે, તેમાં ચૈતન્યલક્ષણ અવિના-ભાવિપણે નિરંતર વ્યાપીને રહે છે, તેથી તે સર્વ આત્માનું સ્વરૂપ છે, એમ નિશ્ચય કરવો આત્મા ને કર્મના સંયોગથી થતા જે રાગાદિ છે તે બંધનું લક્ષણ છે રાગાદિ આત્માના અસાધારણ લક્ષણ નથી, કારણકે તે આત્માના શુદ્ધ ગુણોને વિપરીત કરનારા ભાસે છે અને તે આત્માના બધા પર્યાયને વ્યાપીને રહેતા નથી શુદ્ધ દશામા રાગાદિ નથી એ રીતે આત્માના ગુણ ને પર્યાયમાં વ્યાપતા ન હોવાથી રાગાદિ આત્માના સ્વભાવ નથી. પરંતુ જ્યા રાગાદિ હોય ત્યાં ચેતન

નિશ્ચય પ્રજ્ઞાગ્રાહ્ય જે. ચેતન તે હું-રૂપ;
સકલ ભાવ અવશેષ તે, મુજથી ભિન્ન સ્વરૂપ. ૨૯૯.

પ્રજ્ઞા વડે પોતાના લક્ષણોથી ઓળખીને ભિન્ન કરાયલો જે આ શુદ્ધાત્મા તે હું છું અને તેનાં ભિન્ન લક્ષણોથી ઓળખાતા જે આ રાગાદિ ભાવો વ્યવહારથી આત્માના કહેવાય છે તે ચૈતન્યસ્વરૂપ આત્મામાં વ્યાપતા ન હોવાથી નિશ્ચયનયે મારાથી અત્યંત ભિન્ન છે તેથી હું પોતે જ, મારા વડે જ, મારા માટે જ, મારાથી જ, મારામા જ, મને જ ગ્રહણ કરું છુ અને ચેત એટલે જ્ઞાનદર્શનરૂપે ઉપયોગનું પરિણમવું તેમા કર્તા કર્મ ને ક્રિયા ત્રણે અભેદપણે આત્મારૂપ હોવાથી જે શુદ્ધાત્માને ગ્રહણ કરુ છુ તે ચેતનાર એવો હું ચેતું છુ, ચેતનાર વડે ચેતું છું, ચેતનાર માટે ચેતું છુ, ચેતનારથી ચેતું છુ, ચેતનારમા ચેતું છુ, ચેતનારને ચેતું છુ અથવા નિર્વિકલ્પ સમાધિમા સર્વ વિકલ્પ રહિત હોવાથી ચેતનાર એવો હુ ચેતતો નથી, ચેતનાર વડે ચેતતો નથી, ચેતનાર માટે ચેતતો નથી ચેતનારથી ચેતતો નથી, ચેતનારમાં ચેતતો નથી ચેતનારને ચેતતો નથી, પરંતુ સર્વવિશુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ હુ છુ

શાર્દૂલવિક્રીડિત

भित्त्वा सर्वमपि स्वलक्षणबलाद् भेत्तु हि यच्छक्यते
चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा शु द्ध श्चि दे वा स्म्य ह म् ।
भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि
भिद्यंता न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति ॥१८२॥

પોતાના લક્ષણના બળથી સર્વ ભેદ્યને ભેદીને જે ભેદાતા

[illegible]

पणमामि [illegible]
अरहंता जे भासा ते [illegible] पणमामि [illegible]

णिश्चय प्रमाणात [illegible], ज्ञाता न [illegible]
सकल भाव [illegible] ते, मुज ll भिन्न [illegible]

દરેક પદાર્થ સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારે હોય, તેથી ચેતના પણ સામાન્ય દર્શનરૂપ અને વિશેષ જ્ઞાનરૂપ એમ બે પ્રકારે છે. ચેતયિતા (ચેતના)ની સામાન્ય દ્રષ્ટાપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ છે તેથી ચેતયિતાના કારકો પ્રમાણે દ્રષ્ટાપણાના અને જ્ઞાતાપણાના કારકો પણ થાય છે તે નીચે મુજબ છે

હું દ્રષ્ટા આત્માને અલગ કરું છું કે હું અલગ કરું છું તે વાસ્તવિક માત્ર જોઉં જ છું જોનાર એવો હું જોઉં છું.

જોનાર વડે જોઉ છુ, જોનાર માટે જોઉ છુ, જોનારથી જોઉ છુ, જોનારમા જોઉ છુ, જોનારને જોઉ છું અથવા નિર્વિકલ્પ સમાધિમા સર્વ વિકલ્પ રહિત હોવાથી જોનાર એવો હુ જોતો નથી, જોનાર વડે જોતો નથી, જોનાર માટે જોતો નથી, જોનારથી જોતો નથી, જોનારમા જોતો નથી, જોનારને જોતો નથી પરંતુ સર્વવિશુદ્ધ દર્શન માત્ર ભાવ હુ છું

વળી હું જ્ઞાતા આત્માને ગ્રહણ કરું છુ જે હુ ગ્રહણ કરુ છુ વાસ્તવિક માત્ર જાણુ જ છુ જાણનાર એવો હુ જાણુ છુ. જાણનાર વડે જાણુ છુ, જાણનાર માટે જાણુ છું, જાણનારથી જાણુ છુ. જાણનારમા જાણુ છુ, જાણનારને જાણુ છુ અથવા નિર્વિકલ્પ સમાધિમા સર્વ વિકલ્પ રહિત હોવાથી જાણનાર એવો હુ જાણતો નથી, જાણનાર વડે જાણતો નથી, જાણનાર માટે જાણતો નથી, જાણનારથી જાણતો નથી, જાણનારમા જાણતો નથી, જાણનારને જાણતો નથી, પરંતુ સર્વવિશુદ્ધ જ્ઞાન માત્ર ભાવ હુ છુ

એમ ચેતના દર્શનજ્ઞાનરૂપ પોતાના સામાન્ય અને વિશેષ સ્વરૂપને ઓળગતી નથી, જો ઓળગે તો સામાન્યવિશેષ રહિત થવાથી ચેતના જ ન રહે તે ચેતનાના અભાવમા બે દોષ આવે—૧ સ્વગુણના નાશથી ચેતનાનું અચેતનપણુ થાય અથવા ૨ વ્યાપક એવા ગુણોના અભાવથી વ્યાપ્ય એવા દ્રવ્યનો અભાવ થાય તેથી તે દોષો દૂર કરવા દર્શનજ્ઞાનમયી ચેતના માન્ય કરવાયોગ્ય છે

નાર્દૂલવિક્રીડિત

अद्वैतापि हि चेतना जगति चेद दृग्ज्ञप्तिरूपं त्यजेत
तत्सामान्यविशेषरूपविरहात्साऽस्तित्वमेव त्यजेत् ।

तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो विना व्यापका-
दात्मा चान्तमुपैति तेन नियतं दृग्ज्ञप्तिरूपास्तु चित् ॥१८३॥

સંસારમાં ચેતના અદ્વૈત છે. પણ જો તે પોતાના દર્શનજ્ઞાન સ્વરૂપને તજે તો સામાન્યવિશેષરૂપનો ત્યાગ થવાથી પોતાના અસ્તિત્વને જ તજી દે અર્થાત્ દર્શનજ્ઞાનનો ત્યાગ કરવાથી ચેતનને જડતા પ્રાપ્ત થાય અથવા વ્યાપક વિના વ્યાપ્ય આત્મા નાશને પામે પરંતુ તેમ થવું સંભવતું નથી તેથી નક્કી ચેતના દર્શનજ્ઞાનસ્વરૂપવાળી છે (કલશ ૧૮૩)

ઇન્દ્રવજ્રા

एकश्चितश्चिन्मय एव भावो भावाः परे ये किल ते परेषाम् ।
ग्राह्यस्ततश्चिन्मय एव भावो भावाः परे सर्वत एव हेयाः ॥१८४॥

ચિન્મય—જ્ઞાનદર્શનમય ચેતના—એ એક જ ભાવ ચૈતન્યનો પોતાનો છે, તે સિવાય જે બીજા ભાવો છે તે પરના—પુદ્ગલના—છે તેથી એક ચિન્મયભાવ જ ગ્રહણ કરવા યોગ્ય છે તે સિવાયના બીજા ભાવો સર્વથા ત્યાગવા યોગ્ય છે (કલશ ૧૮૪)

તે કહે છે.—

को णाम भणिज्ज बुहो णादुं सव्वे पराइए भावे ।
मज्झमिणंति य वयणं जाणंतो अप्पयं सुद्धं ॥३००॥

પરભાવો પર જાણીને, લહી નિજ આત્મા શુદ્ધ.
કોણ કહે પર મારું આ? જ્ઞાની જેહ પ્રબુદ્ધ. ૩૦૦

આ પ્રમાણે જે ખરેખર પરના ને આત્માના નિશ્ચિત સ્વ સ્વ લક્ષણવડે વિભાગ પાડનારી પ્રજ્ઞાવડે જ્ઞાની થાય, તે

ખરેખર એક ચિન્માત્ર ભાવને જ પોતાનો જાણે છે અને બાકીના મિથ્યાત્વરાગાદિ સર્વ કર્મજનિત વિભાવભાવોને શુદ્ધાત્માથી ભિન્ન પરના જાણે છે એમ જાણનાર સમ્યગ્દૃષ્ટિ આ પરભાવ મારા છે એમ કેમ કહે? અર્થાત્ ન જ કહે કારણકે નિશ્ચયથી પર સાથે આત્માને સ્વસ્વામીસબંધનો અસંભવ છે તેથી સર્વથા ચૈતન્યભાવ ગ્રહણ કરવા યોગ્ય છે અને તે સિવાયના સર્વે ભાવો છોડવાયોગ્ય છે એમ સિદ્ધાંત છે

શાર્દૂલવિક્રીડિત

सिद्धांतोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभि सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परम ज्योति सदैवास्म्यहम् ।
एते ये तु समुल्लसति विविधा भावा पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ॥१८५॥

આ સિદ્ધાત ઉદારચિત્તવાળા તથા ઉદારચરિત્રવાળા મોક્ષાર્થીઓએ સેવવાયોગ્ય છે કે હું તો એક શુદ્ધ (કર્મરહિત) ચૈતન્ય સ્વરૂપ પરમજ્યોતિ માત્ર સદા છુ આ મારાથી ભિન્ન લક્ષણવાળા નાના પ્રકારના ભાવો ઉદ્ભવે છે તે હુ (મારું સ્વરૂપ) નથી કારણકે તે સર્વે મારાથી ભિન્ન એવા પરદ્રવ્ય છે (કલશ ૧૮૫)

અનુષ્ટુપ

परद्रव्यग्रहं कुर्वन् बध्येतैवापराधवान ।
बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो यति ॥१८६।

પરદ્રવ્યને ગ્રહણ કરતો (વિભાવમા પરિણમતો) અપરાધી જીવ બધાય છે. અને પોતાના દ્રવ્યમાં (સ્વરૂપમા) સંવૃત થયેલા અનપરાધી મુનિ બંધાતા નથી (કલશ ૧૮૬)

આગળ એ વાતને દૃષ્ટાંતથી કહે છે.—

थेयाई अवराहे जो कुव्वइ सो उ संकिदो भमई।
मा वज्झजं केणवि चोरोत्ति जणह्मि वियरंतो ॥३०१॥
जो ण कुणइ अवराहे सो णिस्संको उ जणवए भमई।
ण वि तस्स वज्झिदुं जे चिंता उप्पज्जदि कयाइ ॥३०२॥
एवह्मि सावराहो वज्झामि अहं तु संकिदो चेया।
जइ पुण णिरवराहो णिस्संकोहं ण वज्झामि ॥३०३॥

ચૌર્યાદિ અપરાધ યુત જે જન જગમાં હોય;
જનપદમાં શંકિત ફરે, રખે ન બાંધે કોય. ૩૦૧
જે જન કદી કરે નહી, ચૌર્યાદિ અપરાધ;
ફરે બંધચિંતા રહિત, નિઃશંક નિરપરાધ. ૩૦૨.
અપરાધી સાશંક છે. હું બંધાઇશ એમ;
નિરપરાધી નિઃશંક કે, હું બંધાઉં જ કેમ? ૩૦૩

આ લોકમાં પરદ્રવ્ય આદિ હરણ કરનાર અપરાધી ચોરને હું બંધાઇશ એવી શંકા રહે છે અને કોટવાલ આદિ પકડે ત્યારે છૂટવા માટે તે દંડ ભરે છે પરંતુ પરદ્રવ્યાદિ હરણ ન કરનાર નિર્દોષને તેવી શંકા થતી નથી અને દંડ પણ ભરવો પડતો નથી તેવી રીતે જે શુદ્ધસ્વરૂપથી ભિન્ન એવા રાગાદિભાવોને ગ્રહણ કરે છે-પરભાવમા પરિણમે છે- તે અપરાધી થાય છે તેને હું આઠ કર્મોવડે બંધાઈશ એવી શંકા રહે છે, ત્યારે કર્મબંધથી ન બંધાવા તે પ્રાયશ્ચિત્ત, પ્રતિક્રમણ આદિ કરવારૂપ દંડ આપે છે પરંતુ જે શુદ્ધ ચૈતન્ય લક્ષણવાળા સ્વસ્થભાવમાં પરિણમે છે, તે મિથ્યાત્વ-રાગાદિ રહિત નિરપરાધ હોવાથી, તેને કોઈ કર્મવડે બંધાવાની

શંકા થતી નથી. તેથી પ્રાયશ્ચિત્ત, પ્રતિક્રમણ આદિ વિના પણ અનંત જ્ઞાનાદિરૂપ નિર્દોષ પરમાત્મભાવનાથી જ શુદ્ધ થાય છે, એમ નિયમ છે આથી સર્વથા સર્વ પરભાવના ત્યાગવડે શુદ્ધ આત્મા ગ્રહણ કરવો જોઈએ. તેમ કરવાથી જ જીવ નિરપરાધી થાય છે

આ અપરાધ તે શું છે? તે નિરપરાધ શબ્દની વ્યુત્પત્તિ દ્વારા સમજાવે છે —

संसिद्धिराधसिद्धं मा धि य मा रा धि य एगट्ठं ।
अवगयराधो जो खलु चेया सो होइअवराधो ॥३०४॥
जो पुण णिरवराधो चेया णिस्संकिओ उ सो होइ ।
आराहणाए णिच्चं वट्टेइ अहंति जाणंतो ॥३०५॥

એકાર્થે સંસિદ્ધિ ને, સાધિત સિદ્ધારાધઃ
રાધ ગણો સૌ; જે વિના, જીવ બને અપરાધ, ૩૦૪.
નિરપરાધી ચેતના, નિત્ય રહે નિઃશંક:
ચિદ્રૂપ હું સંવેદંત. દૃઢ આરાધન-રંગ. ૩૦૫

ત્રણે કાળના મિથ્યાત્વવિષયકષાયાદિ વિભાવ પરિણામથી રહિત નિર્વિકલ્પ સમાધિમા રહીને પોતાના શુદ્ધ આત્માનું આરાધન સેવન કરવુ તે રાધ છે સંસિદ્ધિ, સિદ્ધિ, સાધિત, આરાધિત ઈત્યાદિ સર્વ રાધના પર્યાયવાચી શબ્દો છે જે ભાવમા આ રાધ નથી તે અપરાધ છે જેનામા રાધ એટલે શુદ્ધાત્માનું આરાધન નથી. તે પોતે અભેદનયથી અપરાધ કહેવાય છે અથવા તો સાપરાધ કહેવાય છે. અને તેથી વિપરીત જે ત્રિગુપ્તિ યુક્ત શુદ્ધાત્માનું આરાધન કરનાર છે તે નિરપરાધ કહેવાય છે

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

भवति निरपराध[illegible] ॥१८७॥

સાપરાધ જીવ નિરંતર અનંત કર્મોથી બંધાય છે અને નિરપરાધ જીવ કદી પણ બંધને સ્પર્શતો નથી પોતાના અશુદ્ધ સ્વરૂપને ભજતો આ જીવ નિયમથી સાપરાધ હોય છે અને શુદ્ધાત્માને સેવનાર સાધુપુરુષ નિયમથી નિરપરાધ હોય છે (કલશ ૧૮૭)

અહી શિષ્ય પ્રશ્ન પૂછે છે—

હે ભગવન્! પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાન કરવા વડે જ આત્મા નિરપરાધ થઈ શકે છે તો પછી આ શુદ્ધાત્માની આરાધનામાં પ્રયત્ન કરવાનું શું પ્રયોજન છે? વળી સાપરાધને અપ્રતિક્રમણાદિ, અપરાધનો નાશ કરનાર ન હોવાથી વિષકુંભ છે અને પ્રતિક્રમણાદિ, અપરાધના નાશ કરનાર હોવાથી અમૃતકુંભ છે વ્યવહારસૂત્રમાં કહ્યુ છે કે—

अप्पडिक्कमणमपडिसरणं अप्पडिहारो अधारणा चेव ।
अणियत्ती य अणिंदागरहा सोही य विसकुंभो ॥१॥
पडिक्कमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य ।
णिदा गरहा सोही अट्ठविहो अमयकुंभो दु ॥२॥

અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપ્રતિહરણ, અધારણા. અનિવૃત્તિ, અનિંદા, અગર્હા, અશુદ્ધિ, એ આઠ પ્રકારે વિષકુંભ છે તથા પ્રતિક્રમણ, પ્રતિસરણ, પ્રતિહરણ, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા, શુદ્ધિ એ આઠ પ્રકારે અમૃતકુંભ છે.

ઉપર્યુક્ત પ્રશ્નનો ઉત્તર આપે છેઃ—

पडिक्कमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य ।
णिंदा गरहा सोही अट्ठविहो होइ विसकुंभो ॥३०६॥
अप्पडिक्कमणमप्पडिसरणं अप्परिहारो अधारणा चेव ।
अणीयत्ती य अणिंदागरहासोही अमयकुंभो ॥३०७॥

પ્રતિક્રમ પ્રતિસર ધારણા, નિવૃત્તિ પરિહારઃ
નિંદા ગર્હા શુદ્ધિ એ, આઠ વિષકુંભ પ્રકાર ૩૦૬.
પ્રતિક્રમ પ્રતિસર ધારણા, નિવૃત્તિ પરિહારઃ
નિંદા ગર્હા શુદ્ધિથી, અતીત અમીઘટ ધાર. ૩૦૭.

(૧) પ્રતિક્રમણ—થયેલા દોષોને છોડવા, (૨) પ્રતિસરણ—સમ્યક્ત્વાદિ ગુણોમા પ્રેરાવુ, (૩) પ્રતિહરણ અથવા પરિહાર—મિથ્યાત્વરાગાદિ દોષોને દૂર કરવા, (૪) ધારણા—પંચ નમસ્કાર આદિ મંત્ર અથવા પ્રતિમા વગેરે બાહ્યદ્રવ્યના અવલંબનથી ચિત્તને સ્થિર કરવું. (૫) નિવૃત્તિ—બાહ્ય વિષયકષાયમાં પ્રવર્તતા ચિત્તને પાછું ફેરવવું. (૬) નિંદા—આત્મસાક્ષીએ

પોતાના દોષ વિચારવા, (૭) ગર્હા–ગુરુસાક્ષીએ પોતાના દોષ પ્રગટ કરવા, (૮) શુદ્ધિ–થએલા દોષ માટે પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી

એ આઠ પ્રકારના વિકલ્પરૂપ શુભોપયોગ છે તે સવિકલ્પ સરાગ ચારિત્ર અવસ્થામા મિથ્યાત્વવિષયકષાય પરિણતિરૂપ અશુભોપયોગની અપેક્ષાએ અમૃતકુંભ છે, પરંતુ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ લક્ષણવાળી સ્વયંશુદ્ધ ત્રીજી ભૂમિકા છે, તે ભૂમિકામા એટલે વીતરાગ ચારિત્રમા પ્રવર્તનારા જ્ઞાનીઓને આ શુભ ઉપયોગરૂપ પ્રતિક્રમણાદિ વિષકુંભ છે

અપ્રતિક્રમણાદિ બે પ્રકારે છે (૧) અજ્ઞાનીજન આશ્રિત (૨) જ્ઞાનીજન-આશ્રિત

અજ્ઞાનીજન–આશ્રિત અપ્રતિક્રમણાદિ વિષયકષાયની પરિણતિરૂપ હોવાથી વિષકુંભ જ છે પરંતુ જ્ઞાનીજન–આશ્રિત અપ્રતિક્રમણાદિ તો શુદ્ધાત્માનાં સમ્યક્ શ્રદ્ધાજ્ઞાનપરિણતિરૂપ ત્રિગુપ્તિયુક્ત હોવાથી અમૃતકુંભ છે તે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિકા તો સ્વયં શુદ્ધાત્મસિદ્ધિરૂપે સર્વ અપરાધ અને દોષરૂપ વિષને નાશ કરતી હોવાથી સાક્ષાત્ સ્વય અમૃતકુંભ જ છે

જે દ્રવ્યપ્રતિક્રમણાદિરૂપ બીજી ભૂમિકા છે તે શુદ્ધભાવરૂપ ત્રીજી ભૂમિકાને લક્ષે કરવામાં આવે તો સર્વ અપરાધરૂપ વિષને દૂર કરવાને સમર્થપણે અમૃતકુંભ છે પરંતુ એ ત્રીજી ભૂમિકા ન જોનારને અર્થાત્ શુદ્ધભાવના લક્ષવિના દ્રવ્યપ્રતિક્રમણાદિ દોષ દૂર કરવાને અસમર્થપણે વિપક્ષકારી અર્થાત્ શુભાશુભ બંધનું કારણ હોવાથી વિષકુંભ છે એમ

ત્રીજી ભૂમિકાના લક્ષે વ્યવહારથી પ્રતિક્રમણાદિને અમૃતકુંભપણુ છે અને તે લક્ષના અભાવમાં દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અપરાધપણું છે

તેથી તૃતીયભૂમિકાથી જ નિરપરાધપણુ છે એમ નક્કી થાય છે તે ભૂમિકાની પ્રાપ્તિ માટે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ કરવાયોગ્ય છે. આથી એમ ન સમજવુ કે વ્યવહારસૂત્ર અનુસાર પ્રતિક્રમણાદિ જયવત છે, કારણ કે પ્રતિક્રમણાદિ વડે મોક્ષ નથી પરતુ અપ્રતિક્રમણ અને પ્રતિક્રમણ સિવાયની જે જ્ઞાનીજન–આશ્રિત અપ્રતિક્રમણાદિરૂપ શુદ્ધાત્મસિદ્ધિલક્ષણવાળી દુષ્કર ભૂમિકા છે તેથી મોક્ષ છે નિશ્ચયથી એ જ અમૃતકુભ છે અને એ લક્ષે દ્રવ્યપ્રતિક્રમણાદિ કરાય તો વ્યવહારથી અમૃતકુંભ છે નિશ્ચયથી તો તે પણ વિષકુભ જ છે વ્યવહારથી અમૃતકુંભ થવાનુ કારણ ત્રીજી ભૂમિકાનો લક્ષ છે તેથી ત્રીજી ભૂમિકા જ જયવંત વર્તે છે

अतो हता प्रमादिनो गता· सुखासीनता
प्रलीन चापलमुन्मूलितमालम्बनम् ।
आत्मन्येवालानितं च चित्त–
मासंपूर्णविज्ञानघनोपलब्धेः ॥१८८॥

આથી જે (ધર્મક્રિયામાં) પ્રમાદી છે તે તો વિષયસુખોમાં આસક્ત હોવાથી નાશ પામેલા છે તેમ જ જે ક્રિયાકાડની ચપળતામા અત્યત લીન થઈને નિશ્ચયરૂપ ધ્યેયના અવલંબનને છોડી દે છે, તેઓ પણ નાશ પામેલા છે. તેથી સપૂર્ણ વિજ્ઞાનઘનની પ્રાપ્તિ થતા સુધી ચિત્તરૂપી હાથીને આત્મારૂપી થાંભલા સાથે બાધી રાખવો જોઈએ. અર્થાત્ ધર્મધ્યાન વડે યથાશક્તિ ચિત્તને આત્મામાં લીન કરવું જોઈએ. (કલશ ૧૮૮)

[illegible]

[illegible]

કષાયની અધિકતાથી [illegible] આળસ [illegible] તે જ પ્રમાદ છે. એવા પ્રમાદવાળા આળસ [illegible] શુદ્ધભાવ ક્યાંથી થાય? આ કારણે પોતાના રસની [illegible] સ્વભાવમાં નિશ્ચળ થયેલા મુનિ પરમ શુદ્ધતાને પામે છે, તેમ જ તેઓ શીઘ્ર મુક્ત થાય છે (કલશ ૧૯૦)

હવે મોક્ષનો ક્રમ દર્શાવતું કાવ્ય કહે છે —

શાર્દૂલવિક્રીડિત

त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं
स्वद्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः ।

बंधध्वंसमुपेत्य नित्यमुदितं स्वज्योतिरच्छोच्छल-
च्चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते ॥१९१॥

અશુદ્ધતાના કરનાર સંપૂર્ણ પરદ્રવ્યને ખરેખર ત્યાગીને જે પોતે પોતાના દ્રવ્યમાં રતિ કરે છે, તે સર્વ અપરાધથી રહિત એટલે આરાધક થયેલા મુનિ, બંધનો નાશ કરીને નિત્ય પ્રગટ એવી જે પોતાની ચૈતન્યજ્યોતિ તેમાં નિર્મળપણે ઊછળતા ચૈતન્યરૂપી અમૃતના પૂરથી પૂર્ણ મહિમાવાળા શુદ્ધ આત્મા થતા, કર્મબંધથી મુકાય છે–મોક્ષ પામે છે.

(કલશ ૧૯૧)


હવે અંતમંગલરૂપે પૂર્ણજ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે:—

મંદાક્રાંતા

बंधच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-
न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकांतशुद्धम् ।
एकाकारस्वरसभरतोऽत्यंतगंभीरधीरं
पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि ॥१९२॥

બંધનો છેદ થવાથી અક્ષય અતુલ મોક્ષને અનુભવતું, નિત્ય પ્રકાશિત એવી પોતાની સહજ અવસ્થાને પ્રગટ કરતું, એકાન્તે શુદ્ધ, પોતાના એકાકાર–અભેદ રસથી ભરપૂર હોવાથી અત્યંત ધીર ગંભીર, દેદીપ્યમાન, પોતાના અચળ મહિમામાં લીન થયેલું એવું પૂર્ણજ્ઞાન પ્રગટ થયું, અર્થાત્ કેવલજ્ઞાન પ્રગટ થયું (કલશ ૧૯૨)

એમ રાગાદિરહિત શાંતરસમાં પરિણમેલા શુદ્ધાત્મારૂપે મોક્ષ શૃંગારરહિત પાત્રની સમાન રંગભૂમિપરથી નીકળી ગયો.



૯ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

– [illegible] –

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible] ॥૧૯૩॥

સર્વ કર્તાભોક્તાદિ ભાવોને સારી રીતે નાશ કરીને અને દરેક અવસ્થામાં જેનાથી બંધમોક્ષની કલ્પના પણ દૂર થઈ છે, જે રાગાદિથી અને કર્માવરણથી રહિત હોવાથી શુદ્ધ શુદ્ધ અત્યંત શુદ્ધ છે, જે પોતાના રસના ફેલાવથી સંપૂર્ણ, પવિત્ર અને અચળ જ્યોતિરૂપ છે તથા જે ટંકોત્કીર્ણ સદા પ્રગટ રહેવારૂપ માહાત્મ્યવાન છે એવો આ જ્ઞાનપુંજ ઉદય થાય છે અર્થાત્ સર્વવિશુદ્ધ કેવળજ્ઞાન ઉદય થાય છે

(કલશ ૧૯૩)

આ છેલ્લો અધિકાર સમયસાર ગ્રંથની ચૂલિકા એટલે ઉપસંહારરૂપે છે ચૂલિકામા ઉક્ત—કહેલી વાત અગત્યની હોવાથી ફરી કહે, અનુક્ત—કોઈ વાત કહેવાની રહી ગઈ હોય તે કહે અને મિશ્ર, એમ રહ્યુંસહ્યુ કથન સંક્ષેપથી કરાય છે, તેમ અહીં પણ કર્યું છે

અશુદ્ધ સંસારી જીવ અશુદ્ધ નિશ્ચયનયથી કર્તૃત્વ-ભોક્તૃત્વ, બંધમોક્ષાદિ સહિત છે, પરંતુ સર્વવિશુદ્ધ

પારિણામિકભાવગ્રાહકપણે, શુદ્ધ ઉપાદાનરૂપે અથવા શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી તે કર્તૃત્વભોક્તૃત્વ, બંધમોક્ષાદિ અશુદ્ધ પરિણામોથી રહિત છે એ વિષે પહેલી ૧૩ ગાથામાં કહેશે.

અનુષ્ટુપ

कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत ।
अज्ञानादेव कर्तायं तदभावादकारक ॥१९४॥

આ ચેતનનો જેમ ભોક્તૃત્વસ્વભાવ નથી તેવી રીતે કર્તૃત્વસ્વભાવ પણ નથી અજ્ઞાનથી જ આ જીવ કર્તા છે અને અજ્ઞાનનો અભાવ થવાથી અકર્તા છે (કલશ ૧૯૪)

પ્રથમ આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક બતાવે છે:—

दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं ।
जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह ॥३०८॥
जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिया सुत्ते ।
तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि ॥३०९॥
ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा ।
उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होइ ॥३१०॥
कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि ।
उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसए अण्णा ॥३११॥

દ્રવ્ય સ્વગુણપર્યાયથી સદાય એકાકાર:
કડાં આદિ પર્યાયમાં. કનક ન અન્ય પ્રકાર. ૩૦૮.
સૂત્રે જીવ-અજીવનાં દર્શાવ્યાં પરિણામ:
તેને જીવ-અજીવથી અનન્યરૂપ જાણ. ૩૦૯.

પર ને આત્માનો એકત્વ અધ્યાસ કરવાથી કર્તા થતો પ્રકૃતિ-નિમિત્તે પરભાવમાં પરિણમતો ઊપજે છે ને નાશ થાય છે અર્થાત્ વિભાવભાવે પરિણમે છે પ્રકૃતિ પણ આત્માના રાગાદિ વિભાવ પરિણામોનું નિમિત્ત પામીને જ્ઞાનાવરણાદિ કર્મરૂપે ઊપજે છે અને નાશ થાય છે. એમ આત્મા ને પ્રકૃતિને વાસ્તવિક કર્તાકર્મપણાનો અભાવ છતાં અન્યોન્યના નિમિત્તનૈમિત્તિકભાવે બંધ થાય છે તેથી સંસાર થાય છે એ રીતે કર્તાકર્મનો વ્યવહાર છે, તે અજ્ઞાનનો જ મહિમા છે

એમ ક્યાં સુધી અજ્ઞાની રહે છે? તે કહે છે—

जा एसा पयडीअट्ठं चेया णेव विमुचए।
अयाणओ भवे ताव मिच्छाइट्ठी असंजओ ॥३१४॥
जया विमुचए चेया कम्मफलमणंतयं।
तया विमुत्तो हवइ जाणओ पासओ मुणी ॥३१५॥

એ પ્રકૃતિ-નિમિત્તનો, જીવ કરે નહિ ત્યાગ;
ત્યાંસુધી તે છે અજ્ઞ ને, મિથ્યાદષ્ટિ સરાગ. ૩૧૪.
સકલ કરમફલનો યદા, ત્યાગે ભોક્તાભાવ;
જ્ઞાતા દ્રષ્ટા તે મુનિ, વર્તે મુક્ત સ્વભાવ ૩૧૫.

પ્રકૃતિસ્વભાવ એટલે જ્ઞાનાવરણાદિ આઠ પ્રકૃતિના ઉદયથી થતો સ્વભાવ, અર્થાત્ ચાર ગતિ, શરીર, રાગાદિભાવ, સુખદુઃખ આદિ વેદન વગેરે કર્મના ઉદયમાં એકતા કરવી તે પ્રકૃતિસ્વભાવ છે

જ્યાં સુધી આત્મા પોતાના શુદ્ધ પરમાત્મસ્વભાવરૂપ નિશ્ચિત લક્ષણના અજ્ઞાનથી આત્માને બંધનું કારણ એવા પ્રકૃતિસ્વભાવને છોડતો નથી. ત્યાં સુધી સ્વપરના એકત્વ

જ્ઞાનથી અજ્ઞાની થાય છે, સ્વપરના એકત્વ દર્શનથી મિથ્યાદૃષ્ટિ થાય છે, સ્વપરની એકત્વપરિણતિથી અસંયમી થાય છે અને ત્યાંસુધી જ પર એવા દેહાદિ અને આત્માનો એકત્વ અધ્યાસ કરવાથી તે કર્તા થાય છે પરંતુ જ્યારે તે જ આત્મા પોતાના શુદ્ધ પરમાત્મસ્વભાવરૂપ નિશ્ચિત લક્ષણના જ્ઞાનથી આત્માને બંધનું કારણ એવા પ્રકૃતિસ્વભાવને છોડે છે, ત્યારે સ્વપરના ભેદજ્ઞાનથી જ્ઞાની થાય છે, સ્વપરના ભેદદર્શનથી સમ્યગ્દૃષ્ટિ થાય છે તથા સ્વપરની ભેદપરિણતિથી સંયમી થાય છે અને ત્યારે જ પર એવા દેહાદિ અને આત્માનો એકત્વ અધ્યાસ ન કરવાથી અકર્તા થાય છે

અનુષ્ટુપ

भोक्तृत्वं न स्वभावोऽस्य स्मृतः कर्तृत्ववच्चितः ।
अज्ञानादेव भोक्तायं तदभावादवेदकः ॥१९६॥

જેમ કર્તૃત્વસ્વભાવ નથી તેવી રીતે આ ચેતનનો ભોક્તૃત્વસ્વભાવ પણ નથી અજ્ઞાનથી જ આ જીવ ભોક્તા છે અને અજ્ઞાનનો અભાવ થવાથી અભોક્તા છે (કલશ ૧૯૬)

તથાપ્રકારે આત્માનું અભોક્તાપણું બતાવે છે—

अण्णाणी कम्मफलं पयडिसहावट्ठिओ दु वेदेइ ।
णाणी पुण कम्मफलं जाणइ उदियं ण वेदेइ ॥३१६॥

કર્મ તણાં ફળ વેદતો. પ્રકૃતિવશ જે અજ્ઞ. ઉદિત કર્મફળ જાણતા, પણ વેદે નહિ વિજ્ઞ ૩૧૬.

અજ્ઞાની જીવ શુદ્ધાત્મજ્ઞાનના અભાવમાં આત્મા અને કર્મનો ભેદ સમજવાને અસમર્થ હોવાથી આત્મસ્વરૂપ અને

વિરક્ત થયેલા, ઉદયાગત કર્મને આત્માથી ભિન્ન જાણે છે તેઓ શુભાશુભ કર્મના ફળને અનેક પ્રકારના મધુરા અને કડવા રસ આપનાર પરદ્રવ્યરૂપ જાણે છે ને તે સર્વથી વિરક્ત રહે છે એમ જ્ઞાની અંતરમા નિર્વેદમય એટલે વૈરાગ્ય સહિત હોવાથી અભોક્તા જ કહેવાય છે

વસંતતિલકા

ज्ञानी करोति न न वेदयते च कर्म
जानाति केवलमयं किल तत्स्वभावम् ।
जानन्परं करणवेदनयोरभावा-
च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव ॥१९८॥

જ્ઞાની કર્મને કરતા નથી અને તેના ફળને વેદતા નથી આ કર્મનો સ્વભાવ છે એમ માત્ર જાણે છે, પરંતુ જાણતા છતા પણ કર્તાભોક્તાપણાનો અભાવ હોવાથી શુદ્ધસ્વભાવમાં નિશ્ચળ રહેલા તેઓ મુક્ત જ છે (કલશ ૧૯૮)

એજ વાતનું સમર્થન કરે છે:—

णवि कुव्वइ णवि वेयइ णाणी कम्माइं बहुपयाराइं
जाणइ पुण कम्मफलं बंधं पुण्णं च पावं च ॥३१९॥

કરે નહીં વેદે નહીં, જ્ઞાની કર્મ પ્રબંધ;
કેવલ જાણે કર્મફલ, પુણ્ય પાપ ને બંધ. ૩૧૯.

જ્ઞાનીને કર્મચેતના અને કર્મફલચેતનાના અભાવથી સ્વયં અકર્તાપણું અને અભોક્તાપણું છે તેથી તેઓ કર્મ કરતા નથી અને વેદતા પણ નથી પરંતુ જ્ઞાનચેતનાયુક્ત હોવાથી જ્ઞાતાપણે શુભાશુભ કર્મબંધ-કર્મફલને માત્ર જાણેજ છે

એ કેવી રીતે? તે દૃષ્ટાંતથી કહે છે—

दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव ।
जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव ॥३२०॥

કારક વેદક જ્ઞાન નહિ ચક્ષુસમ નિર્દોષ:
કેવલ જાણે બંધ ને. ઉદય, નિર્જરા, મોક્ષ. ૩૨૦

જેવી રીતે લોકમા દૃશ્યથી દૃષ્ટિ અત્યંત ભિન્ન હોવાથી દૃશ્યને કરવા ભોગવવા અસમર્થ છે, તેથી તે દૃશ્યને કરતી કે વેદતી નથી નહિતો અગ્નિને જોતા બળતણની જેમ તેને પ્રજ્વલિત કરનારી થાય અને લોઢુ જેમ અગ્નિમાં તપે તેમ પોતે તપી પણ જાય પરંતુ દૃષ્ટિ માત્ર દર્શન સ્વભાવવાળી હોવાથી વસ્તુને કેવળ જુએ જ છે તેમ જ્ઞાન-સ્વરૂપ આત્મા પણ સ્વયં દૃષ્ટિરૂપ-દ્રષ્ટા છે તે કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી કર્મને કરવા ભોગવવાને અસમર્થ છે તેથી કર્મને કરતો કે વેદતો નથી પરંતુ જ્ઞાનસ્વભાવવાળો હોવાથી કર્મના ઉદય, બંધ, મોક્ષ, નિર્જરા વગેરેને માત્ર જાણે જ છે

આ પ્રમાણે સ્યાદ્વાદથી કર્તાપણુ અને ભોક્તાપણુ હોવા વિષે અને ન હોવા વિષે સમજાવ્યા પછી હવે જે એકાન્તવાદીઓ જૈનમા તેમજ અન્યમતોમા છે તેઓની માન્યતાઓમા જે દોષ આવે છે તે દર્શાવી સ્યાદ્વાદયુક્ત અનેકાન્ત વસ્તુસ્થિતિને પ્રગટ કરે છે—

અનુષ્ટુપ

ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः ।
सामान्यजनवत्तेषां न मोक्षोऽपि मुमुक्षुतां ॥१९९॥

નહિ છતાં પોતાના કરે તો તે પણ મિથ્યાદૃષ્ટિ થાય છે એમા કંઇ શંકા નથી

તેથી લોકો તથા એકાન્તવાદી મુનિઓ એ બન્નેનો ભિન્ન એવા પરદ્રવ્યમા જે કર્તાપણાનો નિશ્ચય છે તે તેઓના સમ્યગ્દર્શન રહિતપણાથી છે, એમ તત્ત્વને જાણનાર સુજનો નક્કી જાણે

વસંતતિલકા

एकस्य वस्तुन इहान्यतरेण सार्द्धं
संवंध एव सकलोऽपि यतो निषिद्धः ।
तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे
पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम् ॥२०१॥

એક વસ્તુનો બીજી વસ્તુ સાથેનો સંબંધ આ લોકમા સર્વ પ્રકારે જેથી નિષેધ કરાયલો છે તેથી વસ્તુભેદ હોવાથી તેઓમાં કર્તાકર્મની ઘટના બનતી નથી, માટે લોકો તેમજ મુનિઓ આત્મતત્ત્વને અકર્તાપણે જુએ એ ઈચ્છવાયોગ્ય છે (કલશ ૨૦૧)

વસંતતિલકા

ये तु स्वभावनियमं कलयन्ति नेम-
मज्ञानमग्नमहसो बत ते वराकाः ।
कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-
कर्ता स्वयं भवति चेतन एव नान्यः ॥२०२॥

જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી તે અજ્ઞાનમા ડૂબી ગયું છે તેજ-વર્ચસ જેનું એવા તે, બિ

કર્મ કરે છે. ત્યારે પણ આત્મા તો માત્ર ભાવકર્મનો જ કર્તા થાય છે કારણ કે રાગાદિ ભાવકર્મનો કર્તા ચેતન પોતે જ છે અન્ય પુદ્ગલ આદિ રાગાદિના કર્તા નથી (કલશ ૨૦૨)

અહીં શિષ્ય પ્રશ્ન પૂછે છે કે આપે કર્મ બે રૂપે કહ્યા તેમા દ્રવ્યકર્મ પુદ્ગલરૂપ છે અને તેનો કર્તા આત્મા નથી એમ કહ્યું હવે આ ભાવકર્મ ચેતનરૂપ છે એમ આપ કહો છો તો તેનો કર્તા ને ભોક્તા ચેતન છે? અચેતન છે? કે બન્ને છે?

તેના ઉત્તરમા આચાર્ય મિથ્યાત્વપ્રકૃતિનુ દૃષ્ટાંત આપીને સમજાવે છે કે ભાવકર્મનો કર્તાભોક્તા અન્ય નથી પણ આત્મા જ છે·—

मिच्छत्तं जइ पयडी मिच्छाइट्ठी करेइ अप्पाणं।
तह्मा अचेयणा ते पयडी णणु कारगो पत्तो ॥३२८॥
अहवा एसो जीवो पुग्गलदव्वस्स कुणइ मिच्छत्तं।
तह्मा पुग्गलदव्वं मिच्छाइट्ठी ण पुण जीवो ॥३२९॥
अह जीवो पयडी तह पुग्गलदव्वं कुणंति मिच्छत्तं।
तह्मा दोहि कयं तं दोण्णिवि भुंजंति तस्स फलं॥३३०॥
अह ण पयडी ण जीवो पुग्गलदव्वं कुणंति मिच्छत्तं।
तह्मा पुग्गलदव्वं मिच्छत्तं तं तु ण हु मिच्छा ॥३३१॥

જડપ્રકૃતિ મિથ્યાત્વથી, જીવ મિથ્યાત્વી કરાય;
તો તો પુદ્ગલ પ્રકૃતિ, કર્તા બની ગણાય. ૩૨૮.
આત્મા પુદ્ગલને કરે, જો મિથ્યાત્વસ્વરૂપ,
પુદ્ગલ મિથ્યાત્વી બને. પણ નહિ જીવ તદ્રૂપ. ૩૨૯.

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

પુદ્ગલને મિથ્યાત્વ જો, કરે પ્રકૃતિ જીવ બેય:
તો દ્વિકૃત ફલ તેહનુ, વેદે પણ બન્નેય 330
પ્રકૃતિ, જીવ કરે ન જો પુદ્ગલને મિથ્યાત્વ:
પુદ્ગલ મિથ્યાત્વી ઠરે, મિથ્યા મત સાક્ષાત 331

આત્માને મિથ્યાદૃષ્ટિ કરે છે એમ તુ માને તો તે તારી અચેતન પુદ્ગલ પ્રકૃતિ કર્તા થઈ અને આત્મા અકર્તા થયો તેથી બંધનો અભાવ થતા સસારનો પણ અભાવ થાય એ પ્રત્યક્ષ વિરોધ છે

(૧) જો મિથ્યાત્વપ્રકૃતિનો ઉદય

(૨) અથવા જો આ જીવ પુદ્ગલ દ્રવ્યને ભાવમિથ્યાત્વરૂપ કરે છે પરતુ પોતે તેમ પરિણમતો નથી એમ માને તો એકલુ પુદ્ગલદ્રવ્ય મિથ્યાત્વરૂપ થયુ એ રીતે આત્માને એકાન્તે અપરિણામી માનતા તેને બધ અને સસારનો અભાવ થાય એમા પણ પ્રત્યક્ષ વિરોધ છે

(૩) પૂર્વોક્ત દૂષણ ટાળવ તુ એમ કહે કે જીવ અને પ્રકૃતિ બન્ને મળીને તે ભાવમિથ્યાત્વને કરે છે તો જીવની સમાન અચેતન પ્રકૃતિને પણ ભોક્તાપણાનો પ્રસગ આવે પરતુ તેમ ઘટતુ નથી

(૪ અથવ પુદ્ગલને મિથ્યાત્વરૂપ ન તો પ્રકૃતિ કરે છે ન તો જીવ કરે છે પુદ્ગલ પોતે જ ભાવ મિથ્યાત્વરૂપે પરિણમે છે એમ માનવુ તે શુ સાક્ષાત અસત્ય નથી? અર્થાત્ તે પણ મિથ્યા અથવા અસત્ય છે

(શાર્દૂલવિક્રીડિત)

कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-
रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषंगात्कृतिः ।

૬૮

नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो
जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः ॥२०३॥

ભાવકર્મ કાર્ય હોવાથી કોઈના કર્યા વગર થતા નથી તે જીવ અને પ્રકૃતિ એ બન્નેના નથી, કારણ કે તેથી જ્ઞાનરહિત એવી પ્રકૃતિને પોતાના કર્મનુ ફળ ભોગવવારૂપ ભાવનો પ્રસગ આવે. વળી તે ભાવકર્મ (કૃતિ.) એકલી પ્રકૃતિના નથી, કારણ કે પ્રકૃતિ તો અચેતન પ્રકાશે છે તેથી જીવ જ તેનો કર્તા છે અને તે ભાવકર્મ જીવના કર્મ છે, કારણ કે તે પરિણામ જ્ઞાનસ્વરૂપ એવા આત્માને અનુસરનારાં છે, જ્ઞાનરહિત એવા પુદ્‌ગલને અનુસરનારા નથી

(કલશ ૨૦૩)

હવે આત્મા એકાન્તે અકર્તા છે અને જ્ઞાન, અજ્ઞાન, સુખ, દુ.ખ આદિ સર્વ કર્મપ્રકૃતિ વડે જ કરાય છે, એવી સાખ્યમત અનુસાર એકાન્ત માન્યતા કરનાર પ્રતિ આત્મા કથચિત્ કર્તા છે, એવી વસ્તુસ્થિતિને સ્યાદ્‌વાદયુક્ત વચનથી દર્શાવે છે તે વિષે આદ્યકલશ કહે છે.—

શાર્દૂલવિક્રીડિત

कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां
कर्तात्मैष कथंचिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता ।
तेषामुद्धतमोहमुद्रितधियां बोधस्य संशुद्धये
स्याद्वादप्रतिबंधलब्धविजया वस्तुस्थितिः स्तूयते ॥२०४॥

આત્માના કર્તાપણાનુ સર્વથા ખંડન કરનારા એવા કેટલાક મતવાદીઓએ, કર્મ જ કર્તા છે એમ તર્ક કરીને, આત્મા

કથંચિત્ કર્તા છે એવી જે અચલિત શ્રુતિ તેને કોપાયમાન કરી છે અર્થાત્ ત્રિકાલાબાધિત સત્ય એવા ભગવાનનાં વચનોનો વિરોધ કર્યો છે તે ઉદ્ધત અને મોહયુક્ત બુદ્ધિવાળા મતવાદીઓના બોધ–સમજણની સમ્યક્પ્રકારે શુદ્ધિ કરવા માટે. સ્યાદ્વાદસાથે જોડાણ હોવાથી જે વિજય પામી છે એવી વાસ્તવિક વસ્તુસ્થિતિની પ્રશંસા કરાય છે (કલશ ૨૦૮)

પ્રથમ કર્મ જ કર્તા છે એ મિથ્યા મત દર્શાવી તેનું નિરાકરણ કરે છે —

कम्मेहि दु अण्णाणी किज्जइ णाणी तहेव कम्मेहिं।
कम्मेहि सुवाविज्जइ जग्गाविज्जइ तहेव कम्मेहिं॥३३२॥

कम्मेहि सुहाविज्जइ दुक्खाविज्जइ तहेव कम्मेहिं।
कम्मेहि य मिच्छत्तं णिज्जइ णिज्जइ असंजमं चेव॥३३३॥

कम्मेहि भमाडिज्जइ उड्ढमहो चावि तिरियलोयं च।
कम्मेहि चेव किज्जइ सुहासुहं जित्तियं किंचि॥३३४॥

जम्हा कम्मं कुव्वइ कम्मं देइ हरत्ति जं किंचि।
तम्हा उ सव्वजीवा अकारया होंति आवण्णा॥३३५॥

पुरिसिच्छियाहिलासी इच्छीकम्मं च पुरिसमहिलसइ।
एसा आयरियपरंपरागया एरिसी दु सुई॥३३६॥

तम्हा ण कोवि जीवो अबंभचारी दु अम्ह उवएसे।
जम्हा कम्मं चेव हि कम्मं अहिलसइ इदि भणियं॥३३७

जम्हा घाएइ परं परेण घाइज्जए य सा पयडी।
एएणत्थेण किर भण्णइ परघायणामित्ति॥३३८।

तह्मा ण कोवि जीवो वघायओ अत्थि अह्म उवएसे।
जह्मा कम्मं चेव हि कम्मं घाएदि इदि भणियं ॥३३९॥
एवं संखुवएसं जे उ परूविंति एरिसं समणा।
तेसिं पयडी कुव्वइ अप्पा य अकारया सव्वे ॥३४०॥
अहवा मण्णसि मज्झं अप्पा अप्पाणमप्पणो कुणई।
एसो मिच्छसहावो तुह्मं एयं मुणंतस्स ॥३४१॥
अप्पा णिच्चो असंखिज्जपदेसो देसिओ उ समयह्मि।
ण वि सो सक्कइ तत्तो हीणो अहिओ य काउं जे॥३४२॥
जीवस्स जीवरूवं विच्छरदो जाण लोयमित्तं खु।
तत्तो सो किं हीणो अहिओ य कहं कुणइ दव्वं ॥३४३॥
अह जाणओ उ भावो णाणसहावेण अत्थि इत्ति मयं।
तह्मा ण वि अप्पा अप्पयं तु सयमप्पणो कुणइ ॥३४४॥

જીવને કરતું જ્ઞાની ને, અજ્ઞાની પણ કર્મ;
કર્મ સુવાડે જીવને, જગાડતું પણ કર્મ. ૩૩૨
સુખી કરે પણ કર્મ ને, દુઃખી કરે પણ કર્મ;
કર્મ કરે મિથ્યાત્વી ને, અસંયમી પણ કર્મ. ૩૩૩.
ઊર્ધ્વ અધો ઇહ લોકમાં, ભ્રમણ કરાવે કર્મ;
કાર્ય શુભાશુભ થાય જે, કરે સર્વ તે કર્મ. ૩૩૪.
જેથી કર્મ સઘળું કરે, હર્તા દાતા સોય.
તેથી ઠરતું એમ કે, જીવ અકારક હોય ૩૩૫.
પુરુષ વેદ સ્રીને ચહે, નરને ચહે સ્રીવેદ;
એ આચાર્યપરંપરા, શ્રુતિનો પણ સંકેત ૩૩૬

તેથી આમ ઉપદેશમાં, અબ્રહ્મચારી ન કોય:
કર્મ જ ઇચ્છે કર્મને શ્રુતિ પ્રતિપાદન હોય. ૩૩૭
જે પ્રકૃતિ પરને હણે, પરથી વળી હણાય:
નામકર્મની પ્રકૃતિ તે પરઘાત કહેવાય ૩૩૮
તેથી આમ ઉપદેશમાં ઘાતક જીવ ન કોય:
કર્મજ હણતું કર્મને કપિલવચન છે આમ ૩૩૯
સાંખ્યતણો ઉપદેશ એ પ્રરૂપે શ્રમણાભાસ:
તેથી અકર્તા જીવ છે પ્રકૃતિ કર્તા ભાસ ૩૪૦
'મુજ આત્મા મુજ આત્મને કરે' એમ તું માન
તે મિથ્યાસ્વભાવ તુજ મિથ્યા તુજ પરમાણ ૩૪૧
આત્મા સર્વાગમે કહ્યો નિત્ય અસંખ્ય પ્રદેશ:
કરવા હીનાધિક તે કોઈ સમર્થ ન લેશ ૩૪૨
જીવપ્રદેશ વિસ્તારથી લોક પ્રમાણ ગણાય:
હીનાધિક ના થાય તે ન જીવદ્રવ્ય કરાય ૩૪૩
જ્ઞાયકભાવ રહે કહ્યો, જ્ઞાયકભાવે સ્થિત:
તો પણ આત્મા આત્મનો કર્તા નહિ પ્રતીત ૩૪૪.

સાંખ્યમત પ્રમાણે પ્રકૃતિ કર્તા છે અને આત્મા કૂટસ્થ અપરિણામી હોવાથી અકર્તા છે. તેને અનુસરીને કેટલાક શ્રમણો પણ એમ પ્રરૂપે છે કે કર્મપ્રકૃતિઓ એકલી જ કર્તા છે. જેમકે —

જ્ઞાનાવરણ કર્મના ઉદયથી અજ્ઞાન થાય છે, જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી જ્ઞાન થાય છે તેથી કર્મવડે જ આત્મા અજ્ઞાની કે જ્ઞાની કરાય છે તેવી રીતે નિદ્રા નામના દર્શનાવરણ કર્મના ઉદયથી નિદ્રા આવે છે અને તેના

ક્ષયોપશમથી જાગૃત થવાય છે તેથી કર્મવડે જ ઉંઘાડાય છે કે જગાડાય છે ૩૩૨

વળી સાતાવેદનીના ઉદય વગર સુખની પ્રાપ્તિ નથી તેથી કર્મ જ સુખી કરે છે અને અસાતાવેદનીના ઉદયથી કર્મ જ આત્માને દુ:ખી કરે છે તેમ દર્શનમોહના ઉદયથી જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે અને ચારિત્રમોહના ઉદયથી અસંયમી કરાય છે ૩૩૩

આનુપૂર્વિ કર્મના ઉદયથી જીવ ઊંચે દેવલોકમાં, નીચે નરકમા અને તિર્છા મધ્યલોકમા લઈ જવાય છે તેથી કર્મ વડે જ જીવ ત્રણ લોકમા ભ્રમણ કરાવાય છે એ રીતે જે કંઈ શુભ કે અશુભ થાય છે તે સર્વ પણ પ્રશસ્ત અપ્રશસ્ત રાગ નામના કર્મવડે જ કરાય છે ૩૩૪

કારણ કે કર્મ જ કરે છે, કર્મ જ આપે છે અને કર્મ જ હરી લે છે તે માટે સર્વ જીવો હંમેશા અકર્તા જ છે આમ નિશ્ચય કરીને પછી તેઓ ભગવાનના વચનોને સાંખ્યમત અનુસાર એકાન્તે ઘટાવે છે કે, ૩૩૫

આચાર્ય પરંપરાથી આવેલી શ્રુતિ પણ એ જ અર્થ કહે છે ! કે પુરુષવેદ નામનુ કર્મ સ્ત્રીની ઈચ્છા કરે છે અને સ્ત્રીવેદ નામનું કર્મ પુરુષની ઈચ્છા કરે છે,–૩૩૬.

તેમા કર્મ જ કર્મની અભિલાષા કરે છે તેથી અમારા મત પ્રમાણે કોઈ જીવ અબ્રહ્મચારી થતો નથી ૩૩૭

વળી પરઘાત નામકર્મ વડે જીવ પરને હણે છે અને ઉપઘાત નામકર્મવડે પોતાને હણે છે કે દુ:ખી કરે છે,–૩૩૮

તેમાં કર્મ જ કર્મનું ઘાતક છે આત્મા કદાપિ ઘાતક થતો નથી. કારણકે તે તો સર્વદા અકર્તા છે ૩૩૯.

આ પ્રમાણે જે શ્રમણો સાંખ્યમત અનુસાર શાસ્ત્રનું પ્રરૂપણ કરે છે તેઓના મત પ્રમાણે પ્રકૃતિ એકાન્તે કર્તા છે અને સર્વ આત્માઓને એકાન્તે અકર્તાપણાની પ્રાપ્તિ થાય છે ૩૪૦

પરંતુ જિનવાણી સ્યાદ્‌વાદયુક્ત છે તેથી એકાન્ત માનનાર પર તે વાણીનો કોપ ઉતરશે એવા ભયથી તેઓ અપેક્ષા પલટીને કહે છે કે પ્રકૃતિ કર્મ કરે છે અને " આત્મા આત્માનો કર્તા છે. " તથાપ્રકારે વિવાદ કરતા સાંખ્યમતાનુયાયી શિષ્ય પ્રત્યે આચાર્ય કહે છે કે એમ માનવાનો તારો સ્વભાવ પણ મિથ્યા છે ૩૪૧

કારણકે આત્મા નિત્ય છે અને અસંખ્યાતપ્રદેશી છે તેને હીનાધિક કરવાને કોઈ સમર્થ નથી એમ શાસ્ત્રમાં કહ્યું છે અર્થાત્ આત્મા નિત્ય હોવાથી તેને બનાવવાનું પ્રયોજન નથી કારણ કે નિત્યપણું ને કરાવાપણું એ બેને વિરોધ છે ૩૪૨

વળી લોકાકાશના પ્રદેશપ્રમાણ દરેક આત્માના પ્રદેશો છે તેને વધઘટ કરવા કોઈ સમર્થ નથી તેમજ સૂકા અને ભીના ચામડાની જેમ નિયમથી જે સંકોચ વિસ્તાર થાય છે. તેને પણ આત્મા પોતે કરતો નથી એ પ્રકારે આત્મા આત્માનો કર્તા નથી ૩૪૩

અથવા એમ કહો કે આત્મા જ્ઞાયક ભાવવાળો હોવાથી પોતાના જ્ઞાનસ્વભાવને કરે છે અને કર્મ [illegible] કર્મ જ કે, તો તે પણ મિથ્યા છે કારણકે [illegible]

તે નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિને અહીં શ્વેતિકા અથવા ખડીચૂનાના દૃષ્ટાંતથી સમજાવે છે.—

जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होइ।
तह जाणओ दु ण परस्स जाणओ जाणओ सो दु॥३५६॥
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होइ
तह पासओ दु ण परस्स पासओ पासओ सो दु॥३५७॥
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होइ।
तह संजओ दु ण परस्स संजओ संजओ सो दु॥३५८॥
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होइ।
तह दंसणं दु ण परस्स दंसण दंसणं तं तु॥३५९॥
एवं तु णिच्छयणयस्स भासियं णाणदंसणचरित्ते।
सुणु ववहारणयस्स य वत्तव्वं से समासेण॥३६०॥
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं जाणइ णाया वि सयेण भावेण॥३६१॥
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं पस्सइ जीवो वि सयेण भावेण॥३६२॥
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं विजहइ णाया वि सयेण भावेण॥३६३॥
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं सद्दहइ सम्मदिट्ठी सहावेण॥३६४॥
एवं ववहारस्स दु विणिच्छओ णाणदंसणचरित्ते।
भणिओ अण्णेसु वि पज्जएसु एमेव णायव्वो॥३६५॥

ખડીનો નાશ થાય પરંતુ એમ એક દ્રવ્ય અન્ય દ્રવ્યરૂપે પરિણમતુ નથી, તેથી ખડી ભીતરૂપ થતી નથી. પરતુ સ્વસ્વામીઅંશ છે અર્થાત્ ખડી તો ખડીરૂપે જ રહે છે એમ નિશ્ચય છે

એ રીતે ખડી પોતે ખડીરૂપે જ રહેવા છતા પોતાના શ્વેતગુણના સમુદાયથી ભીતને સફેદ કરે છે એમ વ્યવહાર છે

તેવી રીતે આત્મદ્રવ્ય સ્વભાવથી જ જ્ઞાનગુણથી ભરપૂર છે તેનાથી પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જણાય છે એવો વ્યવહાર છે. પરતુ તેમા આત્મા જ્ઞેયનું શુ કરે છે? અને શુ નથી કરતો? એ બન્ને પ્રકાર વિચારાય છે —

જો આત્મા જ્ઞેયને જાણવાથી જ્ઞેયરૂપ થતો હોય તો આત્માનો નાશ થાય, પરતુ એમ એક દ્રવ્ય અન્ય દ્રવ્યરૂપે પરિણમતુ નથી, તેથી આત્મા જ્ઞેયરૂપ થતો નથી પરતુ સ્વસ્વામીઅંશ છે અર્થાત્ આત્મા આત્માનો જ સ્વામી છે એટલે આત્મા આત્મારૂપે જ રહે છે એમ નિશ્ચય છે

એ રીતે આત્મા આત્મારૂપે જ હોવા છતા પોતાના જ્ઞાનગુણના પરિણમનથી જ્ઞેયને જાણે છે એમ વ્યવહાર છે

જ્ઞાનના દષ્ટાંત પ્રમાણે દર્શન (દેખવું). સયમ (ચારિત્ર, ત્યાગ), દર્શન (શ્રદ્ધા) ઇત્યાદિ ગુણો આત્માના સ્વભાવરૂપ જ છે. પરદ્રવ્યને દેખવા, ત્યાગવા કે શ્રદ્ધવા છતાં આત્મા આત્મારૂપે જ રહે છે એમ નિશ્ચય છે

આત્મા પરદ્રવ્યને દેખે છે, ત્યાગે છે, શ્રદ્ધે છે એમ કહેવું એ વ્યવહાર છે

ભાવાર્થ:—જેમ શ્વેતતા ખડીનો સ્વભાવ છે તેમ જ્ઞાન, દર્શન, સંયમ, શ્રદ્ધા ઈત્યાદિ આત્માના અનેક સ્વાભાવિક

ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-
र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव ॥२१६॥

શુદ્ધ આત્મદ્રવ્ય સ્વરસે પરિણમે ત્યા સ્વભાવ સિવાય બીજુ શુ હોય? અથવા જો તે અન્ય દ્રવ્યરૂપ થાય તો પછી તેનો સ્વભાવ શુ રહે? ચાદનીનું રૂપ ભૂમિને ઉજાળે છે પરતુ ભૂમિ ચાંદનીની થતી નથી જ, તેમ જ્ઞાન જ્ઞેય પદાર્થોને સદા જાણે છે પરતુ જ્ઞેય પદાર્થો જ્ઞાનરૂપ થતા નથી જ જ્ઞેય જ્ઞેય રહે છે ને જ્ઞાન જ્ઞાન રહે છે (કલશ ૨૧૬)

મદાક્રાતા

रागद्वेषद्वयमुदयते तावदेतन्न यावत्
ज्ञानं ज्ञानं भवति न पुनर्बोध्यतां याति बोध्यम् ।
ज्ञानं ज्ञानं भवतु तदिदं न्यक्कृताज्ञानभावं
भावाभावौ भवति तिरयन् येन पूर्णस्वभावः ॥२१७॥

આત્મામા રાગદ્વેષ ત્યા સુધી ઉદય થાય છે કે જ્યા સુધી જ્ઞાન જ્ઞાનરૂપે અને જ્ઞેય જ્ઞેયરૂપે ભિન્ન જણાતા નથી તેથી જેણે તે અજ્ઞાનભાવ દૂર કર્યો છે એવું આ જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમો કે જેથી તે ભાવાભાવ–રાગદ્વેષ શમાઈ જઈ પૂર્ણ સ્વભાવ પ્રગટ થાય (કલશ ૨૧૭)

આત્મા અન્યદ્રવ્યરૂપે પરિણમતો નથી છતા જે પરદ્રવ્યના રાગદ્વેષ થાય છે તે શાથી થાય છે? એ હવે વિચારાય છે તેમા પ્રથમ રાગદ્વેષને છોડવા માટે વિષયાદિ નિમિત્તકારણોનો ઘાત કરવા માગતા શિષ્યને ઉપાદાન કારણની મુખ્યતા દર્શાવે છે

રાગદ્વેષ ટાળવાનો ઉપાય અજ્ઞાનભાવ દૂર કરવો એ છે તે કહે છે —

दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेयणे विसये।
तम्हा किं घादयदे चेदयिदा तेसु विसएसु ॥३६६॥

दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेयणे कम्मे।
तम्हा किं घादयदे चेदयिदा तम्हि कम्मम्मि ॥३६७॥

दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेयणे काये।
तम्हा किं घादयदे चेदयिदा तेसु कायेसु ॥३६८॥

णाणस्स दंसणस्स य भणिओ घाओ तहा चरित्तस्स।
ण वि तहिं पुग्गलदव्वस्स को वि घाओ उ णिद्दिट्ठो ॥३६९॥

जीवस्स जे गुणा केइ णत्थि खलु ते परेसु दव्वेसु।
तम्हा सम्माइट्ठिस्स णत्थि रागो उ विसएसु ॥३७०॥

रागो दोसो मोहो जीवस्सेव य अणण्णपरिणामा।
एएण कारणेण उ सद्दादिसु णत्थि रागादि ॥३७१॥

દર્શન-જ્ઞાન-ચરિત્ર તો જડ વિષય ન જણાય.
તેથી તે વિષયો તણો જીવ હન્તા ન ગણાય ૩૬૬.

દર્શન-જ્ઞાન-ચરિત્ર તો જડ કર્મ ન જણાય;
તેથી તે જડ કર્મનો જીવ હન્તા ન ગણાય ૩૬૭.

દર્શન-જ્ઞાન-ચરિત્ર તો જડ કાયે ન જણાય
તેથી તે જડ કાયનો જીવ હન્તા ન ગણાય ૩૬૮

દર્શન-જ્ઞાન-ચરિત્રનો જીવ કહે ઉપઘાત;
પણ નહિ પુદ્ગલ દ્રવ્યનો નિર્ગ્રન્થે વિખ્યાત ૩૬૯

દ્રવ્ય શુભાશુભ ના કહે 'જાણ મને તું' એમ;
જીવ પણ ગ્રહવા જાય ના, દ્રવ્ય મતિગત તેમ. ૩૮૧

મૂઢ આવું જાણ્યા છતાં, અને ન ઉપશમવંત;
શિવબુદ્ધિ પામ્યા વિના, પરગ્રહણે મતિમંત. ૩૮૨.

ઘટ વગેરે પદાર્થોને પ્રદીપ પ્રકાશે છે ત્યારે જેમ કોઈ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કહે તેમ ઘટાદિ બાહ્ય પદાર્થો "મને પ્રકાશિત કરો" એમ પ્રદીપને પ્રેરણા કરતા નથી અને પ્રદીપ પણ લોહચુંબકથી આકર્ષાયેલી સોયની જેમ પોતાનું સ્થાન છોડીને પ્રકાશવા માટે ઘટાદિની સમીપ જતો નથી પરંતુ પ્રકાશવું એ પ્રદીપનો સ્વભાવ છે તે વસ્તુસ્વભાવ હોવાથી પરથી ઉત્પન્ન થવા તથા પરને ઉત્પન્ન કરવાને અશક્ય છે તેથી ઘટાદિની હાજરીમાં કે ગેરહાજરીમાં પણ પ્રદીપ પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે એમ સ્વરૂપથી જ પ્રકાશતા તે પ્રદીપને. વસ્તુસ્વભાવથી જ વિચિત્રરૂપે પરિણમેલા સારા નરસા ઘટપટાદિ પદાર્થો લેશ પણ વિક્રિયા માટે થતા નથી

તેવી રીતે આત્મા બાહ્ય પદાર્થોને જાણે છે ત્યારે તે પદાર્થો ને તેના ગુણો શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ આદિ જેમ કોઈ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કહે તેમ "મને સાંભળ," "મને જો," "મને સૂંઘ," "મને ચાખ," "મને સ્પર્શ" એમ પોતાને જાણવાના કાર્યમાં આત્માને જોડતા નથી; અને આત્મા પણ લોહચુંબકથી આકર્ષાયેલી સોયની જેમ પોતાનું સ્થાન છોડીને જાણવા માટે તે વિષયોની સમીપ જતો નથી પરંતુ જાણવું એ આત્માનો સ્વભાવ છે. તે વસ્તુસ્વભાવ હોવાથી પરથી ઉત્પન્ન થવા તથા પરને ઉત્પન્ન

કરવાને અશક્ય છે તેથી વિષયોની હાજરીમા કે ગેરહાજરીમાં પણ આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે એમ સ્વરૂપથી જ જાણતા તે આત્માને, વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પ્રાપ્ત થતા સારા નરસા શબ્દાદિ બાહ્ય પદાર્થો લેશ પણ વિક્રિયાને માટે થતા નથી

આ પ્રમાણે આત્મા જાણવામા આવતા પદાર્થોથી સદા ઉદાસીન જ છે. એમ વસ્તુસ્થિતિ છે તેમ છતા જે રાગાદિ થાય છે, તેનુ કારણ અજ્ઞાન છે કેમકે પોતાનુ સ્વરૂપ ન જાણનાર અજ્ઞાની જીવને રાગદ્વેષ થાય છે કારણસમયસારથી યુક્ત જ્ઞાનીને રાગદ્વેષ થતા નથી

શકા:-બધઅધિકારની ગાથા ૨૭૮. ૨૭૯ મા આપે કહ્યુ હતુ કે રાગાદિમા પર એવુ દ્રવ્યકર્મ નિમિત્ત છે અને આત્મા તો સ્ફટિક સમાન શુદ્ધ છે અને અહી રાગાદિ થવામા પરદ્રવ્ય કારણ નથી પરતુ આત્માનો બુદ્ધિદોષ અથવા અજ્ઞાન કારણ છે એમ કહો છો. એ પૂર્વાપર વિરોધ છે

સમાધાન -ત્યા બધઅધિકારમા જ્ઞાની જીવની મુખ્યતા હતી, તેથી જ્ઞાની રાગાદિમા પરિણમતા નથી એમ કહ્યુ હતુ અને અહી અજ્ઞાની જીવને સબોધીને કહ્યુ છે તેથી વિરોધ નથી વ્યવહાર અને નિશ્ચય કારણસમયસારથી રહિત અજ્ઞાની જીવ પોતાની બુદ્ધિના દોષથી શબ્દાદિ વિષયોને બહાને રાગાદિરૂપે પરિણમે છે તેમા પર એવા શબ્દાદિનો દોષ નથી એમ અહીં કહેવુ છે

શાર્દૂલવિક્રીડિત

પ્રત્યાખ્યાનરૂપ થાય છે, અને વર્તમાન [illegible] આત્યંત ભિન્ન નિરાળો પોતે [illegible]

એ પ્રમાણે નિરંતર પ્રતિક્રમણ કરતો, નિરંતર પ્રત્યાખ્યાન કરતો નિરંતર આલોચના કરતો પૂર્વ કર્મના કાર્યો અને આગામી કર્મના કારણરૂપ ભાવોથી નિવર્તતો તથા વર્તમાન કર્મના ઉદયથી પોતાને અત્યંત ભિન્ન જાણતો જે આત્મા પોતાના સ્વભાવમાં જ નિરંતર પ્રવર્તે છે, તે આત્મા પોતે જ આલોચનાથી નિરંતરચારિત્રરૂપ થાય છે તથાપ્રકારે ચારિત્રરૂપ થવાથી પોતાના જ્ઞાનમાત્રસ્વભાવનો જ નિરંતર અનુભવ કરતો તે આત્મા પોતે જ જ્ઞાનચેતનાસ્વરૂપ થાય છે, એમ ભાવાર્થ છે

ઉપજાતિ

ज्ञानस्य संचेतनयैव नित्यं प्रकाशते ज्ञानमतीव शुद्धम् ।
अज्ञानसंचेतनया तु धावन् बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः ॥२२४॥

જ્ઞાનમાં સમ્યક્ પ્રકારે ઉપયોગની એકાગ્રતા કરવારૂપ જ્ઞાનચેતનાવડે જ્ઞાન અત્યંત શુદ્ધપણે સદા પ્રકાશે છે, અને કર્મ તથા કર્મફલમાં ઉપયોગની એકાગ્રતા કરવારૂપ અજ્ઞાનચેતનાવડે બંધ આગળ દોડતો જ્ઞાનની શુદ્ધિને રોકે છે

(કલશ ૨૨૪)

હવે અજ્ઞાનચેતના વિષે કહે છે —

वेदंतो कम्मफलं अप्पाणं कुणइ जो दु कम्मफलं ।
सो तं पुणो वि बंधइ वीयं दुक्खस्स अट्ठविहं ॥३८७॥

वेदंतो कम्मफलं मए कयं मुणइ जो दु कम्मफलं ।
सो तं पुणो वि बंधइ वीयं दुक्खस्स अट्ठविहं ॥३८८॥

શુદ્ધાત્માનુભૂતિથી ચ્યુત થયેલો ઇષ્ટઅનિષ્ટની ભાવનાથી ઇચ્છા પૂર્વક જે મનવચનકાયાના વ્યાપાર કરે છે તે કર્મચેતના અને ઉદય આવેલા શુભાશુભ કર્મને વેદતો અજ્ઞાની જીવ જ્ઞાન સિવાય અન્યમાં "આ હું અનુભવું છું" એમ માની પોતાને સુખીદુઃખી માને છે, ત્યારે તેને કર્મફલચેતના હોય છે.

આ કર્મચેતના અને કર્મફલચેતના એ એક જ અજ્ઞાનચેતનાના બે પ્રકાર છે તે અજ્ઞાનચેતનાવડે જીવને સંસાર દુઃખનાં બીજ એવાં આઠ કર્મ બંધાય છે તેથી મોક્ષની ઇચ્છાવાળા પુરુષે અજ્ઞાનચેતનાના નાશને માટે સર્વકર્મ સંન્યાસ (ત્યાગ)ની તથા સર્વકર્મફલસન્યાસની ભાવના નચાવીને (સારી રીતે ભાવીને) આત્મસ્વભાવભૂત એક મા ભગવતી જ્ઞાનચેતના જ સદા ધારણ કરવી જોઇએ તે અજ્ઞાનચેતનાના ત્યાગની ભાવનાને વિવિધ પ્રકારે નીચે મુજબ ભાવે છે

(૧) પ્રથમ સકલ કર્મચેતનાત્યાગની ભાવનાને ભાવે છેઃ—

આર્યા

कृतकारितानुमननैस्त्रिकालविषय मनोवचनकायैः ।
परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे ॥२२५॥

મનથી, વચનથી અને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રિવિધ ત્રિવિધરૂપ તથા ભૂતકાળ વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એ ત્રિકાલ સબંધીના સર્વ કર્મોને છોડીને હું પરમ નિષ્કર્મતારૂપ જ્ઞાનચેતનાનું અવલંબન કરું છું.

(કલશ ૨૨૫)

(૪૯) મનથી વચનથી કાયાથી હું કર્મ કરતો કરાવતો અનુમોદતો નથી

એમ વર્તમાનકાળ સંબંધી આલોચનાના ૪૯ ભેદ થાય છે તે વિચારી લેવા

આર્યા

मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य ।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥२२७॥

પૂર્વે મોહના વિલાસથી ઉત્પન્ન કરેલાં જે આ કર્મ વિકાસ પામીને વર્તમાનમા ઉદય આવે છે, તે સમસ્ત કર્મને આલોચીને, ભિન્ન વિચારીને ચૈતન્યસ્વરૂપ નિષ્કર્મ આત્મામા આત્માવડે હું નિત્ય વર્તુ છુ (કલશ ૨૨૭)

એ જ પ્રમાણે ભવિષ્ય સંબંધી પ્રત્યાખ્યાનના ૪૯ ભેદ થાય છે તે નીચે પ્રમાણે.—

(૧) મનથી હુ કર્મ કરીશ નહિ

(૨) વચનથી હું કર્મ કરીશ નહિ

(૪૯) મનથી વચનથી કાયાથી હુ કર્મ કરીશ કરાવીશ અનુમોદીશ નહિ

એમ ભવિષ્ય સંબંધી પ્રત્યાખ્યાનના ૪૯ ભેદ થાય છે તે વિચારી લેવા

આર્યા

प्रत्याख्याय भविष्यत् कर्म समस्तं निरस्तसंमोह ।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥२२८॥

એમ ભવિષ્ય સંબંધી સર્વ કર્મનુ પ્રત્યાખ્યાન કરીને મોહ રહિત થયેલો એવો હું ચૈતન્યસ્વરૂપ નિષ્કર્મ આત્મામાં આત્માવડે નિત્ય વર્તું છુ (કલશ ૨૨૮)

સ્પર્શ કાંઇ જાણે નહીં, સ્પર્શ ન તેથી જ્ઞાન;
જ્ઞાન ભિન્ન ને સ્પર્શ પણ, ભિન્ન કહે ભગવાન ૩૯૬.
કર્મ કાંઇ જાણે નહીં, કર્મ ન તેથી જ્ઞાન.
જ્ઞાન ભિન્ન ને કર્મ પણ, ભિન્ન કહે ભગવાન ૩૯૭.
ધર્મ કાંઇ જાણે નહીં, ધર્મ ન તેથી જ્ઞાન,
જ્ઞાન ભિન્ન ને ધર્મ પણ, ભિન્ન કહે ભગવાન ૩૯૮.
અધર્મ કંઈ જાણે નહીં, તેથી તે નહિ જ્ઞાન;
જ્ઞાન ભિન્ન ને ભિન્ન છે, અધર્મ કહે ભગવાન ૩૯૯
કાલ કાંઇ જાણે નહીં, કાલ ન તેથી જ્ઞાન:
જ્ઞાન ભિન્ન ને કાલ પણ, ભિન્ન કહે ભગવાન ૪૦૦
વ્યોમ કાંઇ જાણે નહીં, વ્યોમ ન તેથી જ્ઞાન:
જ્ઞાન ભિન્ન ને વ્યોમ પણ, ભિન્ન કહે ભગવાન. ૪૦૧
જાણે અધ્યવસાન ના, તેથી તે નહિ જ્ઞાન:
જ્ઞાનથી અધ્યવસાનને, ભિન્ન કહે ભગવાન ૪૦૨
જાણે છે જીવ સર્વદા, તેથી જીવ જ જ્ઞાન:
જ્ઞાયક જ્ઞાન અભિન્ન છે, જ્ઞાની તે જ પ્રમાણ. ૪૦૩.
જ્ઞાની માને જ્ઞાનને, સયમ સૂત્ર સમસ્ત:
દીક્ષા ધર્મ-અધર્મ સૌ, કે સમકિત પ્રશસ્ત ૪૦૪.

વ્યવહારથી આત્મા નવતત્ત્વથી અભિન્ન છે, પરંતુ નિશ્ચયથી તો નવે તત્ત્વથી ભિન્ન ટંકોત્કીર્ણ એક જ્ઞાયક પદાર્થ હોવાથી જ્ઞાન સંજ્ઞાથી ઓળખાય છે

તે જ્ઞાન ગદ્યપદ્યાદિ વિચિત્ર રચનાપૂર્વક રચાયેલા શાસ્ત્રથી ભિન્ન છે તેથી જ્ઞાન જુદું છે ને તે વિષયો જુદા છે તેમ જ જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યકર્મો અચેતન હોવાથી કંઈ

જાણતા નથી તેથી જ્ઞાન જુદું છે ને તે દ્રવ્યકર્મ જુદાં છે, એમ જિનેશ્વર કહે છે તે પ્રમાણે બાકીના દ્રવ્યો ધર્મ, અધર્મ, કાલ, આકાશ પણ જ્ઞાન નથી કારણ કે તે તે દ્રવ્યો કંઈ જાણતા નથી, તેથી જ્ઞાન જુદું છે અને તે અચેતન દ્રવ્યો જુદા છે એમ જિનેશ્વરો કહે છે વળી મનમાં જે વિકલ્પરૂપ અધ્યવસાન થાય છે તે પણ જ્ઞાન નથી, કારણ કે તે અધ્યવસાન અચેતન હોવાથી કંઈ જાણતા નથી. તેથી જ્ઞાન જુદું છે ને તે અધ્યવસાન જુદાં છે, એમ જિનેશ્વરો કહે છે આ પ્રમાણે જ્ઞાનનું સર્વ પરદ્રવ્યથી ભિન્નપણું નિશ્ચયથી સિદ્ધ છે એક માત્ર આત્મા જ જ્ઞાયક હોવાથી જ્ઞાન અને આત્માનું અભિન્નપણું સિદ્ધ છે આત્મા ગુણી છે ને જ્ઞાન ગુણ છે તેથી બે ભિન્ન પદાર્થો છે? એવી કોઈએ શંકા કરવી નહિ. કારણ કે આત્મા ને જ્ઞાન એ બન્ને અભિન્ન જ છે તેવી રીતે આત્માના અન્ય ગુણો પણ આત્માથી અભિન્ન હોવાથી જ્ઞાન જ સમ્યગ્દર્શન છે. જ્ઞાન જ સંયમ છે જ્ઞાન જ અંગ-પૂર્વરૂપ ભાવશ્રુત છે. જ્ઞાન જ ધર્મઅધર્મ (શુભાશુભ ભાવ) છે, જ્ઞાન જ દીક્ષા અથવા ત્યાગ છે એમ જ્ઞાનની આત્માના સર્વ ગુણ અને સ્વભાવ-વિભાવ પર્યાયો સાથે નિશ્ચયથી અભિન્નતા સિદ્ધ છે આ પ્રકારે સર્વ પરદ્રવ્યથી ભિન્નતા અને સમ્યગ્દર્શનાદિ સ્વપર્યાયોથી જ્ઞાનની અભિન્નતા જાણવાવડે અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દોષોને દૂર કરનારું અનાદિ વિભ્રમનું મૂળ જે ધર્માધર્મ (શુભાશુભભાવ) રૂપ પરસમય તેને ત્યાગીને સ્વય દીક્ષાસ્વરૂપ પામીને દર્શનજ્ઞાન-ચારિત્રમાં સ્થિતિ કરવારૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને તથા એ રીતે મોક્ષમાર્ગને આત્મામાં પરિણત કરીને સંપૂર્ણ વિજ્ઞાન-

જીવ પદાર્થ દ્રવ્ય અને પર્યાય બન્ને રૂપે હોવાથી જ્ઞાન શુદ્ધ પારિણામિક ભાવથી જોતા સદા દ્રવ્યરૂપે રહે છે અને મતિશ્રુતાદિ પાચ તેના પર્યાયો છે તેમા જ્ઞાનના ક્યા પર્યાયથી મોક્ષપ્રાપ્તિ થાય છે તે વિચારીએ એ પાચમા કેવળજ્ઞાન એ તો ફળરૂપ હોઈ છેવટે પ્રગટ થાય છે અને અવધિ મન પર્યવ એ બે પર એવા મૂર્ત પદાર્થને જાણનાર હોવાથી મોક્ષના કારણ નથી બાકી રહ્યા મતિ ને શ્રુત તે બાહ્ય પદાર્થમા પરિણમી રહ્યા હોય ત્યારે મોક્ષના કારણ નથી, પરન્તુ જ્યારે બાહ્ય પદાર્થ સંબંધી વિકલ્પોથી નિવર્તી પોતાના શુદ્ધાત્માની સન્મુખ ઉપયોગ લક્ષણવાળુ નિશ્ચય નિર્વિકલ્પ ભાવરૂપ જે માનસમતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન છે તે પાચ ઇન્દ્રિયોના વિષયોથી પર હોવાથી અતીન્દ્રિય છે, તે દ્વારા શુદ્ધ પારિણામિક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે જે ભાવના થવી તે રૂપ નિર્વિકલ્પ સ્વસંવેદન શબ્દથી ઓળખાતુ સંસારી જીવને ક્ષાયિકજ્ઞાનના અભાવના ક્ષયોપશમરૂપ જે વિશિષ્ટ ભેદજ્ઞાન છે તે મુક્તિનુ કારણ થાય છે શાથી? સમસ્ત મિથ્યાત્વ રાગાદિ વિકલ્પરૂપ કર્મની ઉપાધિથી રહિત પોતાના શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થતા પરમ આહ્લાદ લક્ષણવાળા સુખામૃતના અનુભવ સાથે [illegible] એવા પરમ સમરસ રાગદ્વેષરહિત ભાવે પરિણમવાથી [illegible] જે અનન્તસુખરૂપ મોક્ષફળ તેનુ [illegible] શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ ઉપાદાન [illegible] હોવાથી તે નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ ભેદજ્ઞાન મુક્તિનુ કારણ [illegible] ૧૩૧ મા [illegible] ભેદજ્ઞાનથી જ સિદ્ધ થયા તે [illegible] ભેદજ્ઞાનના [illegible] છે.

અનુષ્ટુપ

व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम् ।
कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य शंक्यते ॥२३७॥

પૂર્વોક્ત રીતે જ્ઞાન પરદ્રવ્યથી ભિન્ન છે એમ નક્કી થયું તો પછી તે કર્મ-નોકર્મરૂપ આહારને ગ્રહણ કરનારું કેવી રીતે થાય? અને જો આહારક નથી તો તેને દેહ હોવાની શંકા કેમ કરવી? (કલશ ૨૩૭)

જ્ઞાનને દેહધારીપણું સંભવતું નથી, તે કહે છેઃ—

अत्ता जस्सामुत्तो ण हु सो आहारओ हवइ एवं ।
आहारो खलु मुत्तो जह्मा सो पुग्गलमओ उ ॥४०५॥
ण वि सक्कइ घित्तुं जं ण विमोत्तुं जं य जं परदव्वं ।
सो को वि य तस्स गुणो पाउगिओ विस्ससो वा वि ॥४०६॥
तह्मा उ जो विसुद्धो चेया सो णेव गिण्हए किंचि ।
णेव विमुंचइ किंचि वि जीवाजीवाण दव्वाणं ॥४०७॥

જીવ અમૂર્તિક નિશ્ચયે, આહારક નહિ તેહ;
પુદ્ગલમય આહાર તો, તેથી મૂર્તિક એહ. ૪૦૫.
ગ્રહણ-ત્યાગ પરદ્રવ્યનું, કરી શકે ન લગાર;
પ્રાયોગિક કે વૈસ્રસિક, અપૂર્વ જીવગુણ ધાર ૪૦૬.
તેથી વિશુદ્ધ ચેતના, ગ્રહે ન કદી કિંચિત;
ત્યાગે પણ નહિ કાંઈ તે, વસ્તુ સચિત અચિત ૪૦૭.

આત્મા અમૂર્ત છે અને કર્મનોકર્મરૂપ આહાર પુદ્ગલમય મૂર્ત છે તેથી નિશ્ચયથી આત્મા પ્રાયોગિક (કર્મજન્ય) કે વૈસ્રસિક (સ્વભાવજન્ય) ગુણથી પુદ્ગલ આહારને ગ્રહણ

કરી શકતો નથી જીવ કર્મજનિત–પ્રાયોગિક ગુણથી આહારક છે એમ કહેવું એ વ્યવહારથી છે. પરંતુ અહીં તો નિશ્ચય-નયનું કથન છે તેથી વાસ્તવિક રીતે આત્મા સચિત્ત અચિત્ત પાંચ પ્રકારના આહાર (કર્મ–નોકર્મ–લેપ્ય–ઓજસ–માનસ)ને જરા પણ ગ્રહણ કરતો નથી કે છોડતો નથી, તેમ નોકર્મ આહારમય એવું આ શરીર તે જીવસ્વરૂપ થતું નથી તેથી શુદ્ધ જ્ઞાનને દેહ નથી

અનુષ્ટુપ

एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते ।
ततो देहमयं ज्ञातुर्न लिंगं मोक्षकारणम् ॥२३८॥

આ પ્રકારે શુદ્ધનયથી જ્ઞાનને આહારમય એવો દેહ જ હોતો નથી તેથી દેહમય એવું જે દ્રવ્યલિંગ અથવા વેષ તે આત્માને મોક્ષનું કારણ નથી (કલશ ૨૩૮)

पासंडीलिंगाणि व गिहिलिंगाणि व बहुप्पयाराणि ।
घित्तुं वदंति मूढा लिंगमिणं मोक्खमग्गो त्ति ॥४०८॥
ण दु होदि मोक्खमग्गो लिंगं जं देहणिम्ममा अरिहा ।
लिंगं मुइत्तु दंसणणाणचरित्ताणि सेवंति ॥४०९॥

મુનિ કે ગૃહસ્થ લિંગને, ધારી વિવિધ પ્રકાર,
મૂઢ કહે કે લિંગ આ મોક્ષમાર્ગનું દ્વાર. ૪૦૮
નહીં લિંગ તો મોક્ષ પથ, તન–નિર્મમ અરિહંત
લિંગ તજી તેથી ભજે [illegible]

મોહથી કોઈ એક દ્રવ્યલિંગનો જ સ્વીકાર કરે છે. તે પણ યોગ્ય નથી કારણ કે સર્વે અર્હંત ભગવંતો શુદ્ધ જ્ઞાનમય દશા પ્રાપ્ત થતાં લિંગના આધારરૂપ શરીરની મમતાને સર્વથા ત્યાગે છે તેથી તેઓ દેહને આશ્રયે રહેલા વેષના ત્યાગવડે દર્શનજ્ઞાનચારિત્રને મોક્ષમાર્ગ તરીકે ઉપાસતા જોવામા આવે છે

રાગાદિ વિકલ્પની ઉપાધિથી રહિત પરમ સમાધિરૂપ જે ભાવલિંગ અથવા મોક્ષમાર્ગ છે તેને ન જાણનારા મૂઢ પુરુષો અનેક પ્રકારના પાખંડી (ત્યાગી, સાધુ, મુનિ)ના વેષ તથા ગૃહસ્થવેષ અનેક પ્રકારે હોય છે તેમાંથી કોઈ એકને ગ્રહણ કરીને–માનીને–એમ કહે છે કે આ દ્રવ્યવેષ જ મોક્ષનું કારણ છે પરંતુ દ્રવ્યલિંગ વાસ્તવિક મોક્ષનું કારણ નથી, કારણ કે અર્હંત ભગવાન સર્વે લિંગ અને દેહમાં પણ મનવચનકાયાથી મમત્વને ત્યાગીને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભાવલિંગને મોક્ષમાર્ગમા સેવે છે અર્થાત્ ભગવાનના વસ્ત્રત્યાગનો આશય વિવિધ બાહ્યવેષોનો આગ્રહ મુકાવવાનો પણ છે

એ દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે એમ સિદ્ધ કરે છે

ण वि एस मोक्खमग्गो पासंडीगिहिमयाणि लिंगाणि ।
दंसणणाणचरित्ताणि मोक्खमग्गं जिणा विंति ॥४१०॥

મુનિગૃહી લિંગ ન મોક્ષ પથ, ભાખે જિન નિર્ગ્રંથ
દર્શનજ્ઞાનચરિત્ર જે, તે જ મોક્ષનો પથ; ૪૧૦.

દ્રવ્યલિંગ છે તે શરીરને આધારે હોવાથી પરદ્રવ્ય છે તેથી ખરેખર તે મોક્ષમાર્ગ નથી પરંતુ દર્શનજ્ઞાનચારિત્રરૂપ આત્માના ભાવ આત્માને આધારે હોવાથી સ્વદ્રવ્ય છે તેથી ખરેખર તે જ મોક્ષમાર્ગ છે

पासंडी लिंगेसु व गिहिलिंगेसु व बहुप्पयारेसु ।
कुव्वंति जे ममत्तं तेहिं ण णादं समयसारं ॥४१३॥

મુનિ કે ગૃહસ્થ લિંગના વિકલ્પ વિધવિધ જાત,
તેમાં મમતા ધારતો, સમયસાર-અજ્ઞાત ૪૧૩.

જેઓ માત્ર પરંપરાથી ચાલી આવતી વ્યવહારની રૂઢિ અનુસાર ગ્રહણ કરાતા મુનિ કે ગૃહસ્થના ચિહ્નરૂપ વેષને આધારે, હું મુનિ અથવા હું દ્રવ્યલિંગી મુનિનો ઉપાસક શ્રાવક છું, એમ દ્રવ્યલિંગની મમતાથી મિથ્યા અહંકાર કરે છે, અને સહજ શુદ્ધ પરમાત્માના અનુભવરૂપ ભાવલિંગથી રહિત છે, તેઓ નિશ્ચયનયને ન જાણતા પરમાર્થરૂપ ભગવાન સમયસારને જોતા નથી.

વિયોગિની

व्यवहारविमूढदृष्टयः परमार्थं कलयंति नो जनाः ।
तुषबोधविमुग्धबुद्धयः कलयंतीह तुषं न तंडुलम् ॥२४२॥

જેમ કોઈ છોડાના રાગી હોય તેઓ માત્ર છોડા ખાંડે તેથી તેમને ચોખા મળે નહિ, તેવી રીતે જેઓ માત્ર બાહ્યવેષ, ક્રિયા આદિ વ્યવહારમાં રાગદૃષ્ટિવાળા છે, તેઓ પરમાર્થરૂપ આત્મસ્વરૂપને અનુભવતા નથી (કલશ ૨૪૨)

સ્વાગતા

द्रव्यलिंगममकारमीलितैर्दृश्यते समयसार एव न ।
द्रव्यलिंगमिह यत्किलान्यतो ज्ञानमेकमिदमेव हि स्वतः ॥२४३॥

જે આ દ્રવ્યલિંગ છે તે અન્ય એવા દેહને આધારે છે અને જે આ એક જ્ઞાન છે તે પોતાથી જ છે તે દ્રવ્ય

લિંગની મમતાથી જેની દૃષ્ટિ મીંચાઈ ગઈ છે અર્થાત્ જેઓ એકલા દ્રવ્યલિંગને જ જોઈ શકે છે, તેઓ સમયસારને જોઈ શકતા નથી. અર્થાત્ શુદ્ધાત્માને પ્રગટ કરનાર કારણસમય-સાર પ્રત્યે તેઓનું લક્ષ હોતું નથી (કલશ ૨૪૩)

નિશ્ચયથી દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી તે કહે છે—

ववहारिओ पुण णओ दोण्णि वि लिंगाणि भणइ मोक्खपहे।
णिच्छयणओ ण इच्छइ मोक्खपहे सव्वलिंगाणि ॥४१४॥

બંને લિંગ મોક્ષપથ ભાખે નય વ્યવહાર;
નિશ્ચયથી શિવપંથમાં, કોઈ ન લિંગ પ્રકાર. ૪૧૪.

જે ખરેખર શ્રમણ અને શ્રમણોપાસક અથવા મુનિ અને ગૃહસ્થ એવા ભેદથી બે પ્રકારના દ્રવ્યલિંગ મોક્ષમાર્ગરૂપ છે, એમ પ્રરૂપણ કરાય છે તે માત્ર વ્યવહારથી છે પરમાર્થ નથી કારણ કે તે દ્રવ્યલિંગને સ્વયં અશુદ્ધ દ્રવ્યનું અનુભવાત્મકપણું હોવાથી તેના પરમાર્થપણાનો અભાવ છે. અને મુનિ-ગૃહીના વિકલ્પોથી પર દર્શનજ્ઞાનચારિત્ર-માત્ર શુદ્ધ આત્માનો જ પરના સંગ રહિત અનુભવ કરવો તે પરમાર્થ છે. કારણ કે તે ભાવલિંગને શુદ્ધ દ્રવ્યનું અનુભવાત્મકપણું હોવાથી, તેમાં પરમાર્થપણાનો સદ્ભાવ છે તેથી જેઓ વ્યવહારને જ પરમાર્થ માનીને અનુભવ કરે છે તેઓ સમયસારને વાસ્તવિક અનુભવતા જ નથી પરંતુ જેઓ પરમાર્થને પરમાર્થ માનીને અનુભવ કરે છે તેઓ જ સમયસારને વાસ્તવિક અનુભવે છે.

આ ઉપરથી આચાર્યે દ્રવ્યલિંગનો નિષેધ કર્યો છે એમ માનવાનું નથી. માત્ર ભાવલિંગ વિનાનું જે દ્રવ્યલિંગ છે તે નિષ્ફળ હોવાથી તેનો નિષેધ કર્યો છે જે મુનિઓ તથા શ્રાવકો મુનિવેષ, વ્રત, નિયમ આદિ બાહ્યક્રિયારૂપ વ્યવહારને જ પોતાનું ધ્યેય માનતા હતા તેઓને આત્માના શુદ્ધભાવરૂપ નિશ્ચયમોક્ષમાર્ગનો ઉપદેશ કરવા આચાર્યે આ સમયસાર ગ્રંથ રચ્યો છે ભાવલિંગથી જ મોક્ષ છે એમ કહ્યું તેથી દ્રવ્યલિંગનો નિષેધ નથી કર્યો, પરંતુ મોક્ષમાર્ગમાં નિશ્ચયની મુખ્યતા બતાવી છે

વ્યવહાર છે તે નિશ્ચયનું બહિરંગ સહકારી કારણ છે જેમ શાલિતંદુલનું અંદરનું પડ ઊખડે તો ઉપરનું છોડું તો ઊખડેલું હોય જ, તેમ મોક્ષમાર્ગ સાધ્ય થાય તેને બાહ્યત્યાગ સહેજે હોય એવો નિયમ છે. પરંતુ બાહ્યત્યાગ હોય તેને શુદ્ધાત્માનો લક્ષ હોય કે ન પણ હોય મુનિગૃહીના લિંગરૂપ વેષ અને વ્રતના ભેદો દેશકાળ પ્રમાણે ફરે પણ છે, પરંતુ નિશ્ચયમોક્ષમાર્ગ તો ત્રણે કાળમા અભેદ એકરૂપ જ રહે છે વળી અનુભવ વખતે દેહ અને દેહાશ્રિત વેષ આદિનું મમત્વ સર્વથા ત્યાગવું પડે છે, તે થવા આ ૭ ગાથામાં ફરી ફરી ઉપદેશ કર્યો છે

પ્રશ્ન:—કેવલજ્ઞાન થતા પહેલા આત્મા તો આવરણ સહિત છે. તો પછી તેને શુદ્ધભાવ કેવી રીતે થાય?

ઉત્તર:—આવરણ સહિત છદ્મસ્થ જ્ઞાન અમુક અપેક્ષાએ અશુદ્ધ છે અને અમુક અપેક્ષાએ શુદ્ધ પણ છે જો કે કેવલજ્ઞાનની અપેક્ષાએ છદ્મસ્થજ્ઞાન આવરણ સહિત હોવાથી અશુદ્ધ છે તો પણ સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુ-

શુદ્ધિ થતી જાય છે કેવલજ્ઞાન થયા પછી શુદ્ધ પારિણામિક ભાવ હોય છે ધ્યાન છે તે આત્માના પર્યાયરૂપ છે, તેથી સમયે સમયે પલટાય છે પારિણામિકભાવમાં પલટાવાપણું નથી પારિણામિકભાવ એ પર્યાયરૂપ નથી પરંતુ મૂળ દ્રવ્ય-રૂપ છે ધ્યાન એ પર્યાય છે, તે ક્ષયોપશમભાવ છે અશુદ્ધ અવસ્થામાં શુદ્ધ પારિણામિકભાવ કેવલજ્ઞાનની જેમ શક્તિરૂપે છે, વ્યક્તિરૂપે નથી. શુદ્ધાત્માના અનુભવમાં અંશે શુદ્ધ પારિણામિકભાવ પ્રગટે છે, પરંતુ તે ધ્યેયરૂપ છે ધ્યાનરૂપ નથી તેથી મોક્ષનું કારણ નથી આથી એમ સિદ્ધ થયું કે ઉપયોગને શુદ્ધાત્મામા સ્થિર કરવારૂપ જે ભાવશ્રુતજ્ઞાન અથવા ક્ષયોપશમભાવ છે તે જ મોક્ષનું કારણ છે તે ભાવશ્રુત અથવા સત્‌શ્રુત થવામાં દર્શનમોહ અને ચારિત્રમોહનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય એ હેતુ છે તેથી પંચાસ્તિકાય ગાથા ૫૬ની ટીકામાં કહ્યું છે કે—


मोक्षं कुर्वंति मिश्रौपशमिकक्षायिकाभिधा ।
बंधमौदयिको भावो, निष्क्रिय पारिणामिक· ॥

ભાવાર્થ·—ક્ષયોપશમ, ઉપશમ, અને ક્ષાયિક એ ત્રણ નામવાળા ભાવો મોક્ષના કારણ છે, મોહના ઉદય સહિત ઔદયિકભાવ બંધનુ કારણ છે અને શુદ્ધપારિણામિકભાવ નિષ્ક્રિય હોવાથી બંધમોક્ષનું કારણ નથી

માલિની

अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेक ।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति ॥२४४॥

પરિશિષ્ટ



અનુષ્ટુપ

अत्र स्याद्वादशुद्‌ध्यर्थं वस्तुतत्त्वव्यवस्थिति ।
उपायोपेयभावश्च मनाक् भूयोऽपि चिंत्यते ॥२४७॥


અહિં સ્યાદ્‌વાદની શુદ્ધિ અર્થે વસ્તુતત્ત્વની વ્યવસ્થા તથા ઉપાયઉપેયભાવ જરા ફરીથી વિચારાય છે (કલશ ૨૪૭)

[૧] સ્યાદ્વાદ જ ખરેખર સમસ્ત વસ્તુતત્ત્વને સાધનાર એકમાત્ર અસ્ખલિત શાસન સર્વજ્ઞ અર્હંત ભગવતનુ છે સર્વ વસ્તુનો અનેક ધર્માત્મક સ્વભાવ છે તેથી તે સ્યાદ્‌વાદ 'સર્વ અનેકાંતાત્મક છે" એમ ઉપદેશે છે

તેમા જે તત તે જ અતત્, જે એક તે જ અનેક, જે સત તે જ અસત્, જે નિત્ય તે જ અનિત્ય-એમ એક વસ્તુમા, વસ્તુનું પ્રતિપાદન કરનાર બે પરસ્પર વિરુદ્ધ શક્તિના પ્રકાશવુ તે અનેકાત છે

તેથી ખરેખર આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણું છતા તેમાં પ્રકાશતા જ્ઞાનસ્વરૂપે તત્પણું છે, ઉન્મેષણાને પામતા બહાર વર્તતા અનંત જ્ઞેય રૂપે અતત્પણું છે, સાથે અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય અંશોના સમુદાયરૂપ અવિભાગ દ્રવ્યવડે એકપણું છે, અવિભાગ એક દ્રવ્યમાં વ્યાપેલ સાથે અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય અંશરૂપ પર્યાયોવડે અનેકપણું છે [illegible] પોતાની શક્તિના [illegible] [illegible] શક્તિના

પરિશિષ્ટ



અનુષ્ટુપ

अत्र स्याद्वादशुद्ध्यर्थं वस्तुतत्त्वव्यवस्थिति ।
उपायोपेयभावश्च मनाक् भूयोऽपि चिंत्यते ॥२४७॥

અહિં સ્યાદ્વાદની શુદ્ધિ અર્થે વસ્તુતત્ત્વની વ્યવસ્થા તથા ઉપાયઉપેયભાવ જરા ફરીથી વિચારાય છે. (કલશ ૨૪૭)

[૧] સ્યાદ્વાદ જ ખરેખર સમસ્ત વસ્તુતત્ત્વને સાધનાર એકમાત્ર અસ્ખલિત શાસન સર્વજ્ઞ અર્હંત ભગવંતનુ છે સર્વ વસ્તુનો અનેક ધર્માત્મક સ્વભાવ છે તેથી તે સ્યાદ્વાદ "સર્વ અનેકાંતાત્મક છે" એમ ઉપદેશે છે.

તેમાં જે તત્ તે જ અતત્, જે એક તે જ અનેક, જે સત્ તે જ અસત્, જે નિત્ય તે જ અનિત્ય-એમ એક વસ્તુમાં, વસ્તુનું પ્રતિપાદન કરનાર બે પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવુ તે અનેકાત છે

તેથી ખરેખર આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણુ છતા તેમાં પ્રકાશતા જ્ઞાનસ્વરૂપે તત્પણું છે, જ્ઞેયપણાને પામેલા બહાર વર્તતા અનંતભિન્ન પર રૂપે અતત્પણુ છે, સાથે અને ક્રમે પ્રવર્તતા અનત ચૈતન્ય અશના સમુદાયરૂપ અવિભાગ દ્રવ્યવડે એકત્વપણુ છે, અવિભાગ એક દ્રવ્યમા વ્યાપ્ત સાથે અને ક્રમે પ્રવર્તતા અનત ચૈતન્ય અંશરૂપ પર્યાયોવડે અનેકપણું છે સ્વદ્રવ્યક્ષેત્રકાલભાવે રહેવાની શક્તિના સ્વભાવપણે સત્પણુ છે, પરદ્રવ્યક્ષેત્રકાલભાવે ન હોવાની શક્તિના

૩. જ્યારે અનેક જ્ઞેયાકારોવડે ખડિત સકલ એક જ્ઞાનાકાર નાશ પમાડાતો હોય છે, ત્યારે દ્રવ્યથી એકત્વને પ્રકાશીને અનેકાંત જ તેને જીવિત કરે છે

૪. પણ જ્યારે એક જ્ઞાનાકારને ગ્રહણ કરવા માટે અનેક જ્ઞેયાકારના ત્યાગવડે આત્માને નાશ પમાડે છે, ત્યારે પર્યાયોવડે અનેકપણું પ્રકાશતો અનેકાંત જ તેને નાશ પામવા દેતો નથી

૫ જ્યારે જાણવામાં આવતા પરદ્રવ્યના પરિણમનથી જ્ઞાતાદ્રવ્યને પરદ્રવ્યપણે પ્રતિપાદન કરીને જ્ઞાન નાશ પમાડાતું હોય છે, ત્યારે સ્વદ્રવ્યથી સત્પણુ પ્રકાશતો અનેકાંત જ તેને જીવિત કરે છે

૬ પણ જ્યારે સર્વ દ્રવ્યો હુ જ છુ એમ પરદ્રવ્યને જ્ઞાતાદ્રવ્યપણે પ્રતિપાદન કરીને આત્માને નાશ પમાડે છે, ત્યારે પરદ્રવ્યવડે અસત્પણુ પ્રકાશતો અનેકાત જ તેને નાશ પામવા દેતો નથી

૭ જ્યારે પરક્ષેત્રે રહેલા જ્ઞેયપદાર્થના પરિણમનથી પરક્ષેત્રવડે જ્ઞાનનું હોવાપણું પ્રતિપાદન કરીને જ્ઞાન નાશ પમાડાતું હોય છે, ત્યારે સ્વક્ષેત્રવડે જ્ઞાનનુ હોવાપણુ પ્રકાશતો અનેકાત જ તેને જિવાડે છે

૮ પણ જ્યારે સ્વક્ષેત્રમા રહેવા માટે પર ક્ષેત્રે રહેલા જ્ઞેયાકારોના ત્યાગવડે જ્ઞાનને તુચ્છ કરતો આત્માને નાશ પમાડે છે, ત્યારે સ્વક્ષેત્રમા રહીને જ જ્ઞાનનો પરક્ષેત્રે રહેલા જ્ઞેયાકારે પરિણમવાનો સ્વભાવ હોવાથી પરક્ષેત્રમાં નાસ્તિપણુ પ્રકાશતો અનેકાત જ તેને નાશ પામવા દેતો નથી

૯. જ્યારે પૂર્વે અવલંબન કરાયેલા પદાર્થના વિનાશકાળે જ્ઞાનનું અસતપણું પ્રતિપાદન કરીને જ્ઞાન નાશ પમાડાતું હોય છે, ત્યારે સ્વકાળવડે સતપણું પ્રકાશતો અનેકાન્ત જ તેને જિવાડે છે

૧૦ પણ જ્યારે પદાર્થના અવલંબન કાળમાં જ જ્ઞાનનું હોવાપણું પ્રતિપાદન કરીને આત્માને નાશ પમાડે છે, ત્યારે પરના કાળથી અસતપણું પ્રકાશતો અનેકાન્ત જ તેને નાશ પામવા દેતો નથી

૧૧ જ્યારે જાણવામાં આવતા પરભાવના પરિણમનથી જ્ઞાયકભાવને પરભાવપણે પ્રતિપાદન કરીને જ્ઞાન નાશ પમાડાતું હોય છે ત્યારે સ્વભાવવડે સતપણું પ્રકાશતો અનેકાન્ત જ તેને જિવાડે છે

૧૨ પણ જ્યારે સર્વે ભાવો [illegible] પરભાવને જ્ઞાયકભાવપણે પ્રતિપાદન કરીને આત્માને નાશ પમાડે છે ત્યારે પરભાવવડે અસતપણું પ્રકાશતો અનેકાન્ત જ તેને નાશ પામવા દેતો નથી

ઉપરના ૧૪ નયોના સ્પષ્ટાર્થપૂર્વક ૧૪ કલશરૂપ કાવ્ય હવે કહે છે:—

(૧) સ્યાત્ તત્-આત્મા પોતાના સ્વરૂપે છે

જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞેય એવા બાહ્યપદાર્થોને જાણવામા પ્રવર્તે છે તે ઉપરથી જ્ઞેયમા આસક્ત થયેલા કોઇ એકાંતવાદી અજ્ઞાની એમ કહે છે કે જ્ઞેયવડે જ જ્ઞાન થાય છે અર્થાત્ આ દેહ અને વિષયોથી જુદો આત્મા છે જ નહી

તેને જ્ઞાની સ્યાદ્‌વાદ પૂર્વક કહે છે કે વિશ્વમાં પદાર્થો પોતાના સ્વરૂપે જ રહે છે; અન્યરૂપે થતા નથી તેથી જ્ઞેયથી જુદો માત્ર જ્ઞાતારૂપ છે તે આત્મા છે

શાર્દૂલવિક્રીડિત

बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्-
विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति ।
यत्तत्तत्तदिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-
र्दूरोन्मग्नघनस्वभावभरतः पूर्णं समुन्मज्जति ॥२४८॥

બાહ્ય પદાર્થોમા તન્મય થવાથી પોતાના વ્યક્તિત્વને છોડીને ખાલી થતુ, ચારે બાજુ પરપદાર્થના સ્વરૂપમા જ વિશ્રાંતિ કરતુ પશુતુલ્ય અજ્ઞાની એકાન્તવાદીનુ જ્ઞાન ક્લેશ પામે છે. અર્થાત્ તે પોતે પોતાને ભૂલે છે, પરંતુ આ લોકમા જે વસ્તુ છે તે દ્રવ્યથી પોતાના સ્વરૂપે જ રહે છે એમ જાણનાર સ્યાદ્વાદીનું જ્ઞાન તો દૂરથી પરદ્રવ્ય જેમા જ્ઞેયરૂપે મગ્ન થયા છે એવા પોતાના જ્ઞાનઘન સ્વભાવની ભરપૂરતાથી પૂર્ણપણે ઉદય થાય છે (કલશ ૨૪૮)

(૨) સ્યાત્ અતત્ આત્મા અન્યસ્વરૂપે નથી આત્મામાં વિશ્વના પદાર્થો જ્ઞેયપણે જણાય છે તેથી જ્ઞાન અને જ્ઞેયની એકતા કરીને કોઈ (નૈયાયિક આદિ) એવો મત પ્રતિપાદન કરે છે કે સમસ્ત વિશ્વ આત્મારૂપ છે અથવા આત્મા એક છે અને તે સર્વવ્યાપી છે એમ એકાન્તે માનવાથી તેને પોતાના આત્માના ભિન્નસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી

તેઓને આત્માનું વાસ્તવિક સ્વરૂપ બતાવવા [illegible] કહે છે કે તમે કહો છો એ રીતે આત્મા નથી [illegible] આત્મા પોતાથી ભિન્ન એવા વિશ્વના કોઈ [illegible] સમસ્ત વિશ્વરૂપે છે નહિ [illegible] આત્મા અતત્ પણ છે

છે કે જ્ઞાનનો સ્વભાવ અનેક જ્ઞેયોને પ્રતિબિંબિત કરવાનો છે તે દૂર કરી શકાય નહીં. તેથી જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞેયની અપેક્ષાએ અનેક પણ છે

શાર્દૂલવિક્રીડિત

ज्ञेयाकारकलङ्कमेचकचिति प्रक्षालनं कल्पय-
न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति ।
वैचित्र्येऽप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतः क्षालितं
पर्यायैस्तदनेकतां परिमृशन् पश्यत्यनेकान्तवित् ॥[illegible]॥

જ્ઞેયને જાણવાથી અનેકરૂપ [illegible] આત્માના [illegible] કારની અનેકતારૂપ કલંક લાગે છે તેને '[illegible]' [illegible] કલ્પના કરતા અને એ રીતે આત્માને [illegible] ઇચ્છતા કોઈ અજ્ઞાની પણ પ્રગટ એવા જ્ઞાનને [illegible] અને અનેકાંતને જાણનારા જ્ઞાની તો [illegible] વિચિત્ર [illegible] પોતે વિચિત્ર છતાં નથી એવું [illegible] જ્ઞાન [illegible] પોતે અનેકતા [illegible] એમ વિચારતા [illegible] જ્ઞાનાત્માને જાણે છે [illegible]

(૫) દ્રવ્યથી સ્યાત્ અસ્તિ [illegible] અપેક્ષાએ વિદ્યમાન છે

શાર્દૂલવિક્રીડિત

प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः
स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति ।
स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता
स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति ॥२५२॥

ઇન્દ્રિયોથી પ્રત્યક્ષ જણાતા પ્રગટ સ્થૂલપણે સ્થિર રહેલા પુદ્ગલાદિ પરદ્રવ્યોની અસ્તિતાથી ભ્રાંતિમાં પડેલો અને તે પ્રમાણે પોતાના આત્માને ન જોઈ શકવાથી, આત્માને સર્વથા શૂન્ય માનતો અજ્ઞાની નાશ પામે છે. અને સ્યાદ્વાદી જ્ઞાની તો નિપુણપણે પોતાના આત્મદ્રવ્યને અસ્તિપણે વિચારીને તત્કાળ પ્રગટ થતા વિશુદ્ધ બોધ (આત્મજ્ઞાન)રૂપ તેજ વડે પૂર્ણ થતો જીવે છે (કલશ ૨૫૨)

(૬) **દ્રવ્યથી સ્યાત્ નાસ્તિ**– આત્મા પરદ્રવ્યની અપેક્ષાએ નથી અર્થાત્ પરરૂપે અવિદ્યમાન છે

જ્ઞાનમાં જણાતા વિશ્વવ્યાપી પરદ્રવ્યોને પોતાનું સ્વરૂપ માનતા કોઈ બ્રહ્મ-અદ્વૈતવાદી આત્માનું વાસ્તવિક સ્વરૂપ ન જાણીને સર્વ પરદ્રવ્યમાં પોતાનું સ્વરૂપ માને છે તથા કોઈ આત્માને પંચભૂતથી બનેલા દેહરૂપ હોવાનું કહે છે, તેઓ આવી મિથ્યા માન્યતાથી આત્માનો નાશ કરે છે અર્થાત્ આત્મતત્ત્વને પામી શકતા નથી, પરંતુ પરદ્રવ્યમાં આસક્ત થઈને આત્મ-સર્વનાશ કરે છે તેમને સ્યાદ્વાદી જ્ઞાની કહે છે કે આત્મા કોઈ પરદ્રવ્યરૂપે છે નહિ, અર્થાત્ પરદ્રવ્યની અપેક્ષાએ તે નાસ્તિરૂપ છે

સ્પર્શાદિ ગુણ વિનાના આત્મપ્રદેશોવાળી અમૂર્તત્વશક્તિ.

૨૧ માત્ર જ્ઞાતૃત્વ પરિણામ સિવાયના સર્વ કર્મવડે કરાતા પરિણામોથી વિરમેલી અકર્તૃત્વશક્તિ

૨૨ માત્ર જ્ઞાતૃત્વપરિણામ સિવાયના સર્વ કર્મવડે કરાતા પરિણામના અનુભવથી વિરમેલી અભોકતૃત્વશક્તિ

૨૩ સંપૂર્ણ કર્મના અટકી જવાથી પ્રવર્તતી આત્મપ્રદેશોની નિશ્ચલતારૂપ નિષ્ક્રિયત્વશક્તિ

૨૪ સંસારમાં અનાદિકાલથી સંકોચવિસ્તારથી યુક્ત અને છેવટના શરીરથી કંઈક ન્યૂન આકારે રહેલી તથા લોકાકાશ જેટલા પ્રદેશરૂપ લક્ષણવાળી નિયતપ્રદેશત્વશક્તિ

૨૫ ભિન્ન ભિન્ન સર્વ શરીરોમાં અનુક્રમે રહેવા છતાં માત્ર આત્મદ્રવ્યરૂપે જ વ્યાપનારી એવી સ્વધર્મ વ્યાપકત્વશક્તિ.

૨૬ પોતાના ને પરના સમાન ધર્મ, અસમાન ધર્મ અને સમાનઅસમાન ધર્મ એવા ત્રણ પ્રકારના ભાવને ધારણ કરનારી સાધારણ–અસાધારણ–સાધારણાસાધારણ ધર્મત્વશક્તિ.

૨૭ ભિન્ન ભિન્ન અનંત ધર્મોથી યુકત એક ભાવવાળી અનંતધર્મત્વશકિત

૨૮ તત અતત્ એવા પરસ્પર વિરોધ લક્ષણવાળી વિરુદ્ધધર્મત્વશક્તિ

૨૯ પોતાના સ્વરૂપે થવારૂપ તત્ત્વશક્તિ

૩૦ પરના સ્વરૂપે ન થવારૂપ અતત્ત્વશકિત

૩૧ અનેક પર્યાયોમાં વ્યાપવા છતા એક દ્રવ્યપણે રહેલી એકત્વશક્તિ

૩૨ એક દ્રવ્ય છતાં વ્યાપ્ય એવા અનેક પર્યાયના આકારે થવારૂપ અનેકત્વશક્તિ

૩૩ ભૂતકાળમાં જે પર્યાયો થઈ ગયા તેની અવસ્થારૂપ ભાવશક્તિ

૩૪ જે પર્યાયો નથી થયા તેની શૂન્યતારૂપ અભાવશક્તિ.

૩૫ વર્તમાન સમયે જે પર્યાય છે તેનો નાશ થવારૂપ ભાવાભાવશક્તિ

૩૬ વર્તમાનમાં નથી એવા નવા પર્યાયના [illegible] થવારૂપે અભાવભાવશક્તિ

૩૭ વર્તમાન પર્યાયના હોવારૂપે ભાવભાવશક્તિ

૩૮ જે પર્યાય નથી તેના ન હોવારૂપ અભાવાભાવશક્તિ

૩૯ કર્તા કર્મ આદિ કારકની ક્રિયાથી [illegible] હોવારૂપ તે ભાવશક્તિ

ક્ષણે જેને સંસારમાં અનાદિકાળથી તે ભૂમિકાની પ્રાપ્તિ નથી થઈ એવા મુમુક્ષુઓને પણ તે અપૂર્વ જ્ઞાનભૂમિકાની પ્રાપ્તિ થાય છે પછી તે જ્ઞાનમાત્રભાવમાં નિત્ય અડોલ રહેતા તેઓ પોતે જ ક્રમે ને અક્રમે પ્રવર્તતા અનંત ધર્મોની મૂર્તિસમા, સાધકભાવથી ઉત્પન્ન થયેલી પરમ ઉત્કૃષ્ટતાની કોટી–હદરૂપ સિદ્ધિભાવના ભાજન થાય છે પરંતુ જેની અંદર અનંત ધર્મો રહેલા છે એવા જ્ઞાનમાત્ર એકભાવરૂપ ભૂમિકાને જેઓ પ્રાપ્ત થતા નથી તેઓ નિત્ય અજ્ઞાની રહેતા તે જ્ઞાનમાત્ર ભાવનું સ્વસ્વરૂપે ન થવું અને પરરૂપે થવું એવા વિપરીત પરિણામને જોતા જાણતા અનુભવતા અને એ રીતે મિથ્યાદૃષ્ટિ મિથ્યાજ્ઞાની અને મિથ્યાચારિત્રી થતા ઉપાય ઉપેયથી અત્યંત ભ્રષ્ટ થયેલા જન્મમરણ કરવારૂપે સંસારમાં પરિભ્રમણ કરે છે

વસંતતિલકા

ये ज्ञानमात्रनिजभावमयीमकंपा
भूमिं श्रयंति कथमप्यपनीतमोहा ।
ते साधकत्वमधिगम्य भवंति सिद्धा
मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमंति ॥२६६॥

જેઓ કોઈ પણ ઉપાયે મોહને દૂર કરીને જ્ઞાનમાત્ર પોતાના સ્વભાવવાળી અકંપ ભૂમિકાનો આશ્રય લે છે, તેઓ સાધકદશાને આરાધીને પછી સિદ્ધ થાય છે પરંતુ મોહી જીવો તે ભૂમિકાને ન પામીને પરિભ્રમણ કરે છે (કલશ ૨૬૬)

વસંતતિલકા

स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां
यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः ।

આ કલશમા ध्वस्तमोह વિશેષણ સમસ્ત અધકાર દૂર કરવાનું વ્યક્ત કરે છે, विमलपूर्ण વિશેષણો લાછન રહિતપણું અને સદાસ પૂર્ણપણુ બતાવે છે, निसपत्नस्वभाव વિશેષણ રાહુબિબથી કે વાદળથી આચ્છાદિત ન હોવાનુ જણાવે છે, અને समंतात् ज्वलतु વિશેષણ સર્વક્ષેત્રે અને સર્વકાળે પ્રકાશ કરવાનુ સૂચવે છે. એ ગુણો ચદ્રમામા સપૂર્ણ નથી તેથી તે તે વિશેષણોવડે ચદ્ર સાથે સરખામણી કરવામાં વ્યતિરેક અલંકાર વાપરીને આત્માની આશ્ચર્યકારી એવી સપૂર્ણ શુદ્ધતા વર્ણવી છે વળી આ કલશમા વ્યાખ્યાકાર આચાર્ય શ્રી અમૃતચદ્રાચાર્યે પોતાના નામની સૂચના પણ કરી છે

અનુષ્ટુપ

मुक्तामुक्तैकरूपो य कर्मभिः संविदादित ।
अक्षय परमात्मान ज्ञानमूर्ति नमाम्यहं ॥२७७॥

જે ઉપેયરૂપે કર્મથી મુક્ત અને ઉપાયરૂપે કર્મથી અમુક્ત એવા શુદ્ધાત્મ દ્રવ્યનો એકરૂપે લક્ષ કરાવાયો છે તે અક્ષય પરમાત્મા જ્ઞાનમૂર્તિને હુ નમસ્કાર કરુ છુ (કલશ ૨૭૭)

અહી પરિશિષ્ટ સમાપ્ત થાય છે હવે ભાષાટીકાની સમાપ્તિ કરતાં બાકીના બે કલશ કહે છે:—

શાર્દૂલવિક્રીડિત

यस्माद् द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं
रागद्वेषपरिग्रहे सति यतो जात क्रियाकारकै ।
भुंजाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियाया फल
तद्विज्ञानघनौघमग्नमधुना किंचिन्न किंचित्किल ॥२७८॥

પૂર્વે બદ્ધ એવા કર્મના ઉદય સાથે વ્યાપીને [illegible] પરિણતિ થવાથી દ્વૈત હતું તેથી [illegible] અંતર પડતું હતું તે વખતે રાગદ્વેષ સહિત થતી ક્રિયાઓને [illegible] જે પરિણમન થયું તેને ભોગવનારો [illegible] હતો તે સર્વ ભેદયુક્ત ક્રિયાનું [illegible] વિજ્ઞાનઘનના સમૂહ એવા આત્મામાં [illegible] કંઈ [illegible] નથી [illegible]

આ કલશોના [illegible] ત્યાં જે પોતાની પરિણતિની [illegible] હતી તેની સિદ્ધિ [illegible]

હવે શ્રી [illegible] પોતાની [illegible] ટીકાની સમાપ્તિ [illegible]

આ કલશમાં ध्वस्तमोह વિશેષણ સમસ્ત અંધકાર દૂર કરવાનું વ્યક્ત કરે છે. विमलपूर्ण વિશેષણ લાંછન રહિતપણું અને સદાસ પૂર્ણપણું બતાવે છે, निःसपत्नस्वभाव વિશેષણ રાહુબિંબથી કે વાદળથી આચ્છાદિત ન હોવાનું જણાવે છે, અને समंतात् ज्वलतु વિશેષણ સર્વક્ષેત્રે અને સર્વકાળે પ્રકાશ કરવાનું સૂચવે છે એ ગુણો ચંદ્રમામાં સંપૂર્ણ નથી તેથી તે તે વિશેષણોવડે ચંદ્ર સાથે સરખામણી કરવામાં વ્યતિરેક અલંકાર વાપરીને આત્માની આશ્ચર્યકારી એવી સંપૂર્ણ શુદ્ધતા વર્ણવી છે. વળી આ કલશમાં વ્યાખ્યાકાર આચાર્ય શ્રી અમૃતચંદ્રાચાર્યે પોતાના નામની સૂચના પણ કરી છે

અનુષ્ટુપ

मुक्तामुक्तैकरूपो यः कर्मभिः संविदादितः ।
अक्षयं परमात्मानं ज्ञानमूर्ति नमाम्यहं ॥२७७॥

જે ઉપેયરૂપે કર્મથી મુક્ત અને ઉપાયરૂપે કર્મથી અમુક્ત એવા શુદ્ધાત્મ દ્રવ્યનો એકરૂપે લક્ષ કરાવાયો છે તે અક્ષય પરમાત્મા જ્ઞાનમૂર્તિને હું નમસ્કાર કરું છું (કલશ ૨૭૭)

અહીં પરિશિષ્ટ સમાપ્ત થાય છે. હવે ભાષાટીકાની સમાપ્તિ કરતાં બાકીના બે કલશ કહે છે:—

શાર્દૂલવિક્રીડિત

यस्माद् द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं
रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः ।
भुंजाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियाया फलं
तद्विज्ञानघनौघमग्नमधुना किंचिन्न किंचित्किल ॥२७८॥

અથરૂપી પર્વત) પોતાની બુદ્ધિ રૂપી શીર્ષથી ઉદ્ધરીને ભવ્ય લોકોને ભેટ આપ્યો તે પદ્મનંદિ ઋષિ (શ્રી કુંદકુંદાચાર્ય) જયવંત વર્તો ૧

जं से लीणा जीवा तरंति संसारसायरमणंतं ।
तं सव्वजीवसरणं णंदउ जिणसासणं सुइरं ॥२॥

જેમાં લીન થયેલા જીવો અનંત સંસારસાગરને તરી જાય છે અને જે સર્વ જીવોને શરણરૂપ છે એવું જિન-શાસન ઘણા કાળસુધી વૃદ્ધિ પામો ૨.

શાર્દૂલવિક્રીડિત

यश्चाभ्यस्यति संश्रृणोति पठति प्रख्यापयत्यादरात्
तात्पर्याख्यमिदं स्वरूपरसिकै निर्वर्णितं प्राभृतं ।
शश्वद्रूपमलं विचित्रसकलं ज्ञानात्मकं केवलं
संप्राप्याग्रपदेऽपि मुक्तिललनारक्तः सदा वर्तते ॥३॥

સ્વરૂપરસિક એવા વિદ્વાનોવડે વખણાયેલું આ પ્રાભૃત અથવા "તાત્પર્ય" નામની ટીકા જે કોઈ અભ્યાસે છે, સાંભળે છે, વાંચે છે અને આદરપૂર્વક તેનું વ્યાખ્યાન કરે છે, તે શાશ્વતરૂપ, અત્યંત આશ્ચર્યકારી સકલજ્ઞાનસ્વરૂપ એવું કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને અગ્રપદ(મોક્ષ)માં પણ મુક્તિરૂપી રમણીમાં સદા રક્ત રહે છે ૩

શ્રી સમયસાર ગૂર્જરાનુવાદ સમાપ્ત.

શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ । ૐ શાંતિ શાંતિ શાંતિ



૪૬. અનુભવાતા ભાવના આધારરૂપ અધિકરણશક્તિ

૪૭ પોતાના જ ભાવના સ્વામિ-ત્વવાળી સંબંધશક્તિ.

વસંતતિલકા

इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि
यो ज्ञानमात्रमयतां न जहाति भावः ।
एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं
तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु ॥२६४॥

ઇત્યાદિ અનેક પોતાની શક્તિઓથી સારી રીતે ભરપૂર છતા જે ભાવ જ્ઞાનમાત્રપણાને છોડતા નથી અને ઉપર પ્રમાણે ક્રમે ને અક્રમે પ્રવર્તતા પર્યાય અને ગુણરૂપ પરિણામોથી જે ચિત્રવિચિત્ર છે તે દ્રવ્યપર્યાયમય ચૈતન્ય આ લોકમા એક વસ્તુરૂપે અસ્તિત્વ ધરાવે છે (કલશ ૨૬૪)

વસંતતિલકા

नैकान्तसंगतदृशा स्वयमेव वस्तु–
तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः ।
स्याद्वादशुद्धिमधिकामधिगम्य सन्तो
ज्ञानी भवंति जिननीतिमलङ्घयन्त ॥२६५॥

આ પ્રમાણે વસ્તુતત્ત્વની વ્યવસ્થા સ્વય અનેકાતથી યુક્ત છે, એવી દૃષ્ટિથી યથાર્થ જોનારા સત્પુરુષો સ્યાદ્વાદની શુદ્ધિને અધિકપણે જાણીને જ્ઞાની થાય છે. અને જિનની નીતિને ઉલ્લઘન કરતા નથી અર્થાત્ તેઓ જિનેશ્વ-પદેશને અનુસરીને મોક્ષને સાધે છે (કલશ ૨૬૫)